ICE®
MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

સંપાદક : મૌલિક ગોંધિયા

VOLUME 3 | 15 to 31 MAY - 2020



PAGE 19

# નાણાકીય વર્ષ 2019-20માં ભારતમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI)




PAGE 32

## 'પાઈ' આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ

PAGE 35



## ડિફેન્સ ટેસ્ટીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર યોજના

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

Contact us at : 9375701110/9328001110

## સંપાદકની કલમે

વર્તમાન પ્રવાહો એ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પ્રવાહો પરીક્ષા માટે અગત્યતા ધરાવે છે પરંતુ તેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે પ્રશ્નો કોઈપણ ઘટના આધારીત પૂછવામાં આવતા હોય છે. વર્તમાન પ્રવાહોની આ અનિશ્ચિતતા દૂર કરી, વિદ્યાર્થીઓને એક જ સ્ત્રોતમાંથી તૈયારી કરવાની મહેનત થાય અને સમયમાં પણ બચાવ થાય તે આધારે જ **'ICE Miracle'** નામનું આ મેગેઝિન તૈયાર કરવામાં આવ્યું છે. જે દર **15** દિવસે પ્રકાશિત કરવામાં આવશે.

વર્ષ **2017**થી લેવામાં આવતી **GPSC**ની બધી જ પરીક્ષાઓના વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યા બાદ **GPSC** દ્વારા આવરી લેવામાં આવતા તમામ પાસાઓને આ મેગેઝિન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. **GPSC** દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું વિશ્લેષણ કરવાની જરૂરીયાત રહેતી હોય છે અને વિશ્લેષણનું કૌશલ્ય ત્યારે જ કેળવી શકાય જ્યારે આ ઘટનાઓને વિવિધ દષ્ટિકોણથી જોવામાં આવે અને ખાસ કરીને આવી માહિતી ગુજરાતીમાં ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં સરળતા રહેતી હોય છે. આથી આવો બહુ–દષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ આ મેગેઝિન દ્વારા **ICE**ના માધ્યમથી કરવામાં આવેલો છે. અમને ચોક્કસ એવી આશા છે કે આ મેગેઝિન તમારી મહેનતને સરળ અને સચોટ બનાવશે અને આવો જ પ્રયાસ કરવા **ICE** કટિબદ્ધ છે.

# INDEX


## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1

- શેકાતકર સમિતિની ભલામણો લાગુ..................1
- જમ્મુ-કાશ્મીર નિવાસસ્થાન પ્રમાણપત્રો..............1
- નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી......................2
- ઝૂમ એપના પ્રતિબંધ માટે સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી..........................................3
- OCI કાર્ડધારકોને ભારતમાં આવવાની છૂટ.........4
- ભારતીય હરિફાઈ આયોગ................................5
- પ્રવાસી મજૂરો માટે નેશનલ ડેટાબેઝ અને કાયદો..5
- પરિસીમન આયોગ...........................................6

## 2. અર્થતંત્ર...........................7

- રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના..................7
- સોહરાઈ ખોવર ચિત્રકલા અને તેલિયા રૂમાલને GI ટેગ.......................................................7
- શિક્ષણ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા નવી પહેલો....8
- મધ્યમ ઉદ્યોગોના રોકાણ અને ટર્નઓવરની વ્યાખ્યામાં ફરીથી સુધારો................................9
- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના......................10
- સુક્ષ્મ ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગો (Micro Food Processing Enterprises).................................11
- સામાન્ય નાણાકીય નિયમોમાં સુધારો.............12
- અર્થવ્યવસ્થાને મજબૂત કરવા RBI દ્વારા લેવામાં આવેલા પગલાંઓની ઘોષણા...........................13
- ઓડિશામાં કરાર આધારિત કૃષિ (Contract Farming) માટે વટહુકમ...................................14
- કોઈર જિઓ ટેક્સટાઈલ્સ...............................15
- GST પર આપદા ઉપકર..................................15
- મીઠી ક્રાંતિ અને આત્મનિર્ભર ભારત...............16
- સરકારી ઋણ પર સ્થિતિ પત્ર.........................16
- ESIC સામાજિક સુરક્ષા યોજનાના નામાંકનમાં વધારો.....................................................16
- ભારત અને એશિયન ડેવલપમેન્ટ બેંક વચ્ચે કરાર......................................................17
- નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદ..........17
- ઈન્સ્ટન્ટ આધાર આધારિત e-kyc.....................18
- ગ્લોબલ ડિપોઝિટરી રિસિપ્ટ્સ (Global Depositary Receipts-GDR)..............................................18
- નાણાકીય વર્ષ 2019-20માં ભારતમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI)...................................19
- નાણાકીય વર્ષ 2019-20ના અંતિમ ત્રિમાસિકનો GDP વૃદ્ધિદર...................................................20
- 7.75% બચત બોન્ડ, 2018 યોજના.................20

## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.....21

- પંચેન લામાને છોડવાની માંગ..........................21
- COVID-19 અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર..........21
- વિશ્વ સ્વાસ્થ્ય સભા.......................................22
- ટ્રાવેલ બબલ.................................................22
- અફઘાનિસ્તાન સત્તા વહેંચણી સોદો..............22
- નેપાલના નવા નકશામાં કાલાપાનીનો સમાવેશ..23
- અંતર્દેશીય જલ પરિવહન અને વ્યાપાર પર પ્રોટોકોલ....................................................23
- ઓપન સ્કાય સંધિ........................................24
- NAM સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠક......................24
- ન્યૂ ડેવલપમેન્ટ બેંકના બોર્ડ ઓફ ગવર્નરની બેઠક.........................................................25
- યુરોપિયન સંઘ અને COVID-19 રિકવરી ફંડ....26
- અમેરિકા કૃત્રિમ બુદ્ધિમત્તા પર G7ની ભાગીદારીમાં શામેલ.........................................................26
- હોંગકોંગ સુરક્ષા કાયદો...................................26

## 4. વિજ્ઞાન અને ટેક્નોલોજી....28

- COVID-19 સદાય ચાલતો રહે તેવો રોગ.......28
- હલકુ કાર્બન ફોમ.........................................28
- ઈનજેક્ટેબલ સિલ્ક ફાઈબ્રોઈન આધારિત હાઈડ્રોજેલ...................................................29
- ચેલેન્જ COVID-19 કમ્પિટિશન-C3 (Challenge

COVID-19 Compitition-(3).............................29
- મોડર્ના અને COVID-19 રસી.........................29
- અગપ્પે ચિત્રા મૈગ્ના.............................................30
- હાઈડ્રોક્સીક્લોરોક્વિન (HCQ)ના ઉપયોગ પર એડવાઈઝરીમાં સુધારો..............................................30
- ટ્રોજન હોર્સ.........................................................30
- Rht14 અને Rht18નું મેપિંગ................................31
- સ્વાઈન ફ્લૂ અને હિપેટાઈટિસ-બી માટે રસીકરણ.........................................................31
- ડાર્ક વેબ અને માહિતી લીક................................32
- લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ : તેજસ..........................32
- "પાઈ" આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્ચ્યુઅલ અસિસ્ટન્ટ.........................................................32
- WHO દ્વારા HCQના પરીક્ષણ પર રોક............33
- અંતરિક્ષ સ્ટાર્ટઅપ કંપની વેસ્ટાસ્પેશ ટેક્નોલોજી..........................................................34
- સુપર રેયર ગેલેક્સી R5519...............................34
- રાષ્ટ્રીય AI પોર્ટલ અને "રિસ્પોન્સિબલ AI ફોર યુથ" કાર્યક્રમ..................................................34


## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.........35


- ડિફેન્સ ટેસ્ટીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના..............35
- ગોલ (Goal) કાર્યક્રમ........................................35
- ટૂર ઓફ ડ્યૂટી...................................................36
- ભારતીય વાયુ સેના દ્વારા ત્રણ મુખ્ય પરિયોજનાઓ સ્થગિત..............................................................36
- "નેશનલ ટેસ્ટ અભ્યાસ" એપ.........................37
- પ્રધાનમંત્રી વયવંદના યોજનાનો સમયગાળો લંબાવવામાં આવ્યો.........................................37
- વિશ્વ સ્ટીલ રિપોર્ટ..............................................38
- રાષ્ટ્રીય કેરિયર સેવા યોજના..............................39
- વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ રિપોર્ટ.............................39


## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ...........................40


- દામોદર ઘાટી કમાન ક્ષેત્ર...................................40
- દિબાંગ બહુહેતુક પરિયોજના..............................41
- ચક્રવાત વાવાઝોડું "અમ્ફાન"...........................41
- હિંદુ-કુશ હિમાલય ક્ષેત્ર.......................................42
- સુપર અર્થ...........................................................43
- કચરા મુક્ત શહેરોની સ્ટાર રેટિંગ....................43
- સૌર ન્યૂનત્તમ (Solar Minimum)......................44
- કોણાર્ક સૂર્ય મંદિર અને સોલરાઈઝેશન...........44
- તાડ વૃક્ષ (Plam tree).........................................45
- આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ..................46
- જૈવ વિવિધતાના સંરક્ષણ માટે 5 પહેલો...........46
- ગંગા અને યમુનાના પાણીની ગુણવત્તામાં સુધાર પર રિપોર્ટ...............................................................46
- ભારત હવામાન વિજ્ઞાન વિભાગની 7 સેવાનો ઉમંગ એપ્લિકેશન પર પ્રારંભ............................47
- BS-6ની L7 શ્રેણીના ઉત્સર્જક માપદંડો.............48
- વન સન વન વર્લ્ડ - વન ગ્રિડ પહેલ.................48


## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ.......50


- સંસ્કૃતિ પર્વ પત્રિકા...........................................50
- "ઉત્તરાખંડ એક સ્વર્ગ" વેબિનાર.....................50
- ચારધામ પરિયોજના...........................................50
- માય સન ટેમ્પલ.................................................51
- ખીર ભવાની મેળો...............................................51


## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો..................................52


- વૈશ્વિક પોષણ અહેવાલ અને ફૂડ સિસ્ટમ..........52
- સચેત...................................................................52
- આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ-2020....................53
- આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ.........................53
- રાષ્ટ્રીય ડેંગ્યૂ દિવસ...........................................53
- વિશ્વ દૂરસંચાર અને સૂચના સોસાયટી દિવસ.....54
- રાષ્ટ્રીય પ્રવાસી સૂચના પ્રણાલી.........................54
- COVID-19 માટે રાષ્ટ્રપતિ દ્વારા વેતનનું દાન.....54
- આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ...............................54
- મિશન ગગનયાન અંતર્ગત સ્થાનીય સ્ટાર્ટ અપ તકનિકોનો ઉપયોગ...........................................54
- બુંડેસલીગા........................................................55
- ખરીફ અને પ્રિ-મોનસૂન સંચાલન માટે રૂ. 20,500



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

કરોડની રકમ........................................................55
- ચરણ પાદુકા પહેલ................................................55
- ડ્રોઈંગ્સ ફ્રોમ ચિલ્ડ્રન ઈન ટાઈમ્સ ઓફ ક્રાઈસિસ.55
- વિશ્વ હાયપરટેન્શન દિવસ.......................................56
- ઈઝરાયલમાં નવી સરકાર........................................56
- વિશ્વ મધમાખી દિવસ.............................................56
- ભારત દ્વારા સંયુકત રાષ્ટ્ર રાહત અને નિર્માણ.....56
- ભારતીય રેલ્વે દ્વારા પ્રથમ 12000 HP ઈલેક્ટ્રિક લોકોમોટિવનું સંચાલન.........................................57
- WHO કાર્યકારી બોર્ડ...........................................57
- બેન્કિંગ ટ્રોજન સરબેરસ.......................................57
- હોપ ઓન : માય એડવેન્ચર ઓન બોટ્સ, ટ્રેન્સ એન્ડ પ્લેન્સ...................................................57
- વેક્સિન એકશન પ્રોગ્રામ.......................................58
- આયુષ્માન ભારતના લાભાર્થીઓની સંખ્યા 1 કરોડથી વધુ...................................................58
- આંતરરાષ્ટ્રીય ચા દિવસ.......................................58
- નોર્થ ઈસ્ટ COVID-19 મોડેલ..................................59
- મેક ઈન ઈન્ડિયા અને રક્ષા વસ્તુઓ.......................59
- ખાદી માસ્કની માંગમાં વધારો................................59
- રક્ષા MSME માટે ઈ-કોન્કલેવ.................................60
- ભારત બીજા નંબરનો PPE કીટ ઉત્પાદક દેશ...60
- KHUDOL પહેલ....................................................60
- પદમ-દારચા માર્ગ.................................................61
- વસ્ત્ર સમિતિ PPE કીટનું પરીક્ષણ તથા પ્રમાણિતનું કાર્ય કરશે
- વસ્તુ અને સેવા કર (Goods and Services Tax-GST)...................................................................61
- લોકલથી ગ્લોબલ થીમ સાથે હુનર હાટ..........62
- જાન્હવી ફૂકન ફિક્કી મહિલા સંગઠનના અધ્યક્ષ..........................................................................62
- મિઝોરમ દ્વારા રમતને ઉધોગનો દરજ્જો..........62
- દુનિયાની પ્રથમ 3D ન્યૂઝ ઍંકર.........................63
- ભારતીય અર્થશાસ્ત્રી આભાસ ઝા...................63
- વિશ્વ થાઈરોઈડ દિવસ.........................................63
- HCQના સ્થાન પર HIV વિરોધી અને કાંગડા ચા ના ઉપયોગના સૂચનો...........................................63
- એન્ટાર્કટિક ઈંપલ્સિવ ટ્રાન્સિએન્ટ એન્ટેના.........64
- માનવ ચેલેન્જ ટ્રાયલ.............................................64
- માનવરહિત હેલિકોપ્ટર AR500C........................64
- સંયુકત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ 2019...............................................................65
- ભારતીય મૂળના વૈજ્ઞાનિકને "ઈન્વેન્ટર ઓફ યર" પુરસ્કાર......................................................65
- જે. કે. રોલિંગ દ્વારા "ધ ઈકાબોગ"ની ઘોષણા ..........................................................................65
- રશિયા દ્વારા પ્રથમ સ્ટેલ્થ બોમ્બર વિમાનનું નિર્માણ....................................................................65
- ખેલો ઈન્ડિયા એથલિટ્સ......................................66
- વિશ્વ ભૂખ દિવસ (World Hyunger Day)..........1
- રાજ્ય સ્વાસ્થ્ય રજિસ્ટર.......................................66
- આંતરરાષ્ટ્રીય સંયુકત રાષ્ટ્ર શાંતિ સૈનિક દિવસ (International Day of UN Peacekeepers)..........66
- હર્બલ રોડ્સ પ્રોજેક્ટ...........................................67
- CIPETનું નામ બદલવામાં આવ્યું.........................67
- "અગ્નિપ્રસ્થ" મિસાઈલ પાર્ક.............................67
- રોજગાર સેતુ યોજના...........................................67
- વિશ્વ તમાકૂ નિષેધ દિવસ...................................68
- ધનવંતરી રથ......................................................68
- ઓપરેશન સનરાઈઝ............................................68
- "Catchup" કોલિંગ એપ........................................68
- પાંચ ભારતીય શાંતિ રક્ષકોને મરણોપરાંત 'ડૈગ હેમરસ્કોલ્ડ પદક"................................................69
- ઓપરેશન વોર્પ સ્પીડ............................................69
- મોંટીનેગ્રો...........................................................69
- ફોર્બ્સ 2020 સૌથી વધુ કમાણી કરનારા ખેલાડીઓ......................................................................69


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## શેકાતકર સમિતિની ભલામણો લાગુ

- તાજેતરમાં સરકાર દ્વારા શેકાતકર સમિતિની મહત્ત્વની ભલામણોને લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### શેકાતકર સમિતિની લાગુ કરવામાં આવેલી ભલામણો :

- સડક નિર્માણના કાર્યમાં ઝડપ રાખવી.
- સીમા સડક સંગઠનની નિર્માણ ક્ષમતા કરતા વધારાના સડક માર્ગના નિર્માણના કાર્યને આઉટસોર્સ કરાવવા.
- રૂ. 100 કરોડથી વધુના સડક નિર્માણના કાર્યને "એન્જિનિયરીંગ પ્રોકયોરમેન્ટ કન્સ્ટ્રકશન" (EPC) માધ્યમથી અમલી બનાવવા.
- સડક સીમા સંગઠનની ખરીદી માટેની સત્તાને રૂ. 7.5 કરોડથી વધારી રૂ. 100 કરોડ કરવી.
- ભૂમિ અધિગ્રહણ ને વન અને પર્યાવરણીય મંજૂરી જેવી તમામ કાયદાકીય મંજૂરીઓને પણ વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટની મંજૂરીનો ભાગ બનાવવો.
- EPC માધ્યમ અંતર્ગત કાર્ય ત્યારે જ આપવું જ્યારે 90% કાયદાકીય મંજૂરીઓ મેળવી લેવામાં આવી હોય.

### Back to basics : શેકાતકર સમિતિ અને તેમની અન્ય ભલામણો :

- શેકાતકર સમિતિનું ગઠન પૂર્વ રક્ષા મંત્રી શ્રી મનોહર પારિકર દ્વારા કરવામાં આવ્યું હતું.
- તાજેતરમાં આ સમિતિની ભલામણ પર રક્ષા મંત્રી દ્વારા લશ્કરી ઈજનેરી સેવામાં 9,304 પદોને સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- સમિતિનું ગઠન લેફ્ટનન્ટ ડી. બી. શેકાતકર (નિવૃત્ત)ની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

### શેકાતકર સમિતિ અને તેમની ભલામણો :

- સદસ્યોની આ સમિતિનું ગઠન પૂર્વ રક્ષા મંત્રી મનોહર પારિકર દ્વારા વર્ષ 2016માં કરવામાં આવ્યું હતું.
- જો કે સમિતિના અહેવાલને જાહેર કરવામાં આવેલ નથી કારણ કે તેના અંતર્ગત લશ્કર સંબંધિત વિવિધ પાસાંઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેને જાહેર કરવું એ રાષ્ટ્રના હિતમાં નથી.
- આ સમિતિનું ગઠન મુખ્ય રૂપથી યુદ્ધ ક્ષમતાને વધારવા અને સશસ્ત્ર બળોના ખર્ચને સંતુલિત કરવાના ઉપાયો આપવા માટે કરવામાં આવ્યું હતું.
- સમિતિની મુખ્ય ભલામણો નીચે મુજબ છે :

(1) ભવિષ્યના જોખમો અને પડકારોને ધ્યાનમાં રાખતા ભારતનું રક્ષા બજેટ GDPના 2.5-3% હોવું જોઈએ.

(2) લશ્કરી ઈજનેરી સેવાના આંશિક કાર્યો વિભાગીય કર્મચારીઓ દ્વારા અને અન્ય કાર્યો આઉટસોર્સ કરાવવા જોઈએ.

(3) મધ્ય–સ્તરના અધિકારીઓના પ્રશિક્ષણ માટે "સંયુક્ત સેવા યુદ્ધ કોલેજ"ની સ્થાપના થવી જોઈએ.

(4) શાંત સ્થળોમાં સૈન્ય ફાર્મ અને સેનાની પોસ્ટ ઓફિસોને બંધ કરવી જોઈએ.

(5) રાષ્ટ્રીય કેડેટ કોર (NCC)ની કાર્યક્ષમતામાં સુધાર કરવો જોઈએ.

(6) પૂણેમાં આવેલ "મિલિટ્રી ઈન્ટેલિજન્સ સ્કૂલ"ને ત્રિ–સેવા ઈન્ટેલિજન્સ ટ્રેનિંગ એસ્ટાબ્લિશમેન્ટમાં બદલવું જોઈએ.

### Back to basics : લશ્કરી ઈજનેરી સેવા વિશે :

- લશ્કરી ઈજનેરી સેવા ભારતની સૌથી જૂની અને મોટી સરકારી માળખાના વિકાસની એજન્સી છે. તેનું વાર્ષિક બજેટ લગભગ રૂ. 13000 કરોડ છે.
- આ સેવા ભારતીય સેના, વાયુસેના, નૌ સેના, DRDO તથા તટરક્ષક બળ સહિત ભારતીય સશસ્ત્ર બળો માટે ઈજનેરી અને નિર્માણ કાર્યમાં કાર્યરત છે.

## જમ્મુ-કાશ્મીર નિવાસસ્થાન પ્રમાણપત્રો

- તાજેતરમાં જમ્મુ–કાશ્મીર વહીવટીતંત્ર દ્વારા જમ્મુ–કાશ્મીર નિવાસસ્થાન પ્રમાણપત્રોના સંદર્ભે નોટિફિકેશન જાહેર કરવામાં આવી હતી.
- નોટિફિકેશન અંતર્ગત નિવાસસ્થાન પ્રમાણપત્ર (Domicile Certificate) સંદર્ભે નિયમો દર્શાવવામાં આવ્યા છે.
- આ નિયમો એ "જમ્મુ–કાશ્મીર ગ્રાન્ટ ઓફ ડોમિસાઈલ સર્ટિફિકેટ (પ્રોસીઝર) રુલ્સ, 2020 તરીકે ઓળખાશે.
- આ નોટિફિકેશન એ "જમ્મુ–કાશ્મીર સનદી સેવા (વિકેન્દ્રીકરણ અને ભરતી) અધિનિયમ, 2010"માં સુધારો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ પહેલા બંધારણની અનુચ્છેદ 370 અને 35A અંતર્ગત જમ્મુ–કાશ્મીરને વિશેષ લાભો મળતા હતા. પરંતુ વિશેષ દરજ્જો પાછો લીધા બાદ તે એક કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે.

### નિવાસસ્થાનની વ્યાખ્યા :

- કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ–કાશ્મીર અંતર્ગત નિવાસસ્થાન માટેની વ્યાખ્યા નક્કી કરવામાં આવી હતી.
- નિવાસસ્થાન (Domicile)ની વ્યાખ્યા અનુસાર એવા લોકોનો સમાવેશ કરવામાં આવશે જેઓ જમ્મુ–કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશમાં 15 વર્ષથી રહેતા હોય અથવા 7 વર્ષથી અભ્યાસ કરતાં હોય અને જમ્મુ–કાશ્મીરમાં શૈક્ષણિક સંસ્થાનમાં ધોરણ 10 અને 12ની પરીક્ષામાં દાખલ થયા હોય.

### જમ્મુ-કાશ્મીર ગ્રાન્ટ ઓફ ડોમિસાઈલ સર્ટિફિકેટ (પ્રોસીઝર) રુલ્સ, 2020ની મુખ્ય જોગવાઈઓ :

- હાલના નિયમો અનુસાર જમ્મુ–કાશ્મીરના સ્થાનિક ન હોય તેઓ પણ આ પ્રમાણપત્ર માટે આવેદન કરી શકશે.
- પ્રમાણપત્ર આપવા માટેની સમય મર્યાદા 15 દિવસ નક્કી કરવામાં આવી છે.
- જમ્મુ–કાશ્મીર કેન્દ્ર–શાસિત પ્રદેશમાં કોઈપણ પદ પરની નિમણૂક માટે નિવાસસ્થાન પ્રમાણપત્રોને મૂળ પાત્રતાની શરત બનાવવામાં આવેલ છે.
- જો 15 દિવસની અંતર્ગત પ્રમાણપત્ર જાહેર કરવામાં ન આવે તો આવેદનકર્તા અપીલ ઓથોરિટી સમક્ષ જઈ શકે છે.
- જો અપીલ ઓથોરિટી પ્રમાણપત્ર જાહેર કરવાનો નિર્ણય આપે તો તેનું પાલન અધિકારીએ કરવું જરૂરી છે. જો અધિકારી નિર્ણયનું પાલન ન કરે તો તેમને રૂ. 50,000નો દંડ થશે અને આ દંડ તેમના વેતનમાંથી કાંપવામાં આવશે.
- જેમની પાસે કાયમી નિવાસસ્થાન પ્રમાણપત્ર છે અને તેમના બાળકો જમ્મુ–કાશ્મીરની બહાર રહે છે તેઓ પણ આ નિયમો અંતર્ગત આવેદન કરી શકશે.
- કાશ્મીરી શરણાર્થીઓ જમ્મુ–કાશ્મીરમાં કે તેની બહાર રહેતા હોય તેઓ પોતાનું કાયમી નિવસસ્થાન પ્રમાણપત્ર, રેશન કાર્ડ, ચુંટણી કાર્ડ અથવા અન્ય કાયદેસર દસ્તાવેજના આધારે નિવાસસ્થાન પ્રમાણપત્ર માટે આવેદન કરી શકે છે.
- નિવાસસ્થાન પ્રમાણપત્ર માટે આવેદન ઓફલાઈન અથવા ઓનલાઈન બંને માધ્યમોથી થઈ શકે છે.
- નિવાસસ્થાન પ્રમાણપત્રો આપતા અધિકારી પણ ઓનલાઈન પ્રમાણપત્ર જાહેર કરી શકે છે.
- બોનાફાઈડ સ્થળાંતર કરનારા લોકો 1988ની મતદારયાદી, દેશના કોઈપણ રાજ્યમાં સ્થળાંતર તરીકે નોંધણીના પુરાવા અથવા અન્ય માન્ય દસ્તાવેજ આપીને રાહત અને પુનર્વસન વિભાગમાં અરજી કરી શકે છે.

## નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી

- તાજેતરમાં નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી (NALSA) દ્વારા લોકડાઉન દરમિયાન છૂટા કરાયેલ અંડરટ્રાયલ કેદીઓ સંદર્ભે રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.

### NALSA દ્વારા રજૂ કરાયેલ રિપોર્ટની મુખ્ય બાબતો :

- COVID-19 મહામારીના કારણે 42,529 અંડરટ્રાયલ કેદીઓ અને 16,391 ગુનેગારોને પેરોલ પર છૂટા કર્યા હતા.
- અંડરટ્રાયલ કેદીઓ અને ગુનેગારોને પેરોલ પર છોડવાનું મુખ્ય કારણ એ જેલોમાં થતો ભરાવો ઓછો કરવાનો હતો જેના લીધે જેલમાં COVID-19નું સંક્રમણ વધે નહીં.
- સૌથી વધારે અંડરટ્રાયલ કેદીઓ ઉત્તરપ્રદેશમાંથી છૂટા કરવામાં આવ્યા છે જેની સંખ્યા 9977 છે.
- ઉત્તરપ્રદેશ રાજ્ય બાદ રાજસ્થાનના 5460, તમિલનાડુના 4547, પંજાબના 3698 અને મહારાષ્ટ્રના 3400 અંડરટ્રાયલ કેદીઓને મુકત કરવામાં આવ્યા હતા.

### અંડરટ્રાયલ અને અન્ય ગુનેગારોને પેરોલ પર છોડવાની જરૂરિયાત :

- સુપ્રીમ કોર્ટ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતુ કે COVID-19ને ફેલાતો રોકવા શારીરિક અંતર જરૂરી છે અને જેલોમાં તે જાળવવું મુશ્કેલ છે.
- કોર્ટ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી અને કાનૂની સેવા ઓથોરિટીને અંડરટ્રાયલ કેદીઓ અને ગુનેગારોને પેરોલ પર છોડવા સૂચના આપી હતી જેનાથી જેલોમાં વસ્તી ઘટાડી શકાય.

### Back to basics : નેશનલ સર્વિસ લીગલ ઓથોરિટી વિશે

- નેશનલ સર્વિસ લીગલ ઓથોરિટી (NALSA)નું ગઠન એ "લીગલ સર્વિસ ઓથોરિટી એકટ, 1987" અંતર્ગત કરવામાં આવ્યું છે. જેના દ્વારા સમાજના નબળાવર્ગોને મફતમાં કાનૂની સેવા આપી શકાય.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- NALSAનો ઉદ્દેશ્ય એ બાબતની ખાતરી કરવાનો છે કે આર્થિક કે અન્ય કારણોને લીધે સમાજના લોકો અને નાગરિકો ન્યાયથી વંચિત ન રહી જાય.

### NALSAનું માળખું :

- લીગલ સર્વિસ ઓથોરિટી એક્ટ, 1987ની કલમ 3(2) મુજબ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ NALSAના અધ્યક્ષ હોય છે.
- સુપ્રીમ કોર્ટના અન્ય વરિષ્ઠ ન્યાયાધીશ એ NALSAના કારોબારી અધ્યક્ષ હોય છે.

### NALSAના મુખ્ય કાર્યો :

- લોક અદાલતોનું આયોજન કરવું.
- સમાજના પછાત વર્ગો અને ન્યાયિક સેવાઓથી બાકાત રહેલા સમૂહો માટે ન્યાયિક સેવા કાર્યક્રમોનું આયોજન કરવું.
- જે ગરીબ અને અન્ય પછાત સમૂહો નાગરિક અને ફોજદારી બાબતોમાં વકીલ રાખી શકતા નથી તેમને મફતમાં ન્યાયિક સેવાઓ પૂરી પાડવી.

### NALSAની નીતિઓનું અમલીકરણ :

- NALSAની નીતિઓને અમલી બનાવવા રાજ્ય સ્તરે 'રાજ્ય કાનૂની સેવા ઓથોરિટી" (State Legal Service Authority) અને જિલ્લા સ્તરે "જિલ્લા કાનૂની સેવા ઓથોરિટી" (District Legal Service Authority)ની રચના કરવામાં આવે છે.

## ઝૂમ એપના પ્રતિબંધ માટે સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી

- સુપ્રીમ કોર્ટમાં ગોપનીયતાના અધિકારનો મુદ્દો ઉઠાવતા એક જાહેર હિતની અરજીમાં "ઝૂમ એપ" પર પ્રતિબંધ લગાવવાની માંગણી કરવામાં આવી છે.
- અરજી અંતર્ગત શાસકીય અને વ્યકિતગત સ્તર પર ઝૂમ એપના વપરાશના સંદર્ભે ઉચિત કાયદો બનાવવાના નિર્દેશની માંગણી કરવામાં આવી છે.

### ઝૂમ એપ સંદર્ભે કરવામાં આવેલ અરજીની મુખ્ય બાબતો :

- આ એપનો સતત ઉપયોગ કરવાથી રાષ્ટ્રીય સુરક્ષાને જોખમ હોય શકે છે અને તે વિવિધ સાયબર ક્રાઈમને પણ પ્રોત્સાહિત કરે છે.
- આ એપના ઉપયોગના સંબંધમાં વિસ્તૃત તકનિકી અભ્યાસ કરવા કેન્દ્રને નિર્દેશ આપવો જોઈએ.
- COVID-19 મહામારીના સમયમાં જીવન શૈલીમાં ફેરફાર આવ્યો છે જેમાં ગ્રાહકો, કારોબારી અને સ્કૂલ જરૂરીયાતમંદોની મદદ કરવાને બદલે ઝૂમના માધ્યમથી સંપર્ક સ્થાપિત કરવામાં આવે છે.
- ઝૂમ એપ લાખો વપરાશકારોની વ્યક્તિગત સૂચનાઓનો દુરુપયોગ કરીને ગોપનીયતાના અધિકારોનું હનન કરે છે.
- ઝૂમ એપ ડેટા એકત્રીકરણ કરવાની નીતિ પર ચાલી રહ્યું છે. અને પોતાના વપરાશકારોનો ગોપનીય ડેટા અને ફાઈલોનો પોતાની પાસે ભંડાર કરી રહી છે.

### Back to basics : ઝૂમ એપ અને જાહેર હિતની અરજી વિશે

- **ઝૂમ એપ :**
- ઝૂમ એપનો ઉપયોગ એ વીડિયો કોન્ફરન્સ માટે કરવામાં આવે છે તેના દ્વારા એક સાથે 100 લોકોને કોન્ફરનસમાં રાખી શકાય છે.
- આ એપનો ઉપયોગ એ શિક્ષકો દ્વારા ઓનલાઈન શિક્ષણ આપવા અને અન્ય બિઝનેસો દ્વારા કરવામાં આવે છે.
- સુરક્ષા કારણોને લીધે ગૃહ મંત્રાલયે પણ ઝુમ એપનો ઉપયોગ કરવાથી બચવાની સલાહ આપી હતી. પરંતુ ભારતે તેના પર પ્રતિબંધ લગાવ્યો નથી.
- આ પહેલા સિંગાપુર દ્વારા પણ આ એપ પર પ્રતિબંધ લગાવવામાં આવેલ છે કારણ કે એપના વપરાશકર્તાનો વેબકેમ હેક કરી શકાય છે.
- આ ઉપરાંત જર્મનીના વિદેશ મંત્રાલય તથા ગુગલ અને સ્પેસ એક્સ એજન્સી દ્વારા પણ તેના પર પ્રતિબંધ લગાવવામાં આવેલો છે.

### જાહેર હિતની અરજી (Public Interest Litigation-PIL) વિશે :

- PIL સાથે ભારતની ન્યાય વ્યવસ્થામાં ઉત્તરદાયિત્વની શરૂઆત કરવાનો શ્રેય જસ્ટિસ ભગવતીને જાય છે.

- ભારતીય નાગરિકો મૂળભૂત અધિકારોનું હનન થઈ રહ્યું હોય તો હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને અધિકારોની રક્ષા માટેની માંગણી કરી શકે છે.
- હાઈકોર્ટમાં અનુચ્છેદ 226 અંતર્ગત અને સુપ્રીમ કોર્ટમાં અનુચ્છેદ 32 અંતર્ગત અરજી દાખલ કરી શકાય છે.
- જો કોઈ એક વ્યકિતના અધિકારોનું હનન થઈ રહ્યું હોય તો તેને ખાનગી હિતની અરજી માનવામાં આવે છે. પરંતુ જો વધુ લોકો તેનાથી પ્રભાવિત થઈ રહ્યા હોય તો તેને જાહેર હિત માનવામાં આવે છે.
- રજુ કરવામાં આવેલી અરજી જાહેર અરજી છે કે નહીં તે કોર્ટ નક્કી કરશે.

### PILનું મહત્વ :

- PIL એ ગરીબો અને પછાત સમૂહ માટે ન્યાયને સુલભ બનાવે છે, અને જેમના માનવઅધિકારોનું હનન થતું હોય તેમના સુધી ન્યાય પહોંચાડવાનું મહત્ત્વનું સાધન છે.
- સમાજમાં એવા ઘણાં સમૂહો હોય છે જેમને પોતાનો અવાજ અને ન્યાય માંગવાની તક મળતી નથી. આવા લોકોનું પ્રતિનિધિત્વ કરતા લોકો કે સમૂહ કે સંસ્થા એ તેમના બદલે ન્યાયલય સુધી જઈને ન્યાયની માંગણી કરી શકે છે.
- ન્યાયાલય દ્વારા પણ ઘણા સમાજિક મુદ્દાઓ, આર્થિક મુદ્દાઓ તેમજ પર્યાવરણીય મુદ્દાઓને PILના માધ્યમથી સાંભળ વામાં આવેલા છે.
- અનુચ્છેદ 21 અંતર્ગતના મૂળભૂત અધિકારોનો જે વ્યાપ વધ્યો છે. (દા.ત. કાયદાની સ્થાપિત પ્રક્રિયાને બદલે ઉચિત પ્રક્રિયા) તે જાહેર હિતની જ અરજીનું પરીણામ છે.

### PILની ટીકા :

- ઘણા સમયથી PIL દ્વારા "Public Interest"ના સ્થાને "Publicitty Interest"નો ઉદ્દેશ્ય સ્થાપિત કરવા બિનજરૂરી PIL દાખલ કરવામાં આવે છે.
- બિનજરૂરી અરજીઓ ન્યાયતંત્રનો ભાર વધારે છે.
- ઘણી વખત PIL દાખલ કરવા પાછળ રાજકીય ઉદ્દેશ્ય રહેલો હોય છે.
- PILના સંદર્ભે ન્યાયતંત્રની ઘણી વખત ટીકા કરવામાં આવે છે જેનું મુખ્ય કારણ તેમના દ્વારા સત્તાના વિભાજન વિરુદ્ધનું થતું કાર્ય છે. આ સાથે જ ન્યાયતંત્રની ન્યાયિક અતિક્રમણ બાબતે પણ ટીકા કરવામાં આવે છે.

## OCI કાર્ડધારકોને ભારતમાં આવવાની છૂટ

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા વિદેશમાં ફસાયેલા "વિદેશી ભારતીય નાગરિકો" (Overseas Citizens of India-OCI)ની અમુક શ્રેણીના લોકોને ભારત આવવાની છૂટછાટ આપવામાં આવી છે.

### કઈ શ્રેણીના OCI કાર્ડધારકોને છૂટછાટ ?

- OCI કાર્ડધારકો પરિવારની આપાતકાલીન સ્થિતિમાં ભારત પાછા આવી શકે છે.
- એવા OCI કાર્ડધારકોને પણ ભારત આવવાની મંજૂરી મળશે જેમાં પતિ અથવા પત્નિમાંથી કોઈ એક OCI કાર્ડધારક હોય અને ભારતના નિવાસી હોય.
- નાબાલિક બાળકોને પણ પોતાના OCI કાર્ડધારક માતા–પિતા સાથે ભારત આવવાની મંજૂરી મળશે.
- એવા વિદ્યાર્થીઓ જે નાબાલિક નથી પરંતુ તેમના માતા–પિતા ભારતમાં રહે છે તેમને પણ ભારતમાં આવવાની છૂટ મળશે.

### Back to basics : વિદેશી ભારતીય નાગરિક (Overseas Citizens of India) વિશે :

- પાકિસ્તાન કે બાંગ્લાદેશ અથવા સરકાર દ્વારા સુચિત અન્ય દેશોના નાગરિક ન હોય અને ભૂતકાળમાં પણ આ દેશોની નાગરિકતા મેળવેલ ન હોય, તેવા કોઈપણ વ્યક્તિનો સમાવેશ વિદેશી ભારતીય નાગરિકમાં ત્યારે જ થાય, જ્યારે તે નીચેનામાંથી કોઈ એક શરતનું પાલન કરે.

a) અન્ય દેશનો નાગરિક હોય, પરંતુ કોઈ વ્યક્તિ જે બંધારણ અમલ સમયે અથવા ત્યારબાદ કયારેય પણ ભારતીય નાગરિક રહી ચૂકયો હોય; અથવા

b) અન્ય દેશનો નાગરિક હોય, પરંતુ બંધારણનાં પ્રારંભ સમયે ભારતનો નાગરિક બનવા પાત્રતા ધરાવતો હોય; અથવા

c) જો તે વ્યક્તિ 15 ઓગસ્ટ, 1947 બાદ ભારતીય રાજ્યક્ષેત્રમાં સામેલ હોય તેવા ક્ષેત્ર સાથે સંબંધ ધરાવતો વિદેશી નાગરિક હોય.

- ઉપર્યુક્ત એક અથવા તમામ શરતોનું પાલન કરનાર વ્યક્તિ OCI કાર્ડધારક બની શકે છે.
- નાગરિકતા (સંશોધન) અધિનિયમ 2003માં વિદેશી ભારતીય નાગરિકની (OCI) જોગવાઈ કરવામાં આવી હતી. જે અનુસાર 16 દેશોનાં ભારતીય મૂળનાં લોકોને (પાકિસ્તાન અને બાંગ્લાદેશ સિવાયનાં) વિદેશી ભારતીય નાગરિકતા આપવામાં આવી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ત્યારબાદ નાગરિકતા (સંશોધન) અધિનિયમ, 2005 દ્વારા બધા દેશોનાં (પાકિસ્તાન અને બાંગ્લાદેશ સિવાયના) ભારતીય મૂળનાં લોકોને વિદેશી ભારતીય નાગરિકતા આપી વ્યાપ વધારવામાં આવ્યો.
- OCI કાર્ડધારક ભારતની નાગરિકતા મેળવવા અરજી કરી શકે છે. નાગરિકતા માટે નોંધણી કર્યાનાં 5 વર્ષ પછી નાગરિકતા મેળવવા અરજી કરી શકે છે અને અરજીના છેલ્લા 1 વર્ષ ભારતમાં રહેવું જરૂરી છે.

### OCI કાર્ડ ધારકોને ભારતમાં કયા લાભ મળે ?

- OCI કાયદા હેઠળ અન્ય દેશની નાગરિકતા ધરાવતાં વિદેશી ભારતીય નાગરિક (OCI) ભારતમાં પણ કેટલાક અધિકારો ભોગવી શકશે.
- આ કાયદા હેઠળ અન્ય દેશનું નાગરિકત્વ ધરાવતાં ભારતીયો ભારતમાં ડોકટર, ડેન્ટિસ્ટ, નર્સ, ફાર્માસિસ્ટ, વકીલ, આર્કિટેકટ જેવા વ્યવસાયો કરી શકશે ઉપરાંત આજીવન ભારતનાં વિઝા મળે છે.
- OCI કાર્ડ ધારકો ગમે તેટલો સમય ભારતમાં રહી શકે છે. આ દરમિયાન તેમને 'વિદેશ નોંધણી અધિકારી' પાસે નોંધણી કરાવવાથી છૂટ મળે છે.

### OCI કાર્ડ ધારકોને ભારતમાં કયા લાભ ન મળે ?

OCI કાયદા હેઠળ તેમને....

1) રાજકીય અધિકારો મળતાં નથી. (અર્થાત્ મતદાનનો અધિકાર, ચૂંટણી લડવાનો અધિકાર, કોઈ બંધારણીય હોદ્દો ધારણ કરવાનો અધિકાર નથી.)
2) ભારતીય બંધારણના અનુચ્છેદ–16મા આપેલ તકની સમાનતાનો અધિકાર પણ મળશે નહીં.
3) ભારતનાં ખેતીના હેતુથી જમીન ખરીદી શકશે નહીં.
4) પાકિસ્તાન અને બાંગ્લાદેશની નાગરિકતા ધરાવતાં લોકોને આ કાયદો લાગુ પડશે નહીં.

## ભારતીય હરિફાઈ આયોગ

- દિલ્હી હાઈકોર્ટ દ્વારા હરિફાઈ આયોગના આદેશને પડકારતી મોનસેંટો હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડની અરજી ખારીજ કરવામાં આવી છે.
- હરિફાઈ આયોગ દ્વારા કંપની અને મહારાષ્ટ્ર હાઈબ્રિડ સીડ્સ કંપનીની પ્રવૃત્તિઓના તપાસ માટેના આદેશ આપવામાં આવેલ છે.
- હરિફાઈ આયોગને ફરીયાદો મળી હતી કે કંપનીઓ બજારમાં પોતાની મજબૂત સ્થિતિનો દુરુપયોગ કરી બીટી કોટન તકનિકો માટે વધુ કિંમતો લઈ રહી છે.
- મોનસેંટો કંપનીએ ભારતીય હરિફાઈ આયોગ (Compitition Commission of India)ના 10 ફેબ્રુઆરીના કંપનીની પ્રવૃત્તિઓની તપાસના આદેશ ઉપરાંત 18 ફેબ્રુઆરી 2016માં તેને આપવામાં આવેલ નોટિસના આદેશને પડકાર્યો હતો.
- મોનસેંટો અનુસાર ભારતીય હરિફાઈ આયોગ પાસે આવી તપાસ કરવાનો અધિકાર નથી કારણ કે આ બાબત પેટન્ટના અધિકાર સાથે જોડાયેલ છે. અદાલત દ્વારા આ દલીલ નકારવામાં આવી હતી.

### Back to basics : ભારતીય હરિફાઈ આયોગ (Competition Commission of India-CCI) વિશે :

- CCIની સ્થાપના એ હરિફાઈ અધિનિયમ, 2002 અંતર્ગત કરવામાં આવી છે.
- આયોગ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા નિયુકત એક અધ્યક્ષ અને 6 સદસ્યોનો સમાવેશ કરવામાં આવે છે.
- CCIના નીચે મુજબના લક્ષ્યો છે :

1) હરિફાઈ પર પ્રતિકૂળ પ્રભાવ નાંખતા વ્યવહારોને રોકવા.
2) બજારોમાં હરિફાઈની બઢતી અને તેને બનાવી રાખવી.
3) ગ્રાહકોના હિતોની સુરક્ષા
4) વ્યાપારની સ્વતંત્રતાને સુનિશ્ચિત કરવી.

## પ્રવાસી મજૂરો માટે નેશનલ ડેટાબેઝ અને કાયદો

- કોરોના વાયરસના સમયે ચાલી રહેલા પ્રવાસી મજૂરોના સંકટને ધ્યાનમાં લેતા સરકાર 41 વર્ષ પછી "પ્રવાસી મજૂરો"ને ફરીથી વ્યાખ્યાયિત કરવાની તૈયારી કરી રહી છે.
- સરકાર પ્રવાસી મજૂરોની વ્યાખ્યાયિત કરી તેની નોંધણી માટેની યોજના બનાવી રહી છે.
- નોંધણી થવાથી તેમને સામાજિક સુરક્ષા સાથે જોડાયેલી યોજનાઓના ક્ષેત્રમાં લાવી શકાશે.
- નોંધણી બાદ પ્રવાસી મજૂરોને "કર્મચારી રાજ્ય વીમા નિગમ" (Employee State Insurance Corporation-ESIC) અંતર્ગતના સ્વાસ્થ્ય લાભો પણ પ્રાપ્ત થશે.

## પ્રવાસી મજૂર સંબંધિત કાયદાની જરૂરિયાત અને જોગવાઈઓ

- લોકડાઉન દરમિયાન લાખોની સંખ્યામાં સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા લોકો ચાલીને ગયા પછી હવે નવા કાયદાની તૈયારી કરવામાં આવી રહી છે.
- કેન્દ્રીય શ્રમ મંત્રાલય કેબિનેટને આ બાબતે વિસ્તૃત પ્રસ્તાવ મોકલવાની તૈયારી કરી રહ્યું છે.
- હાલના કાયદાઓની નબળાઈઓ પ્રવાસી મજૂરના સંકટ દરમિયાન સામે આવી છે.
- હાલમાં પ્રવાસી મજૂરોનો કોઈ એકીકૃત રેકોર્ડ ઉપલબ્ધ નથી.
- કાયદાકીય રીતે જોવામાં આવે તો હાલમાં "ઈન્ટર સ્ટેટ માઈગ્રંટ વર્કમેન એકટ–1979 પણ એ જ સંસ્થા અને કોન્ટ્રેકટરો પર લાગુ થાય છે જયાં 5 કે તેનાથી વધુ ઈન્ટર સ્ટેટ પ્રવાસી મજૂરો કાર્ય કરતા હોય.
- કાયદાની નબળાઈઓ અનુસાર પ્રવાસી મજૂરોનો એક મોટા ભાગ આ કાયદાના ક્ષેત્રમાં આવતો નથી. અર્થાત્ રસ્તાઓ પર લારી લગાવનાર કે ઘરોમાં કામ કરતી મહિલાઓનો સમાવેશ કાયદા અંતર્ગત થતો નથી.

### હાલના કાયદામાં કયાં ફેરફારો કરવામાં આવશે ?

નવો કાયદો એ દરેક પ્રવાસી મજૂર/કામદાર પર લાગુ થશે જે એક નિશ્ચિત રકમ કમાતા હોય. તેના અંતર્ગત ઘરકામ કરતી મહિલાઓનો પણ સમાવેશ થશે.

- પ્રસ્તાવિત કાયદામાં એવી જોગવાઈઓ કરવામાં આવશે જેથી પ્રવાસી મજૂરો દેશમાં કોઈપણ જગ્યાએ હોય ત્યાં લાભ મેળવી શકે. અર્થાત્ બેનિફિટ પોર્ટેબિલિટી શકય બને.
- કાયદા દ્વારા પ્રવાસી મજૂરોને વર્ષમા એક વખત પોતાના ઘરે જવા માટે ભાડું મેળવવા પણ હકદાર બનાવવામાં આવશે.
- પ્રસ્તાવિત યોજના અંતર્ગતનો એક મહત્ત્વનો ભાગ એ અસંગઠિત ક્ષેત્રના મજૂરોનો ડેટાબેઝ બનાવવાનો છે.
- અસંગઠિત ક્ષેત્રના મજૂરોને એક ખાસ પ્રકારનો ઓળખ નંબર આપવામાં આવશે જે "અનઓર્ગેનાઈઝડ આઈડેન્ટિફિકેશન નંબર (U-WIN) નામથી ઓળખવામાં આવશે.
- આ પ્રકિયા દ્વારા પ્રવાસી મજૂરોના આધાર કાર્ડ સાથે જોડવામાં આવે તેવો રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવાની જોગવાઈ છે.

## પરિસીમન આયોગ

- લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા એ જમ્મુ– કાશ્મીર, અસમ, મણિપુર, નાગાલેન્ડ અને અરુણાચલ પ્રદેશના 15 સાંસદોને પરિસીમન આયોગના સહયોગી સદસ્યોના રૂપમાં નામાંકિત કરેલ છે.
- આ સંસદ સભ્યો પૂર્વોત્તર રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં લોકસભા અને વિધાનસભા ક્ષેત્રોમાં પરિસીમન માટે પરિસીમન આયોગને મદદ કરશે.
- કેન્દ્ર સરકાર દ્વારા 6 માર્ચ, 2020ના રોજ સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ આર.પી. દેસાઈની અધ્યક્ષતામાં પરિસીમન આયોગનું ગઠન કર્યુ હતું.
- આ આયોગનું કાર્ય એ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીર અને પૂર્વોત્તર રાજ્યો અસમ, અરુણાચલ પ્રદેશ, મણિપુર અને નાગાલેન્ડમાં લોકસભા અને વિધાનસભામાં ક્ષેત્રોનું નિર્ધારણ કરવાનું છે.
- કેન્દ્રીય ચૂંટણી આયોગના કમિશનર સુશીલ ચંદ્રા અને જમ્મુ –કાશ્મીર તથા 4 રાજ્યોના પ્રદેશ ચૂંટણી કમિશનરો આ આયોગના સદ્સ્યો હશે.

### Back to basics : પરિસીમન આયોગ વિશે

- ભારતીય બંધારણના અનુચ્છેદ 82 અંતર્ગત લોકસભા અને વિધાનસભાના ક્ષેત્રોની સીમાઓ નિર્ધારીત કરવા માટે દર 10 વર્ષે પરિસીમન આયોગનું ગઠન કરવામાં આવે છે.
- પરિસીમન આયોગ બેઠકોમાં ફેરફાર કરી શકે નહીં, પરંતુ વસતી ગણતરી પછી સાચાં આંકડાઓ દ્વારા બેઠકોની સીમા અને અનુસુચિત જાતિ અને જનજાતિ માટે બેઠકોની સંખ્યા આરક્ષિત કરવાનું કાર્ય કરે છે.
- પરિસીમન આયોગની ભલામણો લોકસભા અને વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવે છે. તે ભલામણોમાં સુધારા કરવાની છૂટ હોતી નથી. કારણ કે તે સંબંધે સૂચના રાષ્ટ્રપતિ તરફથી જાહેર કરવામાં આવે છે.
- પરિસીમન આયોગના નિર્ણયોને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકાતા નથી.
- આયોગના અધ્યક્ષ એ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશને બનાવવામાં આવે છે. આ ઉપરાંત મુખ્ય ચૂંટણી કમિશનર અથવા તેમના દ્વારા નામાંકિત અન્ય ચૂંટણી કમિશનર અને સંબંધિત રાજ્યોના રાજ્ય ચૂંટણી કમિશનર સદ્સ્યો હોય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના

- તાજેતરમાં ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી રાજીવ ગાંધીની પુણ્યતિથિ પર છત્તીસગઢ રાજ્યમાં "રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના" શરૂ કરવામાં આવી હતી.

### રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજનાની મુખ્ય બાબતો :

- આ યોજના દ્વારા છત્તીસગઢમાં પાકના ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા ખેડૂતોને કૃષિ સહાયતા આપવામાં આવશે.
- યોજના અંતર્ગત ડાંગર, મકાઈ અને શેરડી વગેરેના પાક માટે એકર દીઠ રૂ. 10,000 ખેડૂતોના ખાતામાં સીધા ટ્રાન્સફર કરવામાં આવશે.
- યોજના અંતર્ગત આપવામાં આવતી આ અનુદાનની રકમ ખેડૂતોને પાક ઉગાડવામાં મદદરૂપ બનશે.
- છત્તીસગઢ સરકાર અનુસાર આ યોજના દ્વારા રાજ્યના 15 લાખથી વધુ લોકોને લાભ મળશે.
- સરકાર દ્વારા આ યોજના માટે રૂ. 5100 કરોડની રકમ ફાળવવામાં આવી છે.
- યોજના અંતર્ગત આપવામાં આવતો આ લાભ એ પ્રત્યક્ષ આવક સમર્થન (Direct Income Support)નો ભાગ છે.

### પ્રત્યક્ષ આવક સમર્થન ખેડૂતોને કઈ રીતે ઉપયોગી ?

- ખેડૂતોને પાક ઉગાડવા માટે ખાતરની ખરીદી કરવી, બીજ ખરીદવા તથા અન્ય જરૂરી સામગ્રી માટે રોકડ નાણાં અને આવકની જરૂરિયાત રહેતી હોય છે.
- આ આવકનો સીધો સંબંધ એ ખેડૂતોની ઉત્પાદકતા સાથે રહેલો છે. જો આ આવક કે રકમ તેમને મળે તો તેઓ પોતાના પાક પર વધુ રોકાણ કરી શકે અને જો વધુ રોકાણ થાય તો વધુ ઉત્પાદન થશે.
- ભારત સરકાર દ્વારા ખેડૂતોની આવકને 2022 સુધીમાં બમણી કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.
- ખેડૂતોની આવકને બમણી કરવા કૃષિ ક્ષેત્રે વૃદ્ધિ થાય તે જરૂરી છે. આ વૃદ્ધિ કરવા પ્રત્યક્ષ આવક દ્વારા આપવામાં આવતો લાભ મહત્ત્વપૂર્ણ છે.
- પ્રત્યક્ષ આવકનો લાભ ફક્ત ખેડૂતોની આવક વધારવા જ નહીં પરંતુ તેમના વચ્ચે રહેલી અસમાનતા ઘટાડવા માટે પણ ઉપયોગી છે.
- પ્રત્યક્ષ આવકના માધ્યમથી ગરીબીમાં અને ખેડૂતોના દેવામાં ઘટાડો થઈ શકે છે. પ્રત્યક્ષ આવક ન મળવાની સ્થિતિમાં ખેડૂત અસંગઠિત ક્ષેત્રોમાંથી નાણાં ઉધાર લેશે અને ગરીબી તથા દેવાના ચક્રમાં ફસાય જશે.
- પ્રત્યક્ષ આવકના આ મહત્ત્વને સમજીને કેન્દ્ર સરકાર દ્વારા પણ "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના શરૂ કરવામાં આવી હતી જેના અંતર્ગત રૂ. 2000ના 3 હપ્તા દ્વારા કુલ રૂ. 6000ની પ્રત્યક્ષ આવકની સહાય આપવામાં આવે છે.

## સોહરાઈ ખોવર ચિત્રકલા અને તેલિયા રૂમાલને GI ટેગ

- ઝારખંડની "સોહરાઈ ખોવર ચિત્રકલા" અને તેલંગાણાના "તેલિયા રૂમાલ"ને તાજેતરમાં ભૌગોલિક સંકેતક (Geographical Indication) ટેગ આપવામાં આવ્યો હતો.

### સોહરાઈ ખોવર ચિત્રકલા વિશે :

- આદિવાસી મહિલાઓ દ્વારા બનાવવામાં આવતી ચિત્રકલા છે.
- ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં સ્થાનીય અને પ્રાકૃતિક રૂપથી વિભિન્ન માટીનો ઉપયોગ કરીને ચિત્રો બનાવાવમાં આવે છે.
- આ ચિત્રો લગ્ન અને પાકની ઋતુ દરમિયાન બનાવવામાં આવતા હોય છે.
- આ ચિત્રોને માટીના ઘરોની દીવાલો પર અંકિત કરવામાં આવતા હોય છે. પ્રાણીઓના ચિત્રો, વૃક્ષ કે છોડ અને લાઈન બિંદુઓ વગેરેને ચિત્રોમાં પ્રાથમિકતા આપવામાં આવે છે.

### તેલિયા રૂમાલ વિશે :

- તેલિયા રૂમાલ એ સુતરાઉ કાપડમાં હસ્તકલાની પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવે છે.
- તેલિયા રૂમાલ અંતર્ગત લાલ, સફેદ અને કાળા રંગનો વિશેષ રૂપથી ઉપયોગ કરવામાં આવે છે.
- રૂમાલ દ્વારા અલગ-અલગ ડિઝાઈનને પ્રદર્શિત કરવામાં આવતી હોય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ આ રૂમાલને અન્ય ધાર્મિક સ્થળે પણ ચડાવવામાં આવે છે. દા.ત. રાજસ્થાનની અજમેર શરીફ દરગાહ.

### Back to Basics : ભૌગોલિક સંકેતક ટેગ વિશે

➤ ભૌગોલિક સંકેતક ટેગ અર્થાત્ GI ટેગ એવા ઉત્પાદનોને આપવામાં આવે છે જેનું એક વિશિષ્ટ ભૌગોલિક મૂળ ક્ષેત્ર હોય છે.

➤ આ ઉત્પાદનોની વિશિષ્ટતા અને પ્રતિષ્ઠા તેના મૂળ ક્ષેત્રને લીધે હોય છે. આમ ઉત્પાદનની ગુણવત્તા અને વિશિષ્ટતાનું આશ્વાસન મળે છે.

➤ GI ટેગને "ઔદ્યોગિક સંપત્તિના સંરક્ષણ માટે પેરિસ કન્વેન્શન" (Paris Convention for the Protection of Industrial Property) અંતર્ગત બૌદ્ધિક સંપદા અધિકારો (IPR)ના ઘટક તરીકે સમાવેશ કરાયેલ છે.

➤ આંતરરાષ્ટ્રીય સ્તર પર GI ટેગનું નિયમન વિશ્વ વ્યાપાર સંગઠન (WTO)ના બૌદ્ધિક સંપદા અધિકારોના વ્યાપાર સંબંધી પાસાઓ (Trade Related Aspects of Intellectual Property Rights - TRIPS) કરાર અંતર્ગત કરવામાં આવે છે.

➤ ભારતમાં GI ટેગ 'Geographical Indication of Goods Registration and Protection Act, 1999' અંતર્ગત આપવામાં આવે છે. તે 2003થી લાગુ થયો હતો.

➤ વર્ષ 2004માં 'દાર્જિલિંગ ચા' GI ટેગ પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય ઉત્પાદન હતું.

➤ GI ટેગની નોંધણી 10 વર્ષ સુધી માન્ય હોય છે.

➤ ગુજરાતની વસ્તુઓ અને ઉત્પાદનોને મળેલ GI ટેગ નીચે મુજબ છે.

| ગુજરાતના ઉત્પાદનને મળેલ GI ટેગ | |
|---|---|
| 1. | ભાલિયા ઘઉં |
| 2. | ગીર કેસર |
| 3. | કચ્છની શાલ |
| 4. | કચ્છ એમ્બ્રોઈડરી |
| 5. | પટોળા સાડી |
| 6. | સંખેડા ફર્નિચર |
| 7. | સુરત ઝરી |

## શિક્ષણ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા નવી પહેલો

➤ કેન્દ્રીય નાણામંત્રી દ્વારા 17 મે, 2020ના રોજ શિક્ષણ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે નવી પહેલો શરૂ કરવા માટેની ઘોષણા કરી હતી.

➤ નાણામંત્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે માનવ મૂડીમાં રોકાણ એ રાષ્ટ્રની ઉત્પાદકતા અને સમૃદ્ધિમાં રોકાણ સમાન છે.

➤ હાલની મહામારી દેશમાં શિક્ષણ વ્યવસ્થા અને નવા પડકારો સાથે નવા અવસરો પણ પ્રદાન કરે છે. આથી નવું માળખું બનાવવું અને નવી વ્યૂહરચના બનાવી જરૂરી છે.

### શિક્ષણ ક્ષેત્ર માટે નવી પહેલો :

1) **પીએમ ઈ-વિદ્યા (PM-e-vidhya) :**

➤ પીએમ ઈ–વિદ્યા નામે એક વ્યાપક પહેલ શરૂ કરવામાં આવશે જે ડિજિટલ/ઓનલાઈન /ઓન–એર શિક્ષા સંબંધિત બધા પ્રયાસોને એક સાથે જોડશે.

➤ આ વ્યવસ્થા શિક્ષા માટે વૈકલ્પિક પહોંચને ઉપલબ્ધ કરાવશે.

➤ પીએ ઈ–વિદ્યા અંતર્ગત નીચેની પહેલોનો સમાવેશ કરવામાં આવશે.

(a) દીક્ષા (DIKSHA) એક રાષ્ટ્ર–એક ડિજિટલ પ્લેટફોર્મ જે બધા રાજ્યો/કેન્દ્ર–શાસિત પ્રદેશોમાં શાળા શિક્ષામાં ગુણવત્તા અને ઈ–સામગ્રી આપવા ડિજિટલ મૂળભૂત માળખુ બનશે.

(b) TV (એક કક્ષા – એક ચેનલ) જ્યાં ધોરણ 1-12 સુધી પ્રત્યેક છાત્ર માટે પ્રતિ ગ્રેડ એક સમર્પિત ચેનલ હશે જે ગુણવત્તાયુકત શિક્ષણ માટેની સામગ્રીની પહોંચ આપશે.

(c) શાળા અને ઉચ્ચ શિક્ષા માટે "Massive Open online Course" (mooc)ના માળખામાં સ્વયંમ ઓનલાઈન અભ્યાસક્રમ.

(d) IIT/NEET તૈયારી માટે IITPAL (IITPAL અંતર્ગત વિડીયો લેકચર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.)

(e) સામુદાયિક રેડિયો અને CBSE શિક્ષા વાણીના માધ્યમથી બ્રોડકાસ્ટ.

(f) દિવ્યાંજનો માટે ડિજિટલ રૂપથી સુગમ્ય સૂચના પ્રણાલી (Digitally Accessible Information System-DAISY) પર વિકસિત NIOS વેબસાઈટ / યૂટ્યૂબ પર સાંકેતિક ભાષામાં અભ્યાસ માટે મટિરીયલ.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

2) **મનોદર્પણ પહેલ :**

➤ વૈશ્વિક મહામારીની હાલની સ્થિતિમાં એ મહત્ત્વપૂર્ણ છે કે છાત્રો, શિક્ષકો અને તેના પરિવારોને મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક સહયોગ આપવામાં આવશે.

➤ આ દિશામાં "મનોદર્પણ પહેલ" શરૂ કરવામાં આવશે.

➤ આ પહેલ માટે વેબસાઈટ, ટોલ–ફ્રી હેલ્પલાઈન નંબર, કાઉન્સિલરની રાષ્ટ્રીય સૂચિ, ઈન્ટરએક્ટિવ ચેટ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવશે.

➤ આ પહેલથી વિદ્યાર્થીઓ, માતા–પિતા અને શિક્ષકોને લાભ મળશે.

3) **ટોચના 100 વિશ્વ વિદ્યાલયો માટે ઓનલાઈન અભ્યાસક્રમ :**

➤ સરકાર ઓપન અને ઓનલાઈન શિક્ષણ નિયમન માળખાને ઉદાર બનાવી ઉચ્ચ શિક્ષામાં ઈ–લર્નિંગનો વિસ્તાર કરશે.

➤ ટોચના 100 વિશ્વવિદ્યાલયો ઓનલાઈન અભ્યાસક્રમ શરૂ કરશે.

➤ આ સાથે જ હાલના વિશ્વવિદ્યાલયો અને "Open and Distance Learning (ODL)" કાર્યક્રમોમાં ઓનલાઈન ઘટક વર્તમાનમાં 20%થી વધારી 40% કરવામાં આવશે.

➤ આ પ્રયાસથી વિભિન્ન કોલેજો અને યુનિવર્સિટીના 7 કરોડ વિદ્યાર્થીઓને ફાયદો થશે.

4) **નવો રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને શૈક્ષણિક માળખું :**

➤ શીખવા પર ધ્યાન કેન્દ્રિત કરવા અને સહજ શીખવાની પ્રક્રિયા સાથે વિદ્યાર્થીઓમાં રચનાત્મક દૃષ્ટિ અને કૌશલને પ્રોત્સાહન આપવાની આવશ્યકતા છે.

➤ અભ્યાસક્રમમાં ભારતીય મૂલ્યો હોવા જોઈએ અને વૈશ્વિક સ્તર પર આવશ્યક કૌશલ્ય અનુરૂપ અભ્યાસક્રમ ઢાળવો જરૂરી છે.

➤ આ બાબતો ધ્યાનમાં રાખી વૈશ્વિક ધોરણો અનુરૂપ વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ભવિષ્ય માટે નવો રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને શૈક્ષણિક માળખું તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

5) **રાષ્ટ્રીય સાક્ષરતા અને ન્યૂમેરસી મિશન :**

➤ દેશના પ્રત્યેક બાળકમાં ગ્રેડ 3 માં સાક્ષરતા અને ન્યૂમેરસીની પહોંચને સૂનિશ્ચિત કરવા "રાષ્ટ્રીય સાક્ષરતા અને ન્યૂમેરસી મિશન" શરૂ કરવામાં આવશે.

➤ આ મિશનના માધ્યમથી શિક્ષકોમાં ક્ષમતા નિર્માણ, મજબૂત અભ્યાસક્રમનું માળખું, શીખવા માટે આકર્ષક સામગ્રી બનાવવા ઓનલાઈન–ઓફલાઈન શીખવાના પરિણામો, મૂલ્યાંકન તકનિકો વગેરેની પ્રગતિ પર નજર રાખવાના કાર્યોને વ્યવસ્થિત રૂપ આપવામાં આવશે.

➤ આ મિશનથી 3-11 વર્ષની ઉંમરના લગભગ 4 કરોડ બાળકોને લાભ મળશે.

## મધ્યમ ઉદ્યોગોના રોકાણ અને ટર્નઓવરની વ્યાખ્યામાં ફરીથી સુધારો

➤ તાજેતરમાં "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત આર્થિક પેકેજની જાહેરાત કરવામાં આવી હતી.

➤ આ આર્થિક પેકેજ અંતર્ગત "MSME સંબંધિત રાહત અને ધિરાણ માટેના પગલાંઓ" દ્વારા MSMEના વર્ગીકરણની વ્યાખ્યામાં સુધારો કરવામાં આવ્યો હતો.

➤ આ સુધારા અંતર્ગત "મધ્યમ" ઉદ્યોગોની વ્યાખ્યાએ રોકાણ રૂ. 20 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 100 કરોડથી ઓછું કરવામાં આવી હતી.

➤ આ વ્યાખ્યાને ફરીથી સુધારવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

➤ ફરીથી સુધારવામાં આવેલી વ્યાખ્યા અનુસાર "મધ્યમ ઉદ્યોગોનું વર્ગીકરણ" રોકાણ 50 કરોડથી ઓછું અને ટર્નઓવર 200 કરોડથી ઓછું" એ મુજબ કરવામાં આવશે.

**ફરીથી કરવામાં આવેલ સુધારાને આધારે MSMEનું વર્ગીકરણ**

| વર્ગીકરણ | મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ ક્ષેત્રમાં રોકાણ અને ટર્નઓવર |
|---|---|
| સુક્ષ્મ (Micro) | રોકાણ રૂ. 1 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 5 કરોડથી ઓછું |
| લઘુ (Small) | રોકાણ રૂ. 10 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 50 કરોડથી ઓછું |
| મધ્યમ (Medium) | રોકાણ રૂ. 50 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 200 કરોડથી ઓછું |

## પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા "પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના"ના અમલીકરણ માટેની મંજૂરી આપવામાં આવી હતી.
- આ યોજનાનો ઉદ્દેશ્ય વાદળી ક્રાંતિ (Blue Revolution) ના માધ્યમથી દેશમાં મત્સ્ય પાલન ક્ષેત્રમાં સતત અને જવાબદેહ વિકાસ સુનિશ્ચિત કરવાનો છે.
- કુલ રૂ. 20050 કરોડની આ યોજના "કેન્દ્રીય ક્ષેત્રની યોજના" (Central Sector Scheme) અને "કેન્દ્રીય પ્રાયોજિત યોજના" (Centrally Sponsored Scheme)ના રૂપમાં લાગુ કરવામાં આવશે.
- યોજના અંતર્ગત કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. 9407 કરોડ રાજ્ય સરકારોનો હિસ્સો રૂ. 4880 કરોડ તથા લાભાર્થીનો હિસ્સો રૂ. 5763 કરોડનો રહેશે.

### યોજનાનો સમયગાળો અને તેના ઘટકો :

- યોજનાનો અમલ નાણાકીય વર્ષ 2020-21થી 2024-25 સુધીના 5 વર્ષના સમયમાં થશે.
- આ યોજનાના બે ઘટકો હશે. (1) કેન્દ્રીય ક્ષેત્રની યોજના અને (2) કેન્દ્રીય પ્રાયોજિત યોજના.
- કેન્દ્રીય પ્રયોજિત યોજનાના ઘટકને લાભાર્થી અને બિન–લાભાર્થી એમ બે પેટાઘટકો/પ્રવૃત્તિમાં ત્રણ વિસ્તૃત ઉદ્દેશ્યો માટે વહેંચવામાં આવશે. આ ઉદ્દેશ્યો નીચે મુજબ છે :
  1) ઉત્પાદન અને ઉત્પાદકતાને પ્રોત્સાહન
  2) માળખાગત સુવિધા ઊભી કરવા અને ઉત્પાદન પછીનું વ્યવસ્થાપન કરવા.
  3) મત્સ્યપાલન વ્યવસ્થાપન અને નિયમનકાર માળખું.

### યોજનાની નાણાકીય સહાય :

- આ યોજના અંતર્ગત કેન્દ્રીય ક્ષેત્રની યોજના અને કેન્દ્રીય પ્રાયોજિત યોજના બંનેની નાણાકીય સહાયનું માળખું નીચે મુજબનું હશે.

**1) કેન્દ્રીય ક્ષેત્રની યોજના :**

- પ્રોજેકટ/યુનિટના સંપૂર્ણ ખર્ચનું વહન કેન્દ્ર સરકાર કરશે.
- પ્રત્યા લાભાર્થી અર્થાત્ વ્યકિત/જૂથની પ્રવૃત્તિઓ "રાષ્ટ્રીય મત્સ્યપાલન વિકાસ બોર્ડ" સહિત કેન્દ્ર સરકારની સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવશે.
- કેન્દ્ર સરકાર સામાન્ય શ્રેણીના પ્રોજેકટના ખર્ચમાં 40% હિસ્સો આપશે જ્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા મહિલાઓની શ્રેણીના પ્રોજેકટ માટે 60% હિસ્સો આપશે.

**2) કેન્દ્રીય પ્રાયોજિત યોજના :**

**(i) બિનલાભાર્થી પેટાઘટક :**

- જ્યારે બિનલાભાર્થી પેટાઘટક માટે યોજનાનો અમલ થશે ત્યારે સંપૂર્ણ પ્રોજેકટ/યુનિટનો ખર્ચ કેન્દ્ર અને રાજ્યો એમ બંને વચ્ચે નીચે મુજબ વહેંચવામાં આવશે.
  a) પૂર્વોત્તર અને હિમાલયના રાજ્યો : 90% હિસ્સો કેન્દ્ર સરકારનો અને 10% હિસ્સો રાજ્ય સરકારનો
  b) અન્ય રાજ્યો : 60% હિસ્સો કેન્દ્ર સરકાર અને 40% હિસ્સો રાજ્ય સરકાર
  c) કેન્દ્રશાસિત પ્રદેશ (વિધાનસભા સાથે અને વિધાનસભા વિના) 100% કેન્દ્ર સરકારનો હિસ્સો

**(ii) લાભાર્થી પેટાઘટક :**

- લાભાર્થી કેન્દ્રિત માટે પ્રવૃત્તિઓનો અમલ એ રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા કરવામાં આવશે.
- સામાન્ય વર્ગના પ્રોજેકટ માટે નાણાકીય સહાય 50% જેટલી મર્યાદિત હશે અને તે કેન્દ્ર અને રાજ્ય સરકાર સંયુકત રીતે પૂરી પાડશે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ વર્ગના પ્રોજેકટ માટે નાણાકીય સહાય 60% સુધી મર્યાદિત હશે. તે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સંયુકત રીતે પૂરી પાડામાં આવશે.
- આમ લાભાર્થી પેટાઘટક માટેની નાણાકીય સહાયનો ખર્ચ નીચે મુજબ વહેંચવામાં આવશે.
  a) પૂર્વોત્તર અને હિમાલયના રાજ્યો : 90% હિસ્સો કેન્દ્ર સરકારનો અને 10% હિસ્સો રાજ્ય સરકારનો
  b) અન્ય રાજ્યો : 60% હિસ્સો કેન્દ્ર સરકાર અને 40% હિસ્સો રાજ્ય સરકાર
  c) કેન્દ્રશાસિત પ્રદેશ (વિધાનસભા સાથે અને વિધાનસભા વિના) : 100% કેન્દ્રસરકારનો હિસ્સો

### પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાના ફાયદાઓ :

- મત્સ્યપાલન ક્ષેત્રની ગંભીર ખામીઓ દૂર કરતા તેની ક્ષમતાઓનો ભરપૂર ઉપયોગ થશે.
- મત્સ્યપાલન ક્ષેત્રમાં 9%ના દરથી વાર્ષિક વૃદ્ધિ સાથે 2024-25 સુધીમાં 22 મિલિયન મેટ્રિક ટનના ઉત્પાદનનો લક્ષ્ય પ્રાપ્ત થઈ શકશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- મત્સ્યપાલન માટે ગુણવત્તાયુક્ત મત્સય બીજ અને ચારાની ઉપલબ્ધતા વધારવી, માછલીમાં ટ્રેસેબિલિટી સુધારવી જેમાં અસરકારક રીતે જળજીવોના વ્યવસ્થાપનનો પણ સમાવેશ થાય છે.
- મત્સ્યપાલન માટે આવશ્યક માળખું અને મજબૂત મૂલ્ય શ્રેણી વિકસિત થઈ શકશે.
- શહેર અને ગ્રામીણ ક્ષેત્રોમાં મત્સ્યપાલનથી પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપથી જોડાયેલ બધા લોકોમાં રોજગાર અને આવક માટે શ્રેષ્ઠ અવસર બનશે.
- આ ક્ષેત્રમાં રોકાણને આકર્ષિત કરવામાં મદદ મળશે જેનાથી માછલી ઉત્પાદન ક્ષેત્રમાં વધુ હરીફો બનશે.
- આ યોજનાથી વર્ષ 2024 સુધીમાં મત્સ્યપાલનથી જોડાયેલ ખેડૂતોની આવક બમણી કરવામાં મદદ મળશે.
- યોજનાના માધ્યમથી મત્સ્યપાલન ક્ષેત્ર અને તેની સાથે જોડાયેલા ખેડૂતો અને શ્રમિકોને સામાજિક અને આર્થિક સુરક્ષા મળશે.

## સુક્ષ્મ ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગો (Micro Food Processing Enterprises)

- તાજેતરમાં કેન્દ્ર મંત્રીમંડળ દ્વારા સમગ્ર ભારતમાં ફેલાયેલા બિનસંગઠિત માટે નવી કેન્દ્રીય પ્રયોજિત "સુક્ષ્મ ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગોના ઔપચારિકરણ યોજના"ને મંજૂરી આપી છે.
- આ યોજના માટે રૂ. 10,000 કરોડ ફાળવવામાં આવ્યા છે.
- આ યોજના અંતર્ગતનો ખર્ચ એ કેન્દ્ર અને રાજ્યો દ્વારા 60 : 40ના ધોરણે (60% અને 40%) વહેંચવામાં આવશે.

### યોજનાની મુખ્ય બાબતો :

1) **યોજનાનો ઉદ્દેશ્ય :**

- સુક્ષ્મ ખાદ્ય પ્રસંસ્કરણ એકમો સુધી નાણાકીય ઉપલબ્ધતામાં વધારો કરવો.
- લક્ષિત ઉદ્યોગોની આવકમાં વધારો કરવો.
- ખાદ્યચીજોની ગુણવત્તા અને સલામતીના માપદંડોનું વધુ ઉન્નત અનુપાલન કરવું.
- સહાયક વ્યવસ્થાતંત્રની ક્ષમતા વધુ મજબૂત કરવી.
- બિન–સંગઠિત ક્ષેત્રમાંથી ઔપચારિક (સંગઠિત) ક્ષેત્રમાં રૂપાંતરણ કરવું.
- મહિલા ઉદ્યોગ સાહસિકો અને મહત્ત્વકાંક્ષી જિલ્લાઓ પર વિશેષ ધ્યાન આપવું.
- વેસ્ટ ટુ વેલ્થ અર્થાત્ નકામી ચીજોમાંથી પણ સમૃદ્ધિ સર્જન કરતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.
- આદિજાતિ જિલ્લાઓમાં ગૌણ વન પેદાશો પર ધ્યાન આપવું.

2) **યોજનાની મુખ્ય વિશેષતાઓ :**

- કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે અને ખર્ચ કેન્દ્ર અને રાજ્ય દ્વારા 60:40ના ના ભાગમાં ભોગવવામાં આવશે.
- 2,00,000 માઈક્રો ઉદ્યમોને ધિરાણ સાથે જોડાયેલ સબસિડી દ્વારા મદદ કરવામાં આવશે.
- આ યોજના આગામી 5 વર્ષ સુધી અર્થાત્ વર્ષ 2020-21થી 2024-25 સુધી અમલમાં રહેશે.
- યોજના અંતર્ગત કલસ્ટર અભિગમ રહેશે.
- ઝડપથી બગડી જાય છે તેવી ચીજો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

3) **વ્યક્તિગત માઈક્રો એકમોને સહાય :**

- માઈક્રો ઉદ્યોગોને યોગ્યતા ધરાવતા પ્રોજેક્ટ ખર્ચના 35% ના ધોરણે ધિરાણ સાથે જોડાયેલ સબસિડીનો લાભ મળી શકશે જેમાં રૂ. 10 લાખની ઉપલી મર્યાદા નિશ્ચિત હશે.
- લાભાર્થીનું યોગદાન ઓછામાં ઓછું 10% રહેશે અને અને બાકીની રકમ લોન દ્વારા આપવામાં આવશે.
- ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તેમજ ટેકનિકલ અપગ્રેડેશન માટે સ્થળ પર કૌશલ્યની તાલીમ અને હેન્ડહોલ્ડિંગ.

4) **ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO)/સ્વ-સહાય જૂથો (SHG) /સહકારી મંડળીઓને સહકાર :**

- કાર્યકારી મૂડી અને નાના સાધનો અને સભ્યોને લોન લેવા માટે SHGને પ્રારંભિક મૂડી.
- બેકવર્ડ/ફોરવર્ડ લિંકેજ, સામાન્ય આંતરમાળખું, પેકેજિંગ, માર્કેટિંગ અને બ્રાન્ડિંગ માટે અનુદાન.
- કૌશલ્ય તાલીમ અને હેન્ડ–હોલ્ડિંગ સહકાર ધિરાણ સાથે જોડાયેલી મૂડી સબસિડી

5) **યોજનાનું અમલીકરણ :**

- આ યોજનાનું અમલીકરણ સમગ્ર ભારતમાં કરવામાં આવશે.
- ધિરાણ સાથે જોડાયેલી સબસિડી 2 લાખ એકમોને આપવામાં આવશે.
- SHGને પ્રારંભિક મૂડી આપવામાં આવશે (પ્રત્યેક SHGને રૂ. 4 લાખના ધોરણે) જેથી કાર્યકારી મૂડી અને નાના સાધનો માટે સભ્યો ધિરાણ લઈ શકશે.

- બેકવર્ડ/ફોરવર્ડ લિંકેજ સામાન્ય આંતરમાળખું, પેકેજિંગ, માર્કેટિંગ અને બ્રાન્ડિંગ માટે FPOને અનુદાન આપવામાં આવશે.

6) **વહીવટી અને અમલીકરણ વ્યવસ્થાતંત્ર :**

- આ યોજના કેન્દ્ર સ્તરે ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રીની અધ્યક્ષતામાં આંતર મંત્રાલય સશક્ત સમિતિ (Inter-Ministerial Empowered Committee-IMEC) દ્વારા દેખરેખ રાખવામાં આવશે.
- મુખ્ય સચિવની અધ્યક્ષતામાં રાજ્ય/કેન્દ્રશાસિત સ્તરની સમિતિ દેખરેખ રાખશે અને મંજૂરી આપશે તેમજ SHG/FPO/સહકારી મંડળીઓ દ્વારા માઈક્રો એકમોના વિસ્તરણ અને નવા એકમોની દરખાસ્તોની ભલામણ કરશે.
- રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો વાર્ષિક કામગીરી પ્લાન તૈયાર કરશે જેમાં યોજનાના અમલીકરણ માટે વિવિધ પ્રવૃત્તિઓ આવરી લેવામાં આવી હશે જેને ભારત સરકાર દ્વારા માન્યતા આપવામાં આવશે.
- આ યોજનામાં તૃતીય પક્ષ દ્વારા મૂલ્યાંકન અને મધ્યસત્રીય સમીક્ષાનું વ્યવસ્થાતંત્ર ઊભું કરવામાં આવશે.

7) **રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ નોડલ વિભાગ અને એજન્સી :**

- રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની સરકાર આ યોજનાના અમલીકરણ માટે નોડલ વિભાગ અને એજન્સી સૂચિત કરશે.
- નોડેલ એજન્સી યોજનાના અમલીકરણ માટે જવાબદાર રહેશે. અને તેના અંતર્ગત રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરે અપગ્રેડેશન પ્લાન, કલસ્ટર વિકાસ પ્લાન, જિલ્લા/પ્રાદેશિક સ્તરે સંસાધન સમૂહોને કામગીરીમાં જોડવા અને તેના પર દેખરેખ રાખતી, એકમો અને સમૂહોને જરૂરી સહકાર આપવો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

8) **નેશનલ પોર્ટલ :**

- એક રાષ્ટ્રીય સ્તરનું પોર્ટલ તૈયાર કરવામાં આવશે જેમાં અરજદારો/વ્યક્તિગત ઉદ્યોગો આ યોજનામાં ભાગ લેવા અરજી કરી શકશે.
- યોજનાની તમામ પ્રવૃત્તિઓ નેશનલ પોર્ટલ અંતર્ગત હાથ ધરવામાં આવશે.

9) **એકકેન્દ્રીતા માળખું :**

- ભારત સરકાર અને રાજ્ય સરકારો દ્વારા અમલી હાલની યોજનાઓમાંથી સહાયતા પણ આ યોજનાઓ અંતર્ગત લઈ શકાશે.
- આ યોજનાથી એવા અંતરાલો પૂરવાનો પ્રયાસ કરવામાં આવશે જ્યાં અન્ય સંસાધનોમાંથી સહકાર ઉપલબ્ધ ન હોય. તેમાં ખાસ કરીને મૂડી રોકાણ હેન્ડ હોસ્ટિંગ સહકાર, તાલીમ અને સામાન્ય આંતરમાળખા માટે સહાય આપવામાં આવશે.

10) **યોજનાની અસર અને રોજગારી નિર્માણ :**

- અંદાજિત 8 લાખ સુક્ષ્મ ઉદ્યોગોને માહિતીની વધુ સારા બજારની ઉપલબ્ધતા અને ઔપચારિકરણ દ્વારા લાભ મળશે.
- 2 લાખ માઈક્રો ઉદોગોને વિસ્તરણ અને અપગ્રેડેશન માટે ધિરાણ સાથે જોડાયેલ સબસિડી સહાય અને હેન્ડ હોસ્ટિંગ આપવામાં આવશે.
- ઔપચારિકરણ થવાને લીધે ઉદ્યોગો વધુ સ્પર્ધાત્મક બનશે.
- આ યોજનાથી 9 લાખ કૌશલ્યપૂર્ણ અને અર્ધ–કૌશલ્યપૂર્ણ નોકરીઓનું સર્જન થશે.
- આ યોજનામાં વર્તમાન સુક્ષ્મ ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગો મહિલા ઉદ્યોગ સાહસિકો અને મહત્ત્વકાંક્ષી જિલ્લામાં કાર્યરત ઉદ્યોગ સાહસિકોને ધિરાણ ઉપલબ્ધ કરાવવાની પરિકલ્પના છે.
- સંગઠિત બજારોના કારણે વધુ સારી એકીકૃતતા આવશે.
- સોર્ટિંગ, ગ્રેડિંગ, પ્રસંસ્કરણ, પેકેજિંગ, ભંડાર વગેરે જેવી સમાન સેવાઓની પહોંચ ઉપલબ્ધ થશે.

**ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગોની પૃષ્ઠભૂમિ :**

- અંદાજે 25 લાખ નોંધણી કરાવ્યા વગરના ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગો છે જેઓ આ ક્ષેત્રમાં લગભગ 98% હિસ્સો ધરાવે છે. પરંતુ તેઓ અનૌપચારિક (બિન–સંગઠિત) છે.
- ઉપરોક્ત એકમોમાંથી 66% એકમો ગ્રામીણ વિસ્તારોમાં આવેલા છે અને તેમાંથી 80% જેટલા એકમો પરિવાર આધારિત ઉદ્યોગો છે.
- આ ક્ષેત્રને સંખ્યાબંધ પડકારોનો સામનો કરવો પડે છે.
- આવા પડકારોમાં ધિરાણની અનુપલબ્ધતા, સંસ્થાકીય ધિરાણમાં વધુ ખર્ચ, અદ્યતન ટેકનોલોજીની પહોંચનો અભાવ, ખાદ્ય પુરવઠા સાંકળ સાથે એકીકૃત થવાનું અસામર્થ્ય અને આરોગ્ય તેમજ સલામતી માપદંડોના અનુપાલનની અસમર્થતા પણ સામેલ છે.
- આ ક્ષેત્રને વધુ મજબૂત કરવાથી બગાડમાં ઘટાડો થશે. ખેતરો સિવાયની રોજગારીની તકોનું સર્જન થશે તથા ખેડૂતોની આવકો બમણી કરવાનો લક્ષ્ય પણ પ્રાપ્ત થઈ શકશે.

## સામાન્ય નાણાકીય નિયમોમાં સુધારો

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા સામાન્ય નાણાકીય નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➢ આ સુધારા દ્વારા એ બાબત સુનિશ્ચિત કરવામાં આવશે કે રૂ. 200 કરોડથી ઓછી કિંમતની વસ્તુઓ અને સેવાઓ ઘરેલું કંપનીઓથી ખરીદવામાં આવે.

➢ આ સુધારા દ્વારા આત્મનિર્ભર ભારત અંતર્ગત રૂ. 200 કરોડ સુધીની ખરીદી પર ગ્લોબલ ટેન્ડર બહાર પાડવામાં નહીં આવે તે બાબતને લાગુ કરવામાં આવશે.

### સામાન્ય નાણાકીય નિયમો વિશે :

➢ સામાન્ય નાણાકીય નિયમો એ જાહેર નાણા સાથે સંબંધિત નિયમોનો સમૂહ છે.

➢ સામાન્ય નાણાકીય નિયમોને પ્રથમ વખત 1947માં જાહેર કરવામાં આવ્યા હતા. આ નિયમોમાં વર્ષ 1963 અને 2005માં સુધારો કરવામાં આવ્યો હતો.

## અર્થવ્યવસ્થાને મજબૂત કરવા RBI દ્વારા લેવામાં આવેલા પગલાંઓની ઘોષણા

➢ COVID-19ના લીધે ઊભી થયેલી આર્થિક અસ્થિરતા અને અનિશ્ચિતતાના સમયે નાણાકીય સ્થિરતા બનાવી રાખવા 9 મહત્ત્વના નિયમોની ઘોષણા કરવામાં આવી છે.

➢ RBI ગર્વનરના ઓનલાઈન સંબોધનના માધ્યમથી ઘોષણા કરતા જણાવ્યું હતું કે આપણે ભારતની સુદઢતાની સાથે બધી મુશ્કેલીઓ દૂર કરવાની ક્ષમતાઓ પર વિશ્વાસ રાખવો જોઈએ.

➢ RBI દ્વારા નાણાકીય સ્થિરતા માટે લેવાયેલા પગલાંઓ નીચે મુજબના છે :

■ **રેપો રેટમાં 0.4%નો ઘટાડો :**

➢ COVID-19ના પ્રભાવને ઓછો કરવા માટે પ્રમુખ નીતિગત દર (પોલીસી રેટ) ને ઘટાડવાની ઘોષણા કરવામાં આવી છે.

➢ રેપો રેટ 4.4%થી ઘટાડી 4% કરવામાં આવ્યો છે. અર્થાત્ તેમાં 0.4%નો ઘટાડો કરવામાં આવ્યો છે.

➢ આ ઘટાડા સાથે જ રિવર્સ રેપો રેટ 3.75%થી ઘટાડી 3.35% અને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ અને બેંક રેટ 4.65%થી ઘટાડી 4.25% કરવામાં આવેલ છે.

### બજારના કામકાજને વધુ સારા બનાવવાના ઉપાયો :

(i) **SIDBIને પુનર્ધિરણની સુવિધામાં 90 દિવસનો વધારો :**

➢ લઘુ ઉદ્યોગોને વધુ આર્થિક ઋણની અપૂર્તિને સક્ષમ બનાવવા માટે RBI દ્વારા SIDBI (Small and Industrial Development Bank of India)ને 90 દિવસના સમય માટે RBI દ્વારા નીતિગત રેપો રેટ પર રૂ. 15000 કરોડની વિશેષ પુનર્ધિરણની સુવિધા આપવામાં આવશે.

(ii) **સ્વૈચ્છિક પ્રતિધારણા માર્ગ (Voluntary Retention Route) અંતર્ગત વિદેશી પોર્ટફોલિયોના રોકાણ માટેના નિયમોમાં છૂટ :**

➢ સ્વૈચ્છિક પ્રતિધારણ માર્ગ એક રોકાણ સુવિધાન છે જે RBI દ્વારા વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોને આપવામાં આવે છે અને જે વધુ રોકાણ કરવાની પ્રતિબદ્ધતાના બદલામાં હળવા નિયમોની રજૂઆત કરે છે.

➢ નિયમો અંતર્ગત ફાળવેલ રોકાણ સીમાનું ઓછામાં ઓછું 75% રોકાણ 3 મહિનાની અંદર થવું જોઈએ.

➢ હાલમાં બજારની સમસ્યાને ધ્યાનમાં રાખતા આ સમયગાળો 6 મહિનાનો કરવામાં આવ્યો છે.

### નિકાસ અને આયાતમાં સહયોગના ઉપાયો :

➢ બેંકો દ્વારા નિકાસકારો માટે મંજૂર શિપમેન્ટ પહેલા અને શિપમેન્ટ બાદ નિકાસ ઋણનો મહત્ત્વ સ્વીકાર્ય સમય હાલના 1 વર્ષથી વધારી 15 માસ કરવામાં આવેલ છે.

➢ વિદેશ વ્યાપાર અને નાણાકીય સહાયતા અને સુવિધાજનક બનાવવા હેતુ એકિઝમ બેંક (EXIM Bank) માટે રૂ. 15,000 કરોડના ઋણ (લાઈન ઓફ ક્રેડિટ)ની ઘોષણા કરવામાં આવી છે.

➢ ઋણનો સમયગાળો 90 દિવસ માટેનો છે જેને 1 વર્ષ સુધી વધારવાની પણ જોગવાઈ છે.

➢ એક્ઝિમ બેંકને વિદેશી મુદ્રા સંસાધન સંબંધી આવશ્યકતાઓ પૂરી કરવા, વિશેષ રૂપથી અમેરિકી ડોલર અદલા–બદલી સુવિધાનો લાભ ઉઠાવવામાં સક્ષમ બનાવવા માટે ઋણ આપવામાં આવી રહ્યું છે.

➢ ભારતમાં સામાન્ય આયાતની ચૂકવણીના સમયગાળાનો શિપમેન્ટની તારીખ 6 મહિનાથી વધારી 12 મહિના કરવામાં આવેલ છે. 31 જુલાઈ, 2020ના પહેલ કરવામાં આવેલ આયાત માટે લાગુ થશે.

### નાણાકીય મુશ્કેલીઓ ઓછી કરવાના ઉપાયો :

■ **નિયમનકારી ઉપાયો માટે 3 મહિનાનો વધુ સમય વિસ્તાર :**

➢ RBI દ્વારા પહેલા કરવામાં આવેલ જાહેરાતો અને નિયમનકારી ઉપાયો લાગુ કે સ્વીકાર્યતા 1 જૂન, 2020થી 3

મહિના વધારી 31 ઓગસ્ટ, 2020 સુધી કરવામાં આવેલ છે. આવા નિયમનકારી ઉપાયો નીચે મુજબના છે :

i) મુદત લોનના હપ્તાની ચૂકવણી પર 3 મહિનાની વધુ છૂટછાટ આપવામાં આવી છે.

ii) કાર્યશીલ મૂડી સુવિધાઓનું વ્યાજ 3 મહિના સુધી સ્થગિત

iii) માર્જિન ઓછું કરવા કે કાર્યશીલ મૂડી ચક્રનું ફરીથી આકલન કરવા કાર્યશીલ મૂડી ધિરાણ સંબંધી આવશ્યકતાઓને વધુ સુગમ બનાવવી.

iv) સુપરવાઈઝરી રિપોર્ટિંગ અને ક્રેડિટ સૂચના કંપનીઓને રિપોર્ટિંગમાં "ડિફોલ્ટર"ના રૂપમાં વર્ગીકૃત કરવાથી છૂટ આપવી.

v) ફસાયેલા દેવાઓના સમાધાન માટેની સમયસીમાનો વિસ્તાર.

### કાર્યશીલ મૂડી પરના વ્યાજને વ્યાજની મુદતના ઋણમાં પરિવર્તિત કરવાની જોગવાઈ :

➤ ધિરાણ આપનારી સંસ્થાઓને 6 મહિના (1 માર્ચ, 2020 – 31 ઓગસ્ટ, 2020) સુધીના કુલ સ્થગન સમય દરમિયાન કાર્યશીલ મૂડી સુવિધાઓ પરના વ્યાજને વ્યાજની મુદતના ધિરાણમાં પરિવર્તિત કરવાની મંજૂરી આપવામાં આવી છે.

➤ આ ધિરાણની લોનને 31 માર્ચ, 2021ના સમાપ્ત થતા ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન સંપૂર્ણ રીતે ચૂકવવાની રહેશે.

### કંપનીઓમાં નાણાનો પ્રવાહ વધારવા ગ્રુપ એક્સપોઝર લિમિટમાં વધારો :

➤ બેંક દ્વારા કોઈ વિશેષ કોર્પોરેટ સમૂહને આપવામાં આવતા મહત્તમ ઋણને તેમની મૂડીના આધાર પર 25%થી વધારી 30% કરી દેવામાં આવેલ છે.

➤ વર્તમાનમાં કંપનીઓને બેંકો પાસેથી નાણાં મેળવવામાં પડતી મુશ્કેલીઓના લીધે આ પગલા લેવામાં આવે છે.

➤ વધારવામાં આવેલી આ મર્યાદા 30 જૂન, 2021 સુધી લાગુ રહેશે.

### રાજ્ય સરકારોની નાણાકીય મુશ્કેલીઓ ઓછી કરવાના ઉપાયો :

➤ રાજ્યોને 'કંસોલિડેટેડ સિંકિંગ ફંડ"થી વધુ ઉધાર લેવાની મંજૂરી આપવામાં આવી છે.

➤ કંસોલિડેટેડ સિકિંગ ફંડને રાજ્ય સરકારો દ્વારા પોતાના દેવાની ચૂકવણી કરવા એક બફરના રૂપમાં બનાવવામાં આવેલ છે.

➤ આ ભંડોળમાંથી નાણાં ઉપાડવાને નિયંત્રિત કરતા નિયમોમાં હવે છૂટછાટ આપવામાં આવી છે જેથી રાજ્યોને 2020-21માં દેવાની રકમ ચૂકવવા સક્ષમ બનાવી શકાય.

➤ આ નિયમો તત્કાલ પ્રભાવથી લાગુ થશે અને 31 માર્ચ, 2021 સુધી માન્ય રહેશે.

## ઓડિશામાં કરાર આધારિત કૃષિ (Contract Farming) માટે વટહુકમ

➤ તાજેતરમાં ઓડિશા રાજ્યની સરકાર દ્વારા કરાર આધારિત કૃષિ (Contract Farming)ના સંદર્ભે વટહુકમ લાવવામાં આવ્યો છે.

➤ COVID-19ના લીધે ઉત્પન્ન થયેલી સમસ્યાઓના સમાધાન રૂપે આ વટહુકમ લાવવામાં આવ્યો છે.

### કરાર આધારિત કૃષિના વટહુકમ વિશે :

➤ આ વટહુકમ દ્વારા ખેડૂતો અને રોકાણકારોને કરાર આધારિત કૃષિ માટેની મંજૂરી આપવામાં આવી છે.

➤ કરાર કૃષિએ સમવર્તી યાદી (Concurrent List)નો વિષય છે જ્યારે કૃષિ એ રાજ્ય યાદી (State List)નો વિષય છે.

### કરાર આધારિત કૃષિ માટે ભારતમાં કાયદાઓ :

➤ કરાર કૃષિના ઉત્પાદકોના હિતોની રક્ષા માટે કૃષિ મંત્રાલયે "મોડેલ કૃષિ માર્કેટિંગ સમિતિ અધિનિયમ, 2003" (Model Agriculture Marketing Committee Act, 2003) અંતર્ગત ડ્રાફ્ટ તૈયાર કરેલ છે.

➤ આ અધિનિયમ અંતર્ગત ખરીદદારોની નોંધણી, કરારનો રેકોર્ડ, વિવાદ સમાધાનની પ્રક્રિયા વગેરેની જોગવાઈ છે.

➤ કેન્દ્ર સરકાર દ્વારા મોડેલ કરાર કૃષિ અધિનિયમ, 2018ના માધ્યમથી રાજ્ય સરકારોને આ મોડેલ અધિનિયમ મુજબ કૃષિ કાયદાઓ ઘડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

### કરાર કૃષિના ફાયદાઓ/લાભ :

➤ કરાર કૃષિ એ ખેડૂતો અને કંપની વચ્ચેનો કરાર છે. નાના ખેડૂતો મળી એક સંગઠનના રૂપમાં કામ કરી શકે છે. આથી કૃષિ પેદાશોની કિંમત વધુ પ્રાપ્ત થઈ શકે છે.

➤ ખેડૂતો અને ખાનગી ખરીદનારી કંપનીઓ વચ્ચે ઉત્પાદનની પ્રાપ્તિ, ખરીદી તથા માર્કેટિંગની શરતો પહેલેથી નક્કી કરવામાં આવે છે.

- કંપનીઓ ખેડૂતોને તકનિકો, સલાહ, ખાતર અને બીજ જેવી સુવિધાઓ પણ પૂરી પાડે છે. તેનાથી ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ ઘટે છે તથા ધિરાણ કે ઉધારના નાણાં પર નિર્ભર રેહવું પડતું નથી.
- કરાર આધારિત કૃષિને કાયદાકીય સ્વરૂપ આપવાથી કૃષિ અને માર્કેટિંગ સંબંધિત આંતરમાળખા (પરિવહન, કોલ્ડ સ્ટોરેજ વગેરે)ની સુવિધાનો વિકાસ થશે.
- આ પ્રયાસ એ કૃષિમાં ખાનગી ભાગીદારીને પ્રોત્સહિત કરે છે. તેનાથી કૃષિ ક્ષેત્રે થતાં રોકાણમાં પણ વધારો થશે.
- કૃષિ ક્ષેત્રે ખેડૂતોની ઉત્પાદકતામાં વધારો થશે. આ ઉપરાંત ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યને પણ પ્રાપ્ત કરવામાં મદદ મળશે.
- કરાર કૃષિના માધ્યમથી ફૂડ પ્રોસેસિંગના ક્ષેત્રને પ્રોત્સાહન મળશે. તેનો ઉપયોગ કૃષિ નિકાસ વધારવામાં પણ થઈ શકે છે.
- કૃષિમાં હાલમાં પ્રવર્તતી બેરોજગારી તેમજ ખેડૂતોની ઓછી આવક, આત્મહત્યાના કિસ્સાઓ જેવી બાબતોનું સમાધાન થઈ શકે છે.
- કરાર કૃષિના માધ્યમથી કૃષિનું વ્યાવસાયીકરણ શકય છે.

### કરાર કૃષિના પડકારો :

- કરાર કૃષિની બાબતમાં પેદાશોના પ્રકારો, સ્થિતિ વગેરેનો સંદર્ભે રાજ્યોના કાયદાઓની વચ્ચે એકરૂપતાનો અભાવ છે. રાજ્યની આવક ઘટવાની પણ શકયતા છે તેથી રાજ્યો કરાર કૃષિમાં ઈચ્છા દર્શાવતા નથી.
- કરાર કૃષિ હાલમાં કૃષિ વિકસિત રાજ્યો જેવાકે પંજાબ અને તમિલનાડુમાં વધુ પ્રચલિત છે જ્યારે કૃષિ ક્ષેત્રે અન્ય પછાત રાજ્યો તેનો લાભ ઉઠાવી શકતા નથી જે ક્ષેત્રીય અસમાનતામાં વધારો કરે છે.
- કૃષિમાં રોકાણની બાબતે ખેડૂતોને કંપનીઓ અને કોર્પોરેટ પર વધુ નિર્ભર બનાવે છે.
- કરાર કૃષિ એ "એકલ કૃષિ"ને પ્રોત્સાહિત કરે છે અર્થાત્ અમુક પાકો માટે જ કરારો થાય. આ બાબત જમીનની ફળદ્રુપતા તેમજ ખાદ્ય સુરક્ષા માટે જોખમી છે.
- પહેલેથી નક્કી કરવામાં આવતી કિંમતો ખેડૂતોને બજારમાં ઉપલબ્ધ તેનાથી પણ વધુ કિંમતથી વંચિત રાખી શકે છે.
- ભારતમાં 80%થી વધુ ખેડૂતો સીમાંત ખેડૂતો (1 એકરથી ઓછી જમીન ધરાવતા) છે. તેમને સંગઠિત કરવા એ સરળ કાર્ય નથી.
- પુરુષોની સરખામણીએ મહિલાઓની ભાગીદારી કરાર કૃષિમાં ઓછી છે જે સમાવેશી વિકાસના સિદ્ધાંતની વિરુદ્ધ છે.

## કોઈર જિઓ ટેકસટાઈલ્સ

- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કામાં સડક નિર્માણ માટે કોઈર જિઓ ટેકસટાઈલ્સ (Coir Textiles) નો ઉપયોગ કરવામાં આવશે.
- સડક નિર્માણ માટે પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજનાના નવા તકનિકી દિશા–નિર્દેશો મુજબ પ્રસ્તાવની પ્રત્યેક બેચની સડકોની કુલ લંબાઈના 15%માં નવી તકનિકોનો ઉપયોગ કરી નિર્માણ કરવામાં આવશે.
- તેમાંથી 5% સડકોનું નિર્માણ ઈન્ડિયન રોડ્સ કોંગ્રેસ (IRC) દ્વારા માન્યતા પાપ્ત તકનિકનો ઉપયોગ કરી કરવામાં આવશે. IRC એ ગ્રામીણ સડક નિર્માણ માટે કોઈર જિઓ ટેકસટાઈલને માન્યતા આપી છે.
- આંધ્રપ્રદેશ, ગુજરાત કેરલ, મહારાષ્ટ્ર, ઓડિશા, તમિલનાડુ અને તેલંગાણા એમ 7 રાજ્યોમાં કોઈર જિઓ ટેકસટાઈલનો ઉપયોગ કરવામાં આવશે. તેના માટે એક કરોડ ચોરસ મીટર જિઓ ટેકસટાઈલની જરૂરિયાત રહેશે.
- આ પ્રોજેકટનો અંદાજિત ખર્ચ રૂ. 70 કરોડ હશે.

### Back to basics : કોઈર જિઓ ટેકસટાઈલ વિશે :

- તે એક પ્રવેશ્ય (Permeable) ફેબ્રિક છે તથા પ્રાકૃતિક, મજબૂત, વધુ ટકાઉ, તોડ–ફોડ, વાળવું તેમજ ભેજ પ્રતિરોધક અને કોઈપણ સુક્ષ્મજીવ હુમલાથી મુકત છે.
- કોઈર એ 100% પ્રાકૃતિક ફાઈબર છે જે નવીનીકરણીય સ્ત્રોત નાળિયેરની ભૂકીમાંથી પ્રાપ્ત થાય છે.
- સરકારના આ નિર્ણયથી કોઈર જિઓ ટેકસટાઈલનું એક મોટું બજાર બનવાની સંભાવના છે અને COVID-19થી પ્રભાવિત કોઈર ઉદ્યોગ માટે એક વરદાનના રૂપમાં સાબિત થશે.

## GST પર આપદા ઉપકર

- કેન્દ્ર સરકાર એ વસ્તુ ને સેવા કર (GST) પર આપદા ઉપકર લગાવવાનો વિચાર કરી રહી છે.
- આ નિર્ણય એ COVID-19 મહામારીને કારણે ઉત્પન્ન થયેલા નાણાકીય સંકટના સમાધાન માટે લેવામાં આવેલો છે.
- નાણાં મંત્રાલય સમક્ષ GSTના 5% સ્લેબની સિવાયના અન્ય સ્લેબો (12%, 18% અને 28%) પર આપદા ઉપકર લગાવવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે.

### GST આપદા ઉપકર કોણ લાગુ કરી શકે ?

- 101માં બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા બંધારણમાં અનુચ્છેદ 279(A) ઉમેરવામાં આવી હતી.
- અનુચ્છેદ 279(A) અંતર્ગત GST પરિષદનું ગઠન કરવામાં આવ્યું છે.
- અનુચ્છેદ 279(4)(F) મુજબ GST પરિષદ કોઈપણ પ્રાકૃતિક આપદા દરમિયાન ઉપકર (સેસ) લાગુ કરવાની ભલામણ કરી શકે છે.

## મીઠી ક્રાંતિ અને આત્મનિર્ભર ભારત

- તાજેતરમાં "મીઠી ક્રાંતિ અને આત્મનિર્ભર ભારત" પર એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ વેબિનારનું આયોજન રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ, રાષ્ટ્રીય મધુમાખી બોર્ડ, પશ્ચિમ બંગાળ સરકાર, ઉત્તરાખંડ સરકાર અને શેર–એ–કશ્મીર કૃષિ વિજ્ઞાન અને તકનિકી વિશ્વવિદ્યાલયે સાથે મળીને કર્યું હતું.

### મીઠી ક્રાંતિ અને આત્મનિર્ભર ભારત વેબિનારનો ઉદ્દેશ્ય :

- આ વેબિનારનો ઉદ્દેશ્ય કૃષિ આવક અને કૃષિ ઉત્પાદનને વધારવાના સાધનના રૂપમાં ભૂમિહીન ગ્રામીણ ગરીબ, નાના અને સીમાંત લોકો માટે આજીવિકાના સ્ત્રોતના રૂપમાં વૈજ્ઞાનિક મધુમાખી પાલનને લોકપ્રિય બનાવવાનો છે.

### મધુમાખી પાલન સંબંધિત મહત્ત્વપૂર્ણ બાબતો :

- ખેડૂતોની આવકને બમણી કરવાના પોતાના લક્ષ્ય અંતર્ગત સરકાર મધુમાખી પાલનને પ્રોત્સાહન આપી રહી છે.
- સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત મુધમાખી પાલન માટે રૂ. 500 કરોડની ફાળવણી કરી છે.
- ભારત વિશ્વના 5 સૌથી મોટા મધ ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવે છે.
- વર્ષ 2005-06ની સરખામણીએ હવે મધનું ઉત્પાદન 242% સુધી વધી ગયું છે, અને તેની નિકાસમાં 265% વધારો થયો છે.
- મધુમાખી બોર્ડ દ્વારા રાષ્ટ્રીય મધુમાખી પાલન અને મધુ મિશન માટે મધુમાખી પાલનના પ્રશિક્ષણ માટે 4 મોડ્યુલ બનાવેલ છે. જેના માધ્યમથી 30 લાખ ખેડૂતોને પ્રશિક્ષણ આપવામાં આવશે.
- સરકાર એ મધુમાખી પાલનને પ્રોત્સાહન આપવા ગઠિત કરેલી સમિતિની ભલામણોને અમલી બનાવી રહી છે.

## સરકારી ઋણ પર સ્થિતિ પત્ર

- તાજેતરમાં સરકાર દ્વારા "સરકારી ઋણ પર સ્થિતિ પત્ર"ની 9મી આવૃત્તિ જાહેર કરવામાં આવી હતી.
- નાણાં મંત્રાલય દ્વારા સરકારી ઋણ 2018-19 પર સ્થિતિ પત્ર જાહેર કરવામાં આવ્યું હતું.
- સરકારી ઋણ પર સ્થિતિ પત્ર એ ભારત સરકારની સમગ્ર ઋણ બાબતોની સ્થિતિનું વર્ણન કરે છે.
- આ પત્રમાં કેન્દ્ર સરકારની નાણાકીય વર્ષ 2019-20 અને 2021-22ની ઋણ વ્યવસ્થાપન વ્યૂહરચના (Debt Management Strategy)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- કેન્દ્ર સરકાર દ્વારા આ ઋણ પર સ્થિતિ પત્ર એ વર્ષ 2010-11થી બહાર પાડવામાં આવે છે.

### સરકારી ઋણ પર સ્થિતિ પત્રની 9મી આવૃત્તિની મુખ્ય બાબતો :

- કેન્દ્ર સરકારના ઋણમાં વર્ષ 2017-18ની સરખામણીએ વર્ષ 2018-19માં GDPના 0.1%નો ઘટાડો થયો છે. નાણાકીય વર્ષ 2017-18માં સરકારી ઋણ GDPના 45.8% હતું. જે ઘટીને 2018-19માં 45.7% થયું છે.
- કેન્દ્ર અને રાજ્ય એમ બંનેના સંયુકત ઋણમાં પણ 0.1%નો ઘટાડો થયો છે. નાણાકીય વર્ષ 2017-18માં આ ઋણ GDPના 68.7% હતુ જે ઘટીને 68.6% થયેલ છે.
- નાણાકીય વર્ષ 2018-19માં બાહ્ય દેવું GDPના 2.7% (રૂ. 5.12 લાખ કરોડ) છે.
- કેન્દ્રની લગભગ 94.1% જવાબદારીઓ (Liabilities) નાણાકીય વર્ષ 2018-19માં ઘરેલું દેવું (Domestic Debt) છે તેમાંથી 84.4% (રૂ. 59.68 લાખ કરોડ) બજાર જામીનગીરીઓ છે.
- સૌથી લાંબી જામીનગીરીનો સમય એ 37 વર્ષ છે.
- કેન્દ્રનો સરેરાશ વ્યાજ ખર્ચ એ વર્ષ 2018થી 2019 સુધી અપરિવર્તિત રહ્યો છે. જે 7.1% છે.

## ESIC સામાજિક સુરક્ષા યોજનાના નામાં કનમાં વધારો

- કર્મચારી રાજ્ય વીમા નિગમ (Employee State Insurance Corporation)ના પેરોલ ડેટા જાહેર કરવામાં આવ્યો હતો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ આંકડાઓ અનુસાર લગભગ 8,21,000 નવા સભ્યો ESIC સામાજિક સુરક્ષા યોજનામાં સામેલ થયા છે.
- આ ડેટા એ રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (National Statistical Organization) દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો.
- જાહેર કરવામાં આવેલ આંકડાઓ મુજબ વર્ષ 2018-19માં યોજનાના ગ્રાહકો 14.9 મિલિયન હતા જે વધીને માર્ચ 2020માં 38.3 મિલિયન થઈ ગયા છે.

### Back to basics : કર્મચારી રાજ્ય વીમા નિગમ વિશે

- કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) એ શ્રમ અને રોજગાર મંત્રાલય અંતર્ગત એક સ્વાયત્ત નિગમ છે.
- તે કર્મચારીઓના વીમાનું વ્યવસ્થાપન કરે છે.
- તેની સ્થાપના એ કર્મચારી રાજ્ય વીમા અધિનિયમ, 1948 અંતર્ગત કરવામાં આવી હતી. અને તેની સ્થાપના 24 ફેબ્રુઆરી, 1951ના રોજ થઈ હતી.
- જૂન 2020થી ભારત સરકારે આ યોજના અંતર્ગત નોકરી પર રાખનાર અને કર્મચારીઓ દ્વારા વીમા માટે આપવામાં આવતા યોગદાનનો દર ઓછો કરવાનો નિર્ણય લીધો હતો.
- કરવામાં આવેલ ફેરફાર મુજબ નોકરી પર રાખનારનું યોગદાન 4.75% થી ઘટાડી 3.25% અને કર્મચારીનું યોગદાન 1.75% થી ઘટાડી 0.75% કરવામાં આવ્યું છે.
- આ સાથે જ જે કર્મચારીઓ રૂ. 137 કે તેનાથી ઓછું પ્રતિ દિન કમાય છે તેમને તેમના યોગદાનની ચૂકવણીથી છૂટ આપવામાં આવી છે.

## ભારત અને એશિયન ડેવલપમેન્ટ બેંક વચ્ચે કરાર

- 28 મે, 2020ના રોજ ભારત સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેંક વચ્ચે મહારાષ્ટ્રમાં રાજ્ય રાજમાર્ગોના નિર્માણ માટે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)થી પ્રાપ્ત થતી રકમનો ઉપયોગ મહારાષ્ટ્ર સરકાર દ્વારા સડક પરિયોજનાઓના સુધાર માટે કરવામાં આવશે.
- આ યોજનાના માધ્યમથી શહેરી અને ગ્રામીણ ક્ષેત્રો વચ્ચે સંપર્ક વધશે અને બજારો અને રોજગારીની અવસરો પહોંચાડવામાં મદદ થશે.
- રાજ્ય સરકાર આ રકમનો ઉપયોગ લોક નિર્માણ વિભાગના યોજના સાથે જોડાયેલા કર્મચારીઓને પ્રશિક્ષણ આપવા સડકોને આબોહવા પરિવર્તનને અનુકૂળ બનાવવા, સડક ડિઝાઈન, સડક સુરક્ષા અને સડકની સંભાળ રાખવા કરવામાં આવશે.

### Back to Basics : એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)

- ADB એક ક્ષેત્રીય વિકાસ બેંક છે જેની સ્થાપના 19 ડિસેમ્બર, 1966માં કરવામાં આવી હતી.
- આ બેંકની સ્થાપનાનો ઉદ્દેશ એશિયા–પ્રશાંત ક્ષેત્રમાં આર્થિક અને સામાજિક વિકાસને ગતિ આપવાનો છે.
- બેંકની અધ્યક્ષતા જાપાન દ્વારા કરવામાં આવે છે.
- બેંકનું મુખ્યાલય મનીલા, ફિલિપિન્સ ખાતે સ્થિત છે.
- બેંકના સદસ્યોની સંખ્યા 68 છે. જેમાંથી 49 એશિયા અને પ્રશાંત ક્ષેત્રના અને બાકીના 19 અન્ય ક્ષેત્રના છે.

### ADB અંતર્ગત ટોચના સભ્યો અને તેમનો હિસ્સો

| ક્રમ | ADB સભ્ય | હિસ્સો (ટકામાં) |
|---|---|---|
| 1 | જાપાન | 15.6 |
| 2 | સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા (USA) | 15.6 |
| 3 | ચીન | 6.4 |
| 4 | ભારત | 6.3 |
| 5 | ઓસ્ટ્રેલિયા | 5.8 |

## નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદ

- 28 મે, 2020ના રોજ કેન્દ્રીય નાણામંત્રી દ્વારા નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદની બેઠકની અધ્યક્ષતા કરવામાં આવી હતી.

### બેઠકની મુખ્ય બાબતો :

- આ બેઠકમાં વર્તમાન ઘરેલુ અને વૈશ્વિક આર્થિક સ્થિતિ, નાણાકીય નબળાઈઓના મુદ્દા, સુક્ષ્મ નાણાકીય સંસ્થાઓની તરલતા, બિન–બેન્કિંગ નાણાકીય કંપની, નિયામક પ્રક્રિયાઓ વગેરેની સમીક્ષા કરવામાં આવી હતી.
- પરિષદમાં જણાવવામાં આવ્યુ હતું કે COVID-19 એ વૈશ્વિક નાણાકીય પ્રણાલી માટે એક મોટું જોખમ ઉત્પન્ન કર્યું છે. અને તેમાંથી બહાર નીકળવાનો સમય અનિશ્ચિત છે.

## Back to basics : નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદ (Financial Stability and Development Council) વિશે

- નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદ ભારત સરકાર દ્વારા ગઠિત એક સર્વોચ્ચ સંસ્થા છે.
- વર્ષ 2008માં રઘુરામ રાજન સમિતિ દ્વારા આ સંસ્થાના ગઠન માટેનો વિચાર પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.
- આ પરિષદની સ્થાપના વર્ષ 2010માં તત્કાલીન નાણામંત્રી પ્રણવ મુખર્જી દ્વારા કરવામાં આવી હતી.
- આ પરિષદના અધ્યક્ષ એ કેન્દ્રીય નાણામંત્રી હોય છે.

### પરિષદના કાર્યો :

- પરિષદમાં નાણાકીય ક્ષેત્રનો વિકાસ, નાણાકીય સ્થિરતા, આંતરનિયમન સમન્વય, નાણાકીય સમાવેશીતા, નાણાકીય સાક્ષરતા વગેરે સંબંધિત મુદ્દાની ચર્ચા કરવામાં આવે છે.
- RBIના ગવર્નર, મુખ્ય આર્થિક સલાહકાર, આર્થિક બાબતોના વિભાગના નાણાં સચિવ, નાણાકીય સેવા વિભાગના સચિવ, SEBIના ચેરમેન, IRDAના ચેરમેન, PFRDAના ચેરમેન આ પરિષદના સદસ્યો હોય છે.
- આ પરિષદ આંતરરાષ્ટ્રીય ઈન્ટરફેસ જેમકે ફાયનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ સાથે પણ સમન્વયનું કાર્ય કરે છે.
- નાણામંત્રી પાસે સમયાંતરે આ પરિષદના કાર્યો બદલવાની સત્તાઓ હોય છે. વર્તમાનમાં આ પરિષદ એ COVID-19 દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા નાણાકીય મુદ્દાઓનું સમાધાન કરવા માટે કામ કરી રહી છે.

## ઈન્સ્ટન્ટ આધાર આધારિત e-kyc

- તાજેતરમાં કેન્દ્રીય નાણામંત્રી દ્વારા ઈન્સ્ટન્ટ આધાર આધારિત e-kyc લોન્ચ કરી હતી.
- આ સુવિધા પાનકાર્ડ ધરાવતા એવા આવેદકો પાસે ઉપલબ્ધ હશે જેમની પાસે કાયદેસર આધારકાર્ડ છે.
- આવેદકો પાસે આધાર સાથે નોંધાયેલ એક મોબાઈલ નંબર પણ હોવો જરૂરી છે.
- પાનકાર્ડ ફાળવવાની પ્રક્રિયા કાગળ રહિત અને મફત છે.
- ઈન્સ્ટન્ટ આધાર આધારિત e-kyc અંતર્ગત પાનકાર્ડની અરજી કરનારને ફોર્મ ભરવાની જરૂરીયાત નહી રહે અને તરત એક પ્રણાલી આપવામાં આવશે જે પાનકાર્ડ પ્રદાન કરશે.
- ઈન્સ્ટન્ટ આધાર આધારિત e-kycને નાણામંત્રી દ્વારા કેન્દ્રીય બજેટ 2020-21માં રજૂ કરવામાં આવ્યું હતું.

### પાનકાર્ડ વિશે :

- પાન (PAN) એક કાયમી ખાતા નંબર (Penmanent Account Number) છે. તે 10 આંકડાકીય આલ્ફા ન્યૂમેરિક સંખ્યા છે.
- આ નંબર એ આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવે છે.
- પાનકાર્ડ નંબર એ આવકવેરા વિભાગને વ્યક્તિની લેવડ–દેવડ ને વિભાગ સાથે જોડવામાં મદદરૂપ બનાવે છે.
- આવી લેવડ–દેવડમાં TDS, TCS, કર ચૂકવણી, આવકવેરા રિટર્ન વગેરેનો સમાવેશ થાય છે.

## ગ્લોબલ ડિપોઝિટરી રિસિપ્ટ્સ (Global Depositary Receipts-GDR)

- સિક્યુરિટી એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા અસાહી ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ પ્રોજેક્ટ્સ લિમિટેડ અને તેના એક વરિષ્ઠ અધિકારી પર GDR જાહેર કરવામાં ગડબડ માટે રૂ. 11 કરોડનો દંડ ફટકાર્યો છે.

### ગ્લોબલ ડિપોઝિટરી રિસિપ્ટ્સ અને અમેરિકન ડિપોઝિટરી રિસિપ્ટ્સ વિશે :

- ભારતીય કંપનીઓ ગ્લોબલ ડિપોઝિટરી રિસિપ્ટ્સ (GDR) અને અમેરિકન ડિપોઝિટરી રિસિપ્સ્સ (ADR)ના માધ્યમ દ્વારા દેશની બહારથી વિદેશી મુદ્રામાં નાણાકીય સંસાધનો એકત્રિત કરી શકે છે.
- કોર્પોરેટ દુનિયામાં મૂડી એકત્રિત કરવા માટેના વિવિધ માધ્યમો આવું જ એક માધ્યમ "ડિપોઝિટરી રિસિપ્ટ્સ" છે.
- ડિપોઝિટરી રિસિપ્ટ્સ (DR) દ્વારા બહુરાષ્ટ્રીય કંપનીઓ દેશની બહારથી વિદેશી મુદ્રામાં નાણાકીય સંસાધનો એકત્રિત કરી શકે છે.
- DR એવી જામીનગીરી (સિક્યુરિટી) છે જેને ભારતની બહાર એક ડિપોઝિટરી બેંક કોઈ ભારતીય કંપનીની તરફથી જાહેર કરે છે.
- આ એક નેગોશિયેબલ સિક્યુરિટી હોય છે જેની શેર અથવા બોન્ડની જેમ ખરીદી અથવા વેચાણ કરી શકાય છે.
- અમેરિકા, સિંગાપુર, લકઝમબર્ગ, લંડન વગેરે સ્થળો પર શેર બજારમાં તેનું ખરીદ–વેચાણ થઈ શકે છે.
- જો અમેરિકાના શેર બજારમા DRનું ખરીદ –વેચાણ થતુ હોય તો તેને ADR કહે છે. જ્યારે અન્ય દેશોમાં DR જાહેર કરવામાં આવે તો તેને GDR કહે છે.

➢ GDR અંતર્ગત ભારતની બહાર સ્થિત ડિપોઝિટરી બેંક અનિવાસી રોકાણકારોને જાહેર કરવામાં આવે છે. જે દેશોમાં તે જાહેર થાય ત્યાંના શેરબજારમાં તેનું વેચાણ કરવામાં આવે છે.

➢ GDR સામાન્ય શેર કે ફોરેન કરન્સી કન્વર્ટીબલ બોન્ડ જાહેર કરતી કંપનીના શેરના આધારે જાહેર કરવામાં આવે છે.

➢ કંપીનો જો યુરો એકત્રિત કરવા આ માધ્યમ અપનાવે તો તેને "યુરોપિયન ડિપોઝિટરી રિસિપ્ટ્સ" કહે છે.

## નાણાકીય વર્ષ 2019-20માં ભારતમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI)

➢ તાજેતરમાં ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (Department for Promotion of Industry and Internal Trade-DPIIT) દ્વારા ભારતમાં FDI સંબંધિત ડેટા પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

### નાણાકીય વર્ષ 2019-20માં ભારતમાં FDI

➢ ભારતમાં નાણાકીય વર્ષ 2019-20માં FDIમાં 13%નો વધારો થઈને રૂ. 49.97 અબજ ડલર થયું હતું. નાણાકીય વર્ષ 2018-19માં FDI રૂ. 44.36 અબજ ડોલર હતું.

➢ નીચેના ક્ષેત્રોમાં નાણાકીય વર્ષ 2019-20માં સૌથી વધુ FDI પ્રાપ્ત થયું છે.

FDI મેળવતા મુખ્ય ક્ષેત્રો

| ક્ષેત્ર | FDI (અબજ ડોલરમાં) |
|---|---|
| સેવા | 7.85 |
| કમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર | 7.67 |
| વ્યાપાર | 4.57 |
| દૂરસંચાર | 4.44 |
| વાહન | 2.82 |
| નિર્માણ | 2 |
| રસાયણ | 1 |

➢ નાણાકીય વર્ષ 2019-20માં વિવિધ દેશોમાંથી કરવામાં આવેલ FDI નીચે મુજબ છે. સૌથી વધુ FDI સિંગાપુરથી પ્રાપ્ત થયેલ છે.

વિવિધ દેશોમાંથી પ્રાપ્ત FDI

| દેશ | FDI (અબજ ડોલરમાં) |
|---|---|
| સિંગાપુર | 14.67 |
| મોરિશસ | 8.24 |
| નેધરલેંડ | 6.25 |
| અમેરિકા | 4.22 |
| કેમેન દ્વીપ | 3.7 |
| જાપાન | 3.22 |
| ફ્રાંસ | 1.89 |

➢ નાણાકીય વર્ષ 2018-19ની સરખામણીએ સિંગાપુરથી પ્રાપ્ત થયેલ FDI 2019-20માં ઓછું છે. વર્ષ 2018-19માં તે 16.22 અબજ ડોલર હતું.

### Back to basics : વિદેશી રોકાણ વિશે

➢ જ્યારે કોઈ દેશ દ્વારા પોતાના દેશના સ્ત્રોતમાંથી નાણાકીય સંસાધનો એકઠા કરી ન શકે ત્યારે અર્થવ્યવસ્થામાં વિદેશી રોકાણકારો દ્વારા રોકાણ કરવામાં આવે છે.

➢ વિદેશી કંપનીઓ દ્વારા શેરબજારમાં રોકાણ કરવામાં આવે છે.

➢ વિદેશી રોકાણ અંતર્ગત "પ્રત્યક્ષ વિદેશી રોકાણ" (Foreign Direct Investment) અને "વિદેશી પોર્ટફોલિયો રોકાણ" (Foreign Portfolio Investment-FPI) એમ બે પ્રકારે કરવામાં આવતું હોય છે.

| પ્રત્યક્ષ વિદેશી રોકાણ (Foreign Direct Investment) | વિદેશી પોર્ટફોલિયો રોકાણ (Foreign Portfolio Investment) |
|---|---|
| જો વિદેશી રોકાણકાર પોતાના રોકાણથી કંપનીના 10% કે તેનાથી વધુ શેર પ્રાપ્ત કરે તો તેને પ્રત્યક્ષ વિદેશી રોકાણ કહે છે. | જો વિદેશી રોકાણકાર દ્વારા કંપનીમાં 10%થી ઓછા શેર ખરીદવામાં આવે તો તેને વિદેશી પોર્ટફોલિયો રોકાણ કહે છે. |
| FDI દેશની અર્થવ્યવસ્થામાં સ્થિરતા આપે છે કારણ કે તે લાંબા સમયગાળા માટે કરવામાં આવે છે. | FDI એ દેશની અર્થવ્યવસ્થામાં અસ્થિરતા સર્જે છે કારણ કે તે ટૂંકા ગાળા માટે કરવામાં આવે છે. |

## નાણાકીય વર્ષ 2019-20ના અંતિમ ત્રિમાસિકનો GDP વૃદ્ધિદર

- તાજેતરમાં રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા નાણાકીય વર્ષ 2019-20ના છેલ્લા ત્રિમાસિક (જાન્યુઆરી–માર્ચ)ના GDPના વૃદ્ધિદર સંબંધિત આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા.
- આ આંકડાઓ અનુસાર નાણાકીય વર્ષ 2019-20ના અંતિમ ત્રિમાસિકમાં GDP દર 3.1% રહયો હતો. આ દર પાછલા 44 ત્રિમાસિકમાં સૌથી ઓછો વૃદ્ધિ દર છે.
- નાણાકીય વર્ષ 2019-20ના ત્રિમાસિકોમાં રહેલ GDP વૃદ્ધિ દર :

| નાણાકીય વર્ષ 2019-20 ત્રિમાસિક | GDP વૃદ્ધિ દર (ટકામાં) |
|---|---|
| પ્રથમ ત્રિમાસિક (એપ્રિલ–જૂન) | 5.2 |
| બીજુ ત્રિમાસિક (જુલાઈ–સપ્ટેમ્બર) | 4.4 |
| ત્રીજુ ત્રિમાસિક (ઓકટોબર–ડિસેમ્બર) | 4.1 |
| ચોથુ ત્રિમાસિક (જાન્યુઆરી–માર્ચ) | 3.1 |

### નાણાકીય વર્ષ 2019-20 માટેના GDP વૃદ્ધિ દરનું અનુમાન :

- રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (National Statistical Office-NSO)ના અંદાજ મુજબ નાણાકીય વર્ષ 2019-20માં GDP વૃદ્ધિ દર એ 4.2% રહેવાનો અંદાજ છે.
- વર્ષ 2018-19ની સરખામણીએ આ વૃદ્ધિદરમાં ઘટાડો થયો છે. વર્ષ 2018-19માં આ દર 6.1% હતો.
- નાણાકીય વર્ષ 2019-20માં અંદાજિત GDP વૃદ્ધિ દર એ 11 વર્ષોના ન્યૂનત્તમ સ્તર પર રહી શકે છે.

### નાણાકીય વર્ષ 2019-20માં ગ્રોસ ફિકસડ કેપિટલ ફોરમેશન(GFCF)

- નાણાકીય વર્ષ 2019-20માં GFCF અંતર્ગત -2.8%થી નકારાત્મક વૃદ્ધિ દર રહયો છે.
- GFCF એ સરકારી અને ખાનગી ક્ષેત્રમાં સ્થાયી મૂડી પર કરવામાં આવતા ચોખ્ખા મૂડી ખર્ચના આકલન સાથે છે.
- GFCF એ સ્થાયી સંપત્તિમાં થયેલ કુલ વધારા સાથે સંકળાયેલ ખ્યાલ છે.

## 7.75% બચત બોન્ડ, 2018 યોજના

- તાજેતરમાં કેન્દ્ર સરકારે "7.75% બચત બોન્ડ, 2018" યોજના પર રોક લગાવી દીધી છે.
- છેલ્લા કેટલાક મહિનાથી બેંકો દ્વારા જમા રકમ પર વ્યાજના દરોમાં ઘટાડો અને સરકાર દ્વારા અમુક નાની બચતના દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે.
- 28 મે, 2020 બાદ આ બોન્ડ પર રોકાણ કરી શકાશે નહીં. તેના પહેલા કરવામાં આવેલ રોકાણ અંતર્ગત લાભાર્થીઓને યોજનાનો લાભ મળતો રહેશે.
- COVID-19ના કારણે જોવા મળતા વધુ પડતા આર્થિક ભારતને કારણે સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### Back to basics : 7.75% બચત બોન્ડ, 2018 યોજના વિશે

- આ યોજના અંતર્ગત બોન્ડનું મૂલ્ય એ રૂ. 1000 રાખવામાં આવ્યું હતું.
- યોજના અંતર્ગત રોકાણ માટેની કોઈ મર્યાદા રાખવામાં આવી નથી.
- બોન્ડ જાહેર કરવામાં આવે ત્યારથી લઈને 7 વર્ષ માટેનો લોક–ઈન સમયગાળો રાખવામાં આવ્યો હતો.
- 60 વર્ષથી વધુ વયની વ્યક્તિ રોકાણ કર્યા બાદ 7 વર્ષ પહેલા પણ યોજનાથી બહાર નીકળી શકે છે.
- આ યોજના એ ભારતના નિવાસી નાગરિકો અને હિંદુ અવિભાજિત પરિવાર માટે શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત બોન્ડમાં કરવામાં આવેલા રોકાણ પર મળતા વ્યાજને "આવકવેરા અધિનિયમ, 1961" અંતર્ગત કર લાગુ થાય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

## પંચેન લામાને છોડવાની માંગ

➤ અમેરિકા દ્વારા તિબ્બત બૌદ્ધ ધર્મના 11માં "પંચેન લામા"ને છોડવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો. જેને ચીનના અધિકારીઓ દ્વારા માત્ર 6 વર્ષની ઉંમરમાં ઉમ્ર કેદ કરવામાં આવ્યા હતા.

➤ વર્ષ 1995માં દલાઈ લામા દ્વારા તિબ્બતના યુવા બાળક ગેદુન ચોકેઈ ન્યીમાને 11માં પંચેન લામાના રૂપમાં પસંદ કરવામાં આવ્યા હતા.

➤ આ ઘોષણાના થોડા દિવસ પછી જ 11માં "પંચેન લામા" અને તેનું પરિવાર રહસ્યમય રીતે ગાયબ થઈ ગયું અને પછીથી તે ક્યારેય દેખાયા નથી.

➤ દલાઈ લામા દ્વારા પસંદ કરવામાં આવેલ પંચેન લામા ગાયબ થયા બાદ ચીનના અધિકારીઓ દ્વારા અન્ય 6 વર્ષના બાળકને સત્તાવાર રીતે પંચેન લામા તરીકે પસંદ કરવામાં આવ્યા.

➤ તિબ્બતના લોકો, દલાઈ લામા, સંયુક્ત રાષ્ટ્ર અને માનવ અધિકાર સંગઠનો દ્વારા ચીનના આ પગલાની નિંદા કરવામાં આવી હતી.

➤ તિબ્બતના લોકોના મત મુજબ 11માં પંચેન લામા જીવિત છે અને વિશ્વના સૌથી ઓછી વયના રાજકીય કેદી છે.

### Back to basics : પંચેન લામા વિશે

➤ પંચેન લામા તિબ્બતના મહત્ત્વપૂર્ણ ધાર્મિક નેતાઓમાં એક છે.

➤ તેમનું સ્થાન તિબ્બતના બૌદ્ધ ધર્મમાં દલાઈ લામા પછી આવે છે.

➤ "પંચેન" શીર્ષકનો અર્થ મહાન વિદ્વાન થાય છે.

➤ પંચેન વંશની શરૂઆત વર્ષ 1385માં થઈ હતી જ્યારે તિબ્બતના "પંચેન લામા" દ્વારા જન્મ લેવામાં આવ્યો હતો.

➤ પરંપરાગત રીતે તાશી લૂગપો મઠના મઠાધિપતિને તેમની વિદ્વાનતાના કારણે પંચેનના રૂપમાં ઓળખવામાં આવે છે.

➤ બૌદ્ધ માન્યતા અનુસાર દલાઈ લામાની જેમ જ "પંચેન લામા"ને પણ બુદ્ધનો અવતાર માનવામાં આવે છે.

➤ પંચેન લામાને અમિતાભ અર્થાત્ બુદ્ધનો અસીમ પ્રકાશ આપના દૈવીય સ્વરૂપનો અવતાર માનવામાં આવે છે. જ્યારે દલાઈ લામાને અવલોકીતેશ્વર સ્વરૂપનો અવતાર માનવામાં આવે છે.

➤ દલાઈ લામા એ પંચેન લામાના આધ્યાત્મિક ગુરુના રૂપમાં કાર્ય કરે છે અને પંચેન લામા નવા દલાઈ લામાની શોધમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

➤ "લામા" બૌદ્ધ ધર્મનું એક શીર્ષક છે જેનો અર્થ "શ્રેષ્ઠ" છે. સત્તાવાર રીતે તે તિબ્બતના બૌદ્ધ ભિક્ષુઓને આપવામાં આવે છે.

## COVID-19 અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર

➤ કેન્દ્રીય વેપાર અને વાણિજય મંત્રાલયના આંકડાઓ મુજબ COVID-19ના લોકડાઉનને લીધે વૈશ્વિક વેપાર પ્રભાવિત થયાને લીધે એપ્રિલ મહિનામાં ભારતની આયાત અને નિકાસમાં ઘટાડો જોવા મળ્યો છે.

### આયાત-નિકાસમાં થયેલ ઘટાડો :

➤ કેન્દ્રીય વ્યાપાર અને વાણિજય મંત્રાલયના આંકડાઓ મુજબ એપ્રિલ મહિનામાં 60.3%નો ઘટાડો થયો છે.

➤ આ સાથે જ આયાતમાં પણ 58.7%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

➤ એપ્રિલ, 2020માં ભારતથી થતી નિકાસમાં 30 ઉત્પાદનોમાં થી ફક્ત 2 ઉત્પાદનો લોખંડ–પોલાદ અને દવાઓમાં વૃદ્ધિ જોવા મળી છે જ્યારે અન્ય ઉત્પાદનોના નિકાસમાં ઘટાડો જોવા મળ્યો છે.

➤ એપ્રિલ, 2020માં સોનું કિંમતી પથ્થરો, ઈલેક્ટ્રોનિક સામાન, મશીન વગેરેની નિકાસમાં ઘટાડો જોવા મળ્યો છે.

➤ આયાત–નિકાસના વેપારમાં થયેલા આ ઘટાડાને લીધે એપ્રિલ, 2020માં ભારતને 6.8 બિલિયન ડોલરની નુકસાની થઈ છે.

### વેપારમાં ઘટાડાના કારણો અને તેની અસરો :

➤ COVID-19ના કારણે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના લીધે સ્થાનીય બજારોમાં ઉત્પાદનોના વપરાશમાં ઘટાડો જોવા મળ્યો છે.

➤ વિશ્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા "દક્ષિણ એશિયા આર્થિક ફોકસ રિપોર્ટમાં ભારતીય સેવા ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય વેપારમાં ઘટાડો થવાનો અંદાજો લગાવવામાં આવ્યો હતો.

➤ વેપારના આ ઘટાડાનો પ્રભાવ એ બેરોજગારી પર વધુ પડયો છે.

➤ સેન્ટર ફોર મોનીટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE)ના દરમાં 27% ઘટાડો જોવા મળ્યો છે.

➤ WTOથી જોડાયેલ અર્થશાસ્ત્રીઓ અનુસાર વર્તમાનમાં વ્યાપારમાં જોવા મળતો ઘટાડો એ 2008-09થી આર્થિક મંદી કરતા પણ વધારે ગંભીર હશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### વૈશ્વિક વેપારમાં ઘટાડો :

- એશિયન ડેવલપમેન્ટ બેંકના અનુમાન મુજબ વર્ષ 2020-21માં દક્ષિણ એશિયાના GDPમાં 142 બિલિયનથી 218 બિલિયન ડોલરનો ઘટાડો જોવા મળી શકે તેમ છે.
- વિશ્વ વ્યાપાર સંગઠન મુજબ COVID-19 મહામારી અને વિશ્વના દેશોમાં લાગુ લોકડાઉનને કારણે વર્ષ 2020માં આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં 13.32%નો ઘટાડો થઈ શકે છે.

## વિશ્વ સ્વાસ્થ્ય સભા

- તાજેતરમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા 73મી "વિશ્વ સ્વાસ્થ્ય સભા" (World Health Assembly)નું આયોજન કરવામાં આવ્યું હતું.
- 18-19 મે, 2020ના રોજ વિશ્વ સ્વાસ્થ્ય સભાનું આયોજન વર્ચ્યુઅલ ધોરણે કરવામાં આવ્યું હતું.
- 73મી વિશ્વ સ્વાસ્થ્ય સભાનું આયોજન જીનિવા ખાતે થયું હતું.

### 73મી વિશ્વ સ્વાસ્થ્ય સભાની મુખ્ય બાબતો :

- COVID-19ના સંબંધિત મુદ્દાઓ પર નિષ્પક્ષ તપાસ કરવા હેતુ એક ડ્રાફ્ટ રજૂ કરવામાં આવ્યો હતો.
- આ ડ્રાફ્ટને યુરોપિયન સંઘ અને ઓસ્ટ્રેલિયાના નેતૃત્વમાં 62 દેશોના ગઠબંધને સમર્થન આપ્યું હતું.
- ડ્રાફ્ટ અંતર્ગત બધા જ દેશોને COVID-19 સંબંધિત સ્પષ્ટ અને પર્યાપ્ત રૂપથી વિસ્તૃત જાહેર સ્વાસ્થ્ય જાણકારી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન સાથે વહેંચવાનો ઉલ્લેખ છે.
- આ ડ્રાફ્ટ રજુ કરવાનું મુખ્ય કારણ એ COVID-19 સંદર્ભે WHOની ભૂમિકા પર ઉઠાવવામાં આવેલા પ્રશ્નો છે.
- WHO પર ઉઠતા આ પ્રશ્નોને કારણે જ USA દ્વારા WHOને આપવામાં આવતા ભંડોળ પર રોક લગાવવામાં આવી છે.
- વિશ્વના દેશો દ્વારા WHO પર આરોપ છે કે તેમણે વાયરસના દુષ્પ્રચારને પ્રોત્સાહન આપ્યું જેના લીધે વાયરસે આવું ગંભીર રૂપ ધારણ કર્યું છે.

### Back to basics : વિશ્વ સ્વાસ્થ્ય સભા વિશે

- વિશ્વ સ્વાસ્થ્ય સભા એ WHOની નીતિઓનું નિર્ધારણ કરે છે. અને તે સદસ્ય રાષ્ટ્રોના પ્રતિનિધિ કરતા લોકોથી બનેલ છે.
- પ્રત્યેક સદસ્યનું પ્રતિનિધિત્વ મહત્તમ 3 પ્રતિનિધિ દ્વારા કરવામાં આવે છે. જેમાંથી કોઈ એકની મુખ્ય પ્રતિનિધિ તરીકે પસંદગી કરવામાં આવે છે.
- આ સભાનું આયોજન વાર્ષિક ધોરણે પણ થઈ શકે અથવા કોઈ વિશેષ સત્ર દ્વારા પણ થઈ શકે છે.
- આ સભા WHOની નાણાકીય નીતિઓ નિરીક્ષણ કરે છે એ બજેટની સમીક્ષા કરી મંજૂરી આપે છે.
- વિશ્વ સ્વાસ્થ્ય સભાનું એક કાર્ય એક WHOના કર્મચારીઓ દ્વારા સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સંશોધનને પ્રોત્સાહન આપવાનું અને તેનું સંચાલન કરવાનું પણ છે.

## ટ્રાવેલ બબલ

- COVID-19 અને લોકડાઉન બાદ પોતાની અર્થવ્યવસ્થાને ફરી ઊભી કરવા માટે બાલ્ટિક દેશો ઈસ્ટોનિઆ, લટાવિયા અને લિથુઅનિયા દ્વારા "ટ્રાવેલ બબલ" શરૂ કરવામાં આવેલ છે.
- COVID-19 મહામારીને લીધે અર્થવ્યવસ્થા પર પ્રતિકૂળ અસર જોવા મળી છે. તેના લીધે આંતરરાષ્ટ્રીય તેમજ ઘરેલું વેપાર સ્થગિત થઈ ગયો હતો આથી ટ્રાવેલ બબલ એ અર્થતંત્રને ફરી તરતું રાખવા માટે ઉપયોગી બનશે.

### ટ્રાવેલ બબલ શું છે ?

- ટ્રાવેલ બબલ દ્વારા એવા દેશો અને રાજ્યોને ફરીથી જોડવામાં આવશે જેઓ COVID-19ના સંક્રમણને રોકવામાં સફળ રહ્યા છે અથવા તો તેમણે વાયરસને ફેલાતો રોકવા માટે સફળતા મેળવી હોય.
- આવા જોડવામાં આવતા દેશો વચ્ચે પર્યટન અને પરિવહન ફરીથી શરૂ થશે અને તે અર્થતંત્રને વેગવંતુ બનાવવામાં મદદ કરશે.

### ટ્રાવેલ બબલ કઈ રીતે કાર્ય કરશે ?

- ઈસ્ટોનિયા–લટાવિયા–લિથુઆનિયા દેશો વચ્ચે ટ્રાવેલ બબલ બનાવવામાં આવશે. આ ત્રણેય દેશોના નાગરિકો રેલ્વે, હવાઈ અને દરિયાઈ માર્ગથી કોરેન્ટાઈન વિના મુકત રીતે હેરફેર કરી શકશે.
- જે લોકો ઉપરોકત ત્રણ દેશો સિવાયના હશે અને તેમને આ ત્રણ દેશોમાં જવું હોય તો પહેલા 14 દિવસ અલગ (Isolation) રહેવું પડશે.
- ઉપરોકત ત્રણેય દેશોમાં હેરફેર કરવા કોઈપણ વ્યક્તિએ આ દેશો સિવાય પાછળના 14 દિવસમાં મુસાફરી કરી હોવી ન જોઈએ. COVID-19થી ચેપી થયા ન હોવા જોઈએ અને કોઈને પણ COVID-19 થયો હોય તેના સંપર્કમાં આવેલા હોવા ન જોઈએ.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## અફઘાનિસ્તાન સત્તા વહેંચણી સોદો

- તાજેતરમાં અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ઘાની અને તેમના વિરોધી અબ્દુલ્હા વચ્ચે સત્તા વહેંચણી સોદો (Power Sharing Deal) કરવામાં આવ્યો હતો. તેના દ્વારા અફઘાનિસ્તાનમાં રહેલી રાજકીય અનિશ્ચિતતા દૂર કરી શકાશે.

### અફઘાનિસ્તાન સત્તા વહેંચણીની સોદાની મુખ્ય બાબતો :

- આ સોદા મુજબ અશરફ ઘાની એ અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ પદે રહેશે.
- ડો. અબ્દુલ્હા એ તાલિબાન સાથે શાંતિ ચર્ચા (Peace talking) નેતૃત્ત્વ કરશે.
- આ સોદા મુજબ અબ્દુલ્હા એ અફઘાનિસ્તાનની "રાષ્ટ્રીય સમાધાન ઉચ્ચ પરિષદ" (National Reconciliation High Council)નું નેતૃત્ત્વ કરશે અને અબ્દુલ્હાની ટીમના અમુક લોકોનો અશરફ ઘાનીના કેબિનેટમાં સ્થાન આપવામાં આવશે.
- સમાધાન પરિષદ પાસે અફઘાનિસ્તાનની શાંતિ પ્રક્રિયા બાબતે મંજૂરી આપવાની તમામ સત્તાઓ રહેશે.

### અફઘાનિસ્તાનનો મુખ્ય મુદ્દો શું હતો :

- વર્ષ 2019ની ચૂંટણીમાં અશરફ ઘાની અને અબ્દુલ્હા બંને દ્વારા ચૂંટણી પર જીતનો દાવો કરવામાં આવ્યો હતો.
- અફઘાનિસ્તાનના ચૂંટણી પંચ દ્વારા અશરફ ઘાનીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ અબ્દુલ્હા દ્વારા આ જીતને છેતરપિંડી કરી હોવાનું જણાવવામાં આવ્યું હતું.
- બંને નેતાઓ વચ્ચે થયેલા આ સોદાથી અફઘાનિસ્તાનમાં વર્ષોથી ચાલતી હિંસાનો અંત આવશે. આ ઉપરાંત અફઘાનિસ્તાનની રાજધાની કાબૂલમાં સત્તાનું સંતુલન સ્થાપવામાં પણ આ સોદા દ્વારા શકય બનશે.

### ભારત માટે આ સોદાનું મહત્ત્વ :

- ભારતે આ સોદાનું સમર્થન કર્યું છે. અને જણાવ્યું છે કે તેના દ્વારા અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતા સ્થાપી શકાશે અને બાહ્ય પરિબળો દ્વારા આતંકવાદને પ્રાપ્ત થતા સમર્થનનો અંત આવશે.
- ભારત માટે અફઘાસ્તિાન તેલ અને અન્ય મહત્ત્વપૂર્ણ ખનીજો માટે મધ્યમ એશિયાનું પ્રવેશદ્વાર છે.
- આ ઉપરાંત ભારત દ્વારા આપવામાં આવતું વિદેશી અનુદાન પ્રાપ્ત કરનાર અફઘાનિસ્તાન એ બીજા નંબરનો દેશ છે.

## નેપાલના નવા નકશામાં કાલાપાનીનો સમાવેશ

- 19 મે, 2020ના રોજ નેપાલ દ્વારા એક નકશાને મંજૂરી આપવામાં આવી જેમાં કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- જોકે ભારત દ્વારા આ ક્ષેત્રો પર પોતાના અધિકારનો દાવો કરવામાં આવ્યો છે.
- ઓકટોબર, 2019માં ભારતે જાહેર કરેલા નવા રાજકીય નકશામાં લિપુલેખ અને કાલાપાનીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ભારત અને નેપાલ વચ્ચેના વિવાદની મુખ્ય બાબતો :

- વર્ષ 1816માં નેપાલ અને બ્રિટીશ ભારતના શાસનમાં સુગૌલી સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જેના અંતર્ગત કાલી નદીને નેપાલની પશ્ચિમી સીમાના રૂપમાં નક્કી કરવામાં આવી હતી.
- આ મુદ્દો ભારત અને નેપાલ વચ્ચેની સીમા વિવાદનું મુખ્ય કારણ છે. અને તે વિવાદ નદીનું ઉદ્દભવ સ્થાન વિશે માહિતી મેળવવાને લીધે ઉભો થયો છે.
- બંને દેશો પોતાના દાવાઓનું સમર્થન કરે છે.

### ભારતનો દાવો :

- ભારત દ્વારા તાજેતરમાં ઉત્તરાખંડના પિથૌરગઢ જિલ્લામાં એક સડકનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.
- ભારત અનુસાર સુગૌલી સંધિ અંતર્ગત લિમ્પિયાધુરા કાલી નદીનું ઉદગમ બિંદુ છે. એ બિંદુથી નેપાલની સીમાની શરૂઆત થાય છે.

## અંતર્દેશીય જલ પરિવહન અને વ્યાપાર પર પ્રોટોકોલ

- તાજેતરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે "અંતર્દેશીય જલ પરિવહન અને વ્યાપાર પર પ્રોટોકોલ"ના દ્વિતીય પરિશિષ્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ કરાર પછી હવેથી "ભારત–બાંગ્લાદેશ પ્રોટોકોલ" અંતર્ગત પરિવહન માર્ગોની સંખ્યા 8 થી વધારીને 10 કરવામાં આવી છે. અને આ પ્રોટોકોલના માર્ગોમાં નવીન તબક્કાઓને "પોર્ટ્સ ઓફ કોલ"ના રૂપમાં જોડવામાં આવશે.

- આ નવીન પ્રોટોકોલ લાંબા ગાળાના વ્યવસાયની ખાતરી સુનિશ્ચિત કરશે.
- આ કરારથી અન્ય ત્રીજા દેશમાં માલનું પરિવહન પણ થઈ શકશે.
- "ભારત–બાંગ્લાદેશ વ્યાપાર કરાર" પ્રોટોકોલના અનુચ્છેદ 8 અનુસાર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- સૌ પ્રથમ વખત પ્રોટોકોલ પર વર્ષ 1972માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ અંતિમ વખત વર્ષ 2015માં 5 વર્ષ માટે તેનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું.
- પોર્ટ્સ ઓફ કોલ એ અંતર્દેશીય વ્યાપારમાં જહાજોને આવવા–જવાની સુવિધા આપે છે. વર્તમાનમાં આવા 6-6 પોર્ટ્સ ઓફ કોલ હતા.
- આ નવીન પ્રોટોકોલના માધ્યમથી 5 નવીન 'પોર્ટ્સ ઓફ કોલ" તથા 2 "વિસ્તારિત પોર્ટ્સ ઓફ કોલ" જોડવામાં આવેલ છે. આથી, પ્રત્યેક દેશોમાં તેની સંખ્યા વધીને 11 થઈ છે.

### પ્રોટોકોલનું મહત્ત્વ :

- અંતર્દેશીય જલ પરિવહન ભારત માટે ખાદ્ય, કૃષિ ઉત્પાદનો, ખાતર કંટેઈનરનો અન્ય માલ તથા સિમેન્ટના પરિવહન માટે મહત્ત્વપૂર્ણ છે.
- ભારત–બાંગ્લાદેશ વચ્ચે પ્રમુખ નિકાસ કાર્ગો ફ્લાય એશ છે. ભારત એક વર્ષમાં બાંગ્લાદેશને લગભગ 30 લાખ મેટ્રિક ટન ફ્લાય એશની નિકાસ કરે છે.
- આ નવીન પોર્ટ્સ ઓફ કોલથી આર્થિક વિકાસને પણ વધુ મહત્ત્વ પ્રાપ્ત થશે.
- ખાસ કરીને આંતરમાળખાનો વિકાસ થવાથી ઉત્તર પૂર્વના રાજ્યોનો વિકાસ કરવો શક્ય બનશે.
- પ્રોટોકોલ અંતર્ગત કરવામાં આવેલો સુધારો એ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વધુ વિશ્વાસ, વ્યાપાર અને સંબંધોને વધુ સુદૃઢ બનાવશે.

## ઓપન સ્કાય સંધિ

- USAના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ દ્વારા "ઓપન સ્કાય સંધિ"થી અલગ થવાની વાત કરવામાં આવી છે.

### ઓપન સ્કાય સંધિથી અલગ થવાનું કારણ :

- અમેરિકા અનુસાર રશિયા એ આ સંધિનું ઉલ્લંઘન કર્યું છે.
- આ સંધિ તેના સભ્ય દેશોને અન્ય દેશની સીમામાં સૈન્ય ગતિવિધિની તપાસ માટે સર્વેલન્સ ઉડાનોની અનુમતિ આપે છે. જો કે સર્વેલન્સ ઉડાન શરૂ કરતા પહેલા નિર્ધારિત સમય પહેલા સંબંધિત દેશની સૂચના આપવી જરૂરી છે.
- રશિયા પર પોતાના ક્ષેત્રમાં સર્વેલન્સ ઉડાનોમાં અવરોધ પેદા કરવાનો આરોપ છે.
- આ કારણોને લીધે અમેરિકા એ સંધિમાંથી બહાર થવાની ઘોષણા કરી છે.
- આ પહેલા વર્ષ 2019માં પણ અમેરિકા એ રશિયા સાથેની "મધ્યમ અંતર પરમાણુ બળ સંધિ" (Intermediate-Range Nuclear Force Treaty)માંથી પણ અલગ થયું હતું.

### Back to basics : ઓપન સ્કાય સંધિ વિશે :

- શીત યુદ્ધ (Cold War) દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડ્વાઈટ આઈસનહાવર દ્વારા આ સંધિ પ્રસ્તુત કરવામાં આવી હતી.
- પરંતુ વર્ષ 2002 દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશના સમય દરમિયાન તેનો અમલ થયો હતો.
- આ સંધિ અંતર્ગત 34 હસ્તાક્ષરકર્તા દેશો સંધિમાં સામેલ અન્ય દેશોની સીમાઓમાં સૈન્ય ગતિવિધિ માટે બિન–હથિયારી વાળા સર્વેલન્સ વિમાનોની ઉડાનોની અનુમતિ આપે છે.
- સદસ્ય દેશો પર સર્વેલન્સ વિમાનોની ઉડાન હેતુ સંબંધિત દેશને ઓછામાં ઓછા 72 કલાક પહેલા સૂચના આપવી પડે છે.
- આ સંધિનો ઉદ્દેશ્ય સદસ્ય દેશો વચ્ચે વિશ્વાસને વધારવો અને પરસ્પર સહયોગથી આંતરરાષ્ટ્રીય સ્થિરતાને મજબૂતી આપવાનો છે.
- સંધિ મુજબ કોઈ પણ સદસ્ય દેશ 96 કલાકથી વધુની સર્વેલન્સ ઉડાનની મંજૂરી આપવા માટે બાધ્ય નહીં હોય.
- કિર્ગિસ્તાને આ સંધિ પર હસ્તાક્ષર કર્યા છે પરંતુ મંજૂરી આપી નથી. ભારત એ આ સંધિનો સભ્ય દેશ નથી.

## NAM સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠક

- 20 મે 2020ના રોજ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બિન–જોડાણવાદ ચળવળ (Non-Aligned Movement-NAM) સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો.

### NAM સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકની મુખ્ય બાબતો :

- આ સંમેલનની અધ્યક્ષતા અઝરબૈજાનના સ્વાસ્થ્ય મંત્રી ઓગેટે શિરાલિએવ દ્વારા કરવામાં આવી હતી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ શિખર સંમેલન / બેઠકમાં ભારતે 123 દેશોમાં ચિકિત્સા આપૂર્તિ જેવા પોતાના યોગદાન પર પ્રકાશ પાડયો હતો. તેના અંતર્ગત 59 NAM સમૂહના દેશોનો પણ સમાવેશ થાય છે.
- બેઠક અંતર્ગત ભારતના સ્વાસ્થ્ય મંત્રીએ ભારતના વિભિન્ન સ્વાસ્થ્ય ઉપાયો વિશે પણ માહિતી આપી હતી. આ ઉપરાંત એ તથ્યો પર ભાર આપવામાં આવ્યો હતો કે ભારત મોટા પાયે આઈસોલેશન માઈક્રો આઈડેન્ટીફિકેશન અને ત્વરિત ઉપચારની નીતિ પર ભાર આપે છે.

### Back to Basics :- બિન-જોડાણવાદ ચળવળ અને બાન્ડુંગ પરિષદ

- બીજા વિશ્વયુદ્ધ બાદ વિશ્વ બે છાવણીમાં વહેંચાઈ ગયું હતું.
- એક જૂથમાં USA અને પશ્ચિમ યુરોપના તેના સાથી રાષ્ટ્રો તથા બીજા જૂથમાં સોવિયેત સંઘ અને પૂર્વ યુરોપના રાષ્ટ્રો હતાં.
- એકપણ જૂથમાં ન જોડાવાની નીતિ આઝાદ ભારતના પ્રધાનમંત્રીએ અપનાવી જે "બિન– જોડાણવાદ" તરીકે ઓખળવામાં આવી.

### બાન્ડુંગ પરિષદ :

- બિન–જોડાણવાદ નીતિને વ્યાપક બનાવવા આ પરિષદ યોજાઈ હતી.
- 18 એપ્રિલ, 1955ના રોજ ઈન્ડોનેશિયાના બાન્ડુંગ મુકામે એશિયા–આફ્રિકન દેશોનું સંમેલન યોજવામાં આવ્યું હતું.
- આ રાષ્ટ્રોએ ભેગા મળીને બિન–જોડાણવાદ તથા પંચશીલના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો હતો.
- આ પરિષદમાં ભારતના પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુ, ઈજિપ્તના રાષ્ટ્રપતિ જમાલ અબ્દુલ નાસર અને યુગોસ્લાવિયાના માર્શલ ટીટોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- ત્યારબાદ યુગોસ્લાવિયાના બેલગ્રેડ શહેરમાં "બિન–જોડાણવાદી" દેશોનું પ્રથમ શિખર સંમેલન 1961માં યોજાયું હતું અને તેમાં બિન–જોડાણવાદ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- એપ્રિલ, 2018ની સ્થિતિએ તેના 120 સભ્યો છે.

## ન્યૂ ડેવલપમેન્ટ બેંકના બોર્ડ ઓફ ગવર્નરની બેઠક

- 27 મે, 2020ના રોજ ભારતના મંત્રી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ન્યૂ ડેવલપમેન્ટ બેંકના વિશેષ બોર્ડ ઓફ ગવર્નરની બેઠકમાં ભાગ લેવામાં આવ્યો હતો.

### બોર્ડ ઓફ ગવર્નરની બેઠકની મુખ્ય બાબતો :

- આ બેઠકમાં ભાગ લેનાર નેતાઓ દ્વારા ન્યૂ ડેવલપમેન્ટ બેંકના નવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી કરવામાં આવી હતી.
- બ્રાઝિલના માર્કોસ ટાયજોને બેઠકમાં ન્યૂ ડેવલપમેન્ટ બેંકના અધ્યક્ષના રૂપમાં પસંદગી કરવામાં આવી હતી. તેઓ હાલના અધ્યક્ષ કે. વી. કામથનું સ્થાન લેશે.
- ભારતના અનિલ કિશોરાને ન્યૂ ડેવલપમેન્ટ બેંકના ઉપાધ્યક્ષના રૂપમાં પસંદગી કરવામાં આવી હતી.

### Back to basics : ન્યૂ ડેવલપમેન્ટ બેંક વિશે

- ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB)ને BRICS સભ્ય દેશો (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને દક્ષિણ આફ્રિકા) દ્વારા 2014માં સ્થાપિત કરવામાં આવી હતી.
- 2014માં બ્રિક્સની છઠ્ઠી બેઠક એ 'ફોર્ટાલેઝા' (Fortaleza) ખાતે આયોજિત કરવામાં આવી હતી.
- NDBનું વડું મથક શાંઘાઈ (ચીન) ખાતે છે.
- NDB અંતર્ગત બ્રિક્સના બધા જ સભ્યોનો હિસ્સો સરખા પ્રમાણમાં છે.
- NDBની શરૂઆતની મૂડી 50 બિલિયન ડોલર રાખવામાં આવી હતી.
- હાલમાં NDBના પ્રેસિડેન્ટ કે.વી. કામથ છે.
- NDBના બોર્ડ ઓફ ગવર્નરની પ્રથમ બેઠક 2016માં ચીનના શાંઘાઈ ખાતે અને બીજી બેઠક 2017માં નવી દિલ્હી (ભારત) ખાતે યોજવામાં આવી હતી.
- NDBનો ઉદ્દેશ બ્રિક્સ અને અન્ય ઉભરી રહેલ બજાર અર્થવ્યવસ્થાઓ અને વિકાસશીલ દેશોના પાયાગત માળખામાં અને સતત વિકાસ પરિયોજનાઓ માટે વ્યાપક સંસાધન એકત્રિત કરવાનો છે. જેથી વૈશ્વિક પ્રગતિ અને વિકાસ માટે બહુપક્ષીય તથા ક્ષેત્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા થતા પ્રયાસોમાં ઝડપ લાવી શકાય.

## યુરોપિયન સંઘ અને COVID-19 રિકવરી ફંડ

- 27 મે, 2020ના રોજ યુરોપિયન સંઘ દ્વારા 750 બિલિયન યૂરોને COVID-19 રિકવરી ફંડના રૂપમાં પ્રસ્તાપિત કર્યા હતા.
- આ રકમનો ઉપયોગ દેશો દ્વારા COVID-19ના લીધે ઉદ્ભવેલી મંદીથી બહાર આવવામાં થઈ શકશે.

- યુરોપિયન સંઘ દ્વારા પોતાના સદસ્ય દેશોમાં નોકરીઓ, સ્વાસ્થ્ય દેખભાળ પ્રણાલી અને વ્યવસાયોને જીવિત રાખવા નુકસાનની સીમાને તોડી દીધી હતી.
- ફ્રાન્સ અને જર્મની દ્વારા પ્રથમ બ્લોકના નાણાકીય ઉપાયો માટે રોકડ જોડવા 543 બિલિયન અમેરિકી ડોલરનું ફંડ આપવા પર સહમતિ દર્શાવી હતી.
- યુરોપિયન સંઘ આવા "ફ્રેંકો–જર્મની' મોડેલના અનુરૂપ અનેક પ્રકારના બ્લૂપ્રિંટ લાગુ કરશે.

■ **ભારતનો પક્ષ :**

- ભારત દ્વારા ફ્રેંકો–જર્મન મોડેલનું સમર્થન કરવામાં આવ્યું હતું.
- ભારત દ્વારા 25 દેશોના પ્રમુખ આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે વાયરસને રોકવાના પ્રયાસો પર ચર્ચા કરી હતી.
- ફ્રેંકો–જર્મની ગઠબંધનનું નેતૃત્વ ફ્રાંસ અને જર્મની દ્વારા કરવામાં આવી રહ્યું છે. અને આ મોડેલ 25 દેશોની બેઠકનું પરિણામ છે. જે એપ્રિલ, 2020માં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આયોજિત કરવામાં આવી હતી.

**ફ્રેંકો-જર્મન મોડેલ :**

- આ મોડેલ COVID-19 વિરૂદ્ધની લડાઈમાં વિશ્વ સંગઠનોનો સમાવેશ કરે છે.
- આ મોડેલનો ઉદ્દેશ્ય રાષ્ટ્ર અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને પરીક્ષણો અને રસીને વિકસિત કરવા અને વિતરણ કરવા મજબૂત કરવાનો છે.

## અમેરિકા કૃત્રિમ બુદ્ધિમત્તા પર G7ની ભાગીદારીમાં શામેલ

- વિશ્વના સૌથી 7 ધનવાન દેશોના સમૂહના નેતાઓ દ્વારા કૃત્રિમ બુદ્ધિમતા (Artificial Intelligence) પર ગ્લોબલ ભાગીદારીની સ્થાપના કરી હતી.
- અમેરિકા શરૂઆતમાં આ ભાગીદારીનનો હિસ્સો ન હતું. જો કે હવે સંયુક્ત રાષ્ટ્રમાં નિરીક્ષણ અને ફેશિયલ રિકગ્નિશન પર આંતરરાષ્ટ્રીય માપદંડોને આકાર આપવામાં અને ચીનના પ્રભુત્વનો સામનો કરવા અમેરિકા આ સમૂહમાં સામેલ થઈ રહયું છે.
- કૃત્રિમ બુદ્ધિમત્તા પર વૈશ્વિક સમૂહ શરૂ કરવા માટેની પહેલ ફ્રાંસ અને કેનેડા દ્વારા શરૂ કરવામાં આવી હતી.

### અમેરિકાનો પક્ષ :

- અમેરિકા દ્વારા શરૂઆતમાં કૃત્રિમ બુદ્ધિમત્તા પર G7ની ભાગીદારી પર આપત્તિ દર્શાવતા દાવો કર્યો હતો કે કૃત્રિમ બુદ્ધિમત્તા પર વધુ નિયમન રાખવાથી નવીનતામાં અવરોધો આવશે.
- અમેરિકા માટે ભાગીદારીમાં સમાવેશ થવો એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે ગુગલ, માઈક્રોસોફ્ટ અને એપલ જેવી તકનિકી કંપનીઓ અમેરિકાના કુલ ઘરેલું ઉત્પાદનમાં મહત્ત્વપૂર્ણ રકમનું યોગદાન આપે છે.

### Back to basics :G7 વિશે

- G7 એ અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઈટલી, કેનેડા, જાપાન અને જર્મની એમ 7 સભ્યોનો સમૂહ છે.
- આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (International Monetary Fund-IMF) અનુસાર આ 7 દેશો સૌથી એડવાન્સ અર્થવ્યવસ્થાઓ છે.
- તેઓ વૈશ્વિક ચોખ્ખા મિલ્કતમાં 58% હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે.

## હોંગકોંગ સુરક્ષા કાયદો

- ચીનની સંસદે હોંગકોંગ માટે એક નવા વિવાદાસ્પદ સુરક્ષા કાયદાને મંજૂરી આપી દીધી છે.
- આ કાયદાના માધ્યમથી હોંગકોંગમાં લાગુ "બેસિક લો" (Basic Law)માં સુધારો કરવાની પ્રક્રિયા કરી છે. આ બેસિક લો એ લઘુ બંધારણ હોંગકોંગ અને બીજિંગ વચ્ચેના સંબંધોને વ્યાખ્યાયિત કરે છે.
- હોંગકોંગ સુરક્ષા કાયદો હોંગકોંગમાં બીજિંગના અધિકારોને નબળા કરવાને એક અપરાધ માનવામાં આવશે.

### હોંગકોંગ સુરક્ષા કાયદાથી થતા પરિવર્તનો અને તેની પ્રતિક્રિયા :

- આ કાયદા દ્વારા બીજિંગના નેતૃત્વ પર પ્રશ્ન ઉઠાવવો, પ્રદર્શનમાં શામિલ થતા લોકો અને સ્થાનીય કાયદા અંતર્ગત પોતાના અધિકારોનો ઉપયોગ કરવા બદલ હોંગકોંગના નિવાસીઓ પર મુકદમો ચલાવી શકાય છે.
- ચીનનો આ કાયદો ચીનની સરકારને લક્ષિત કરનારી દેશદ્રોહી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લગાવવામાં આવશે આ સાથે જ હોંગકોંગની બાબતે બહારના હસ્તક્ષેપને પ્રતિબંધિત અથવા દંડિત કરવામાં આવશે.
- આલોચકો અનુસાર ચીનનું આ પગલું "એક દેશ, બે વ્યવસ્થા"ના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. જે હોંગકોંગની સ્વાયતત્તા માટે મહત્ત્વપૂર્ણ છે.

- આ કાયદાને લીધે હોંગકોંગમાં ઘણા વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા હતા.
- બેસિક લો અનુસાર ચીનની સરકાર હોંગકોંગમાં ત્યાં સુધી કોઈ કાયદો લાગુ કરી ન શકે જ્યાં સુધી તેને “બેસિક લો”ના એનેકસ III અંતર્ગત સૂચિબદ્ધ કરવામાં ન આવે.
- આ કાયદાને ચીન પોતાના હુકમનામા દ્વારા લાગુ કરી શકે છે અને તેના માટે હોંગકોંગના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવાની જરૂરિયાત રહેતી નથી.

## Back to basics : ચીન-હોંગકોંગ વચ્ચેના વિવાદનો ઈતિહાસ

- ચીનમાં 22 પ્રાંતો, 4 પ્રત્યક્ષ નિયંત્રણ વાળા નગર ક્ષેત્ર, તિબ્બેત સહિત 5 સ્વશાસની ક્ષેત્રો તથા હોંગકોંગ અને મકાઉ એવા બે વિશિષ્ટ વહીવટી ક્ષેત્રોનો સમાવેશ થાય છે.
- પ્રાંતો અને સ્વશાસની ક્ષેત્રો માટે ચીનની નીતિ “વન ચાઈના પોલિસી” રહી છે પરતુ વિશિષ્ટ વહીવટી ક્ષેત્રો માટે ચીનની નીતિ “વન કંટ્રી ટૂ સિસ્ટમ” (One Country, Two System)ની રહી છે.
- વન કંટ્રી, ટૂ સિસ્ટમ અંતર્ગત મકાઉ અને હોંગકોંગનો સમાવેશ થાય છે.
- આ બંને વિશિષ્ટ વહીવટી ક્ષેત્રોમાં સંયુકત રાષ્ટ્રમાં નોંધાયેલ સંયુકત ઘોષણાઓ અંતર્ગત “ઈન્ટર સ્ટેટ ટ્રીટીઝ”ની જોગવાઈઓ તથા પોતાના મૌલિક કાયદાએ (બેઝિક લો) અંતર્ગત ચીનના અન્ય ક્ષેત્રોથી વધુ સ્વાયતતા છે.
- પરંતુ આ સ્વાયતત્તા એટલી પણ નથી કે તેને લોકશાહીની સમકક્ષ માનવામાં આવે.
- હોંગકોંગ લગભગ 200 નાના–મોટા દ્વીપોનો સમૂહ છે જેનો શાબ્દિક અર્થ “સુગંધિત બંદરગાહ” છે.
- હોંગકોંગ પર 1997 સુધી બ્રિટનનો અધિકાર હતો પરંતુ ત્યારબાદ તેને ચીનને હસ્તાંતરિત કરી દેવામાં આવ્યું હતું.
- ચીનને હસ્તાંતરિત કરતી વખતે શર્તો રાખવામાં આવી હતી કે 50 વર્ષો સુધી રક્ષા અને વિદેશ બાબતોને છોડી હોંગકોંગની વ્યવસ્થામાં હસ્તક્ષેપ કરવામાં નહીં આવે.
- હોંગકોંગના લોકો ચીનથી વધુ સ્વતંત્રતા ભોગવે છે અને ચીનની નીતિઓના વિરોધી છે.
- ચીનથી વધુ સ્વાયતત્તા મેળવવા અને મત્તાધિકારને ઉદાર બનાવવા 2014માં યેલો અંબ્રેલા ચળવળ શરૂ કરવામાં આવી હતી.
- હોંગકોંગના વધતા આર્થિક મહત્ત્વને લીધે ચીન તેના પર હસ્તક્ષેપો લગાવવા માટે છે.
- વર્ષ 2009માં હોંગકોંગે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા સંભર્દે ખૂબ વિરોધ કર્યો હતો આથી તે કાયદો પાછો લઈ લેવામાં આવ્યો હતો.






# 4. વિજ્ઞાન અને ટેકનોલોજી

## COVID-19 સદાય ચાલતો રહે તેવો રોગ

- તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization-WHO) દ્વારા અનુમાન લગાવવામાં આવ્યું છે કે COVID-19 એ સદાય ચાલતો રહે તેવો રોગ અર્થાત્ "Endemic" બની શકે છે.
- આ પહેલા COVID-19ને મહામારી (Epidemic) તરીકે અને સર્વવ્યાપી મહામારી (Pendemic) તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે.

### સદાય ચાલતો રહે તેવા રોગ વિશે

- સદાય ચાલતો રહેવા તેવા રોગ (Endemic)ને સ્થાનિક રોગ પણ કહેવામાં આવે છે. જ્યારે આપેલ ભૌગોલિક ક્ષેત્ર અથવા વસ્તી જૂથમાં તેના ચેપની હાજરી અને વ્યાપ સતત રહેતો હોય છે.
- જ્યારે રોગના કેસ વધવાનું ચાલુ થાય છે ત્યારે તેને મહામારી (Epidemic) તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને જ્યારે રોગના કેસ કેટલાક દેશો અને વિસ્તારોમાં નોંધવામાં આવે ત્યારે તેને સર્વવ્યાપી મહામારી (Pendemic) તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.
- સ્થાનિક રોગના ઉદાહરણમાં ચિકન પોકસ અને મલેરિયાનો સમાવેશ કરવામાં આવે છે.
- WHO મુજબ COVID-19 સમુદાયોમાં સ્થાપિત વાયરસ બની શકે છે જે ક્યારેય દૂર નહીં થાય.

### પુનરુત્પાદન નંબર (RO) અને રોગ

- ગાણિતિક આકૃતિ "RO" (R-naught (ઉચ્ચારણ)) દર્શાવે છે કે ચેપ કેટલી ઝડપથી પ્રસરી રહ્યો છે.
- તેને મૂળ પુનરુત્પાદન નંબર કહેવામાં આવે છે.
  તે એવા લોકોની સરેરાશ સંખ્યા સૂચવે છે જેમનામાં રોગ પ્રતિરક્ષા શકિત નથી અને ચેપ લાગેલી વ્યક્તિઓ દ્વારા તેમને પણ ચેપ લાગશે.
- જો RO = 1 હોય તો રોગ એ સ્થાનિક (Endemic) અને જો RO>I હોય તો તેને મહામારી (Epidemic) તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

## હલકુ કાર્બન ફોમ

- તાજેતરમાં "CSIR-એડવાન્સ મટિરિયલ એન્ડ પ્રોસેસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, ભોપાલ"ના વૈજ્ઞાનિકો દ્વારા એક પ્રકારના "હલકા કાર્બન ફોમ"ની રચના કરવામાં આવી છે.

### હલકુ કાર્બન ફોમ રચવા પાછળના કારણો :

- વર્તમાનમાં મોટા પાયે ઊર્જા–સંગ્રહ ક્ષેત્રમાં ઊંચી ઊર્જા ઘનતા અને લાંબા જીવન ચક્રના કારણે લિથિયમ આયન (લી–આયન) બેટરીનું પ્રભુત્વ જોવા મળે છે.
- જો કે લી–આયન બેટરીના સંબંધમાં સુરક્ષા જોખમ, મર્યાદિત સંસાધનોનો પુરવઠો, વધુ ખર્ચ અને રિસાયકલના માળખાના અભાવ જેવા મુદ્દાઓ જોડાયેલા છે.
- લી–આયન બેટરીનો આ વિકલ્પ લેડ–એસિડ બેટરી છે જે સૌથી વધુ અસરકારક, સસ્તી અને પર્યાવરણીય રીતે અનુકૂળ માનવામાં આવે છે.
- પરંતુ લેડ–એસિડ બેટરીનો વધુ ભાર, કાટ લાગવો, ખરાબ થર્મલ સ્થિરતા વગેરે સમસ્યાઓ જોવા મળે છે જે ઊર્જા ઉત્પાદનની શકિતને પ્રભાવિત કરે છે.
- લી–આયન અને લેડ–એસિડ બેટરીની આ સમસ્યાઓના સમાધાન માટે ઊંચી ઊર્જા ઘનતા સાથે એક વૈકલ્પિક બેટરી પ્રણાલીના વિકાસની આવશ્યકતા છે.
- આ હલકુ કાર્બન ફોમ, લેડ એસિડ બેટરીનું સ્થાન લઈ શકે છે.

### હલકા કાર્બન ફોમની અગત્યની બાબતો :

- તેની ઘનતા ઓછી અને ઊંચી છિદ્રતા જોવા મળે છે. આ ઉપરાંત કાર્બન ફોમ પાણીમાં અદ્રાવ્ય હશે.
- કાર્બન ફોમ એ લેડ એસિડ બેટરીમાં લેડ– ગ્રિડની જગ્યા લઈ શકે છે.
- કાર્બન ફોમ બનાવવા જરૂરી કાચો માલ પણ સરળતાથી મળી રહે છે. આથી તેનો વિકાસ કરવામાં વધુ ખર્ચ નહીં થાય.
- કાર્બન ફોમમાં ઉત્તમ વિદ્યુત અને થર્મલ વાહકતા છે. આ ઉપરાંત તે બિન–ઝેરી છે.
- આ કાર્બન ફોમ એ ઊર્જા ઈલેકટ્રોનિકસમાં હીટ સિંક, એરોસ્પેસમાં ઈલેકટ્રોમેગ્નેટિક ઈન્ટરફેરન્સ શિલ્ડિંગ, હાઈડ્રોજન સંગ્રહ અને લેડ એસિડ બેટરી અને પાણી શુદ્ધિકરણ પ્રણાલી માટે ઈલેકટ્રોડના રૂપમાં કાર્ય કરશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ઈનજેક્ટેબલ સિલ્ક ફાઈબ્રોઈન આધારિત હાઈડ્રોજેલ

- તાજેતરમાં "જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ સાયન્ટિફિક રિસર્ચ"ના વૈજ્ઞાનિકો દ્વારા ડાયાબિટીસના રોગીઓ માટે ઈન્સુલિન વિતરણ કરવા "ઈન્જેક્ટેબલ સિલ્ક ફાઈબ્રોઈન આધારિત હાઈડ્રોજેલ" વિકસિત કરેલ છે.

### ફાઈબ્રોઈન આધારિત હાઈડ્રોજેલ વિશે :

- ફાઈબ્રોઈન એક અદ્રાવ્ય પ્રોટીન છે. કાચા રેશમમાં બે પ્રોટીન હોય છે જેને સેરિસિન અને ફાઈબ્રોઈન કહે છે.
- રેશાદાર કૃમિ દ્વારા ફાઈબ્રોઈનનું ઉત્પાદન કરવામાં આવે છે.
- હાઈડ્રોજેલ પોલિમર ચેઈનનું નેટવર્ક છે. તે પોલીવિનાઈલ આલ્કોહોલ, એક્રિલેટ પોલિમર અને સોડિયમ પોલિક્રિલેટ અને સહપોલિમરથી બનેલ છે.
- "ફાઈબ્રોઈન આધારિત હાઈડ્રોજેલ"ને બાયોકમ્પેટિબલ એડિટિપ્સ (Biocompatible Additives)નો ઉપયોગ કરી વિકસાવવામાં આવેલ છે.
- આ હાઈડ્રોજેલ ડાયાબિટીસના રોગીઓમાં ઈન્સુલિનના વિતરણને સરળ બનાવશે.
- આ હાઈડ્રોજેલનું પ્રથમ પરીક્ષણ ઉંદરો પર કરવામાં આવ્યું હતુ જે સફળ રહ્યું હતું.
- વૈજ્ઞાનિકો મુજબ ડાયાબિટસ ધરાવતા ઉંદરોમાં તેની ચામડીના નીચે "Injectable SF hydrogel-iSHF" યુક્ત ઈન્સુલિનના ઈન્જેક્શનથી ચામડી નીચે સક્રિય ભંડારનું નિર્માણ કર્યું જેમાંથી ઈન્સુલિન ધીરે ધીરે બહાર નીકળે છે અને 5 દિવસના લાંબા સમય સુધી "શારીરિક ગ્લૂકોઝ હોમિયોસ્ટેસિસ"ને જાળવી રાખે છે.
- તેનાથી લોહીમાં ઈન્સુલિનની ઊંચી સાદ્રંતા વધવાથી બ્લડ સુગર અચાનક ઓછું થવાનું કોઈ જોખમ રહેતું નથી.

### ભારતમાં ડાયાબિટીસના રોગીઓ :

- ભારતમાં ડાયાબિટીસના 70 મિલિયનથી વધુ લોકો પ્રભાવિત છે. જે વિશ્વમાં બીજા સ્થાને છે.
- ડાયાબિટીસ શરીરમાં બીટા કોશિકાઓના નુકસાન અથવા ઈન્સુલિન પ્રતિકારને કારણે ઈન્સુલિનના અપર્યાપ્ત ઉત્પાદનના પરિણામ સ્વરૂપે થાય છે. તેના કારણો ગ્લુકોઝ હોમિયોસ્ટેટિસમાં અસંતુલન પેદા થાય છે અને બ્લડ સુગરના સ્તરમાં અચાનક વૃદ્ધિનું કારણ બને છે.

## ચેલેન્જ COVID-19 કમ્પિટિશન-C3 (Challenge COVID-19 Compitition-C-3)

- નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન (NIF) દ્વારા "ચેલેન્જ COVID-19 કમ્પિટિશન-C3" માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી આધારિત નવીન સમાધાનોની ઓળખ કરવામાં આવી હતી.
- NIF એ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અંતર્ગતની એક સ્વાયત્ત સંસ્થા છે.
- COVID-19થી લડવા અને સમાધાન કરવા નવીન વિચારો સામે લાવવા માટે 31 માર્ચ, 2020થી 10 મે, 2020 સુધી આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

### ચેલેન્જ COVID-19 કમ્પિટિશન અંતર્ગત વિકસિત કરવામાં આવેલ નવીન ઉપકરણો :

- આ કમ્પિટિશન અને અભિયાન અંતર્ગત 2 નવીન ઉપકરણોને વિકસિત કરવામાં આવ્યા છે.

1) હાથ ધોવા અને સેનિટાઈઝ કરવા પગથી સંચાલિત કરવામાં આવતા એક ઉપકરણની ડિઝાઈન
2) માર્ગો, સોસાયટી, દીવાલો તથા દરવાજા જેવા મોટા ક્ષેત્રોને સેનિટાઈઝ કરવા એક ઈનોવેટિવ સ્પ્રેયર વિકસાવવામાં આવેલ છે. આ સ્પ્રેયર મહત્તમ 30 ફૂટનું અંતર અને 15 ફૂટની ઊંચાઈ સુધી સેનિટાઈઝ કરી શકે છે.

## મોડર્ના અને COVID-19 રસી

- અમેરિકા સ્થિત કંપની મોડર્નાને COVID-19 રસીના સકારાત્મક પરીણામો દેખાવાના શરૂ થયા છે. જેને એક મોટી સફળતા માનવામાં આવી રહી છે. કારણ કે આ પહેલી રસી છે જે વાયરસની વિરુદ્ધ એન્ટિબોડી તૈયાર કરી રહી છે.
- LNP–એનકેપ્સુલેટેડ mRNA-1273 રસીની અવધારણા પર કાર્ય કરે છે.
- આ રસી વાયરસના વિરુદ્ધ પ્રતિરક્ષા ઉત્પન્ન કરવા માટે mRNAને દાખલ કરે છે.

### mRNAની સફળતા :

- જે લોકોને mRNA-1273નો ડોઝ આપવામાં આવ્યો તેમણે એન્ટિબોડીનું ઉત્પાદન કર્યું અને વાયરસના પ્રજનનને પણ રોકવામાં સફળતા મળી.

➤ વિકસિત એન્ટિબોડીનું સ્તર એ રોગીઓની સમાન હતું જેઓ વાયરસથી ઠીક થયા હતા.

## અગપ્પે ચિત્રા મૈગ્ના

➤ 20 મે, 2020ના રોજ શ્રી ચિત્રા તિરૂનલ ઈંસ્ટિટ્યૂટ ફોર મેડિકલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (SCTIMST) દ્વારા મેગ્નેટો નેનો કણ આધારિત RNA એકસટ્રેકશન કીટ "અગપ્પે ચિત્રા મૈગ્ના" લોન્ચ કરી છે.

➤ આ કીટને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી દ્વારા માન્ય કરવામાં આવેલ છે.

### "અગપ્પે ચિત્રા મૈગ્ના" કીટ વિશે :

➤ આ કીટ RNAને અલગ કરવા માટે ચુંબકીય નેનો કણોની નવી તક્નિકનો ઉપયોગ કરે છે.

➤ COVID-19ના રોગીઓના નમૂનાથી RNA પકડવા માટે નેનો કણોનો ઉપયોગ કરવામાં આવે છે.

➤ કીટ દ્વારા COVID-19 પોઝીટીવ દર્દીઓ વિશે જાણકારી મેળવવી સરળ બનશે.

➤ આ કીટ અત્યંત સસ્તી છે અને તેની કિંમત એ રૂ. 300 છે જે રૂ. 150 સુધી નીચે આવવાનું અનુમાન છે.

➤ ભારત સરકારના અનુમાન મુજબ પ્રતિ મહિને લગભગ 8 લાખ કીટની આવશ્યકતા રહેશે. અગપ્પે ડાયગ્નોસ્ટિકમાં પ્રતિ માસ 3 લાખ કીટ ઉત્પાદનની ક્ષમતા છે.

## હાઈડ્રોક્સીક્લોરોક્વિન (HCQ)ના ઉપયોગ પર એડવાઈઝરીમાં સુધારો

➤ 23 મે, 2020ના રોજ ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા HCQના ઉપયોગ પર પોતાની એડવાઈઝરીમાં સુધારો કર્યો છે.

➤ નવા દિશા–નિર્દેશો અંતર્ગત HCQ ફક્ત એક નોંધાયેલા ડોકટરના પ્રિસ્ક્રિપ્શન પર જ આપવી જોઈએ.

➤ સંયુક્ત નિરીક્ષણ સમૂહે પોતાની બેઠક આયોજિત કર્યા બાદ આ એડવાઈઝરી જાહેર કરી હતી.

➤ બેઠક અંતર્ગત ICMR, રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

### ICMR દ્વારા જાહેર કરાયેલ નવી એડવાઈઝરી :

➤ ICMR દ્વારા જાહેર કરવામાં આવેલ નવી એડવાઈઝરી અંતર્ગત નીચેના દિશા–નિર્દેશોનો સમાવેશ કરવામાં આવેલ છે.

1) નવી એડવાઈઝરી અંતર્ગત ત્રણ નવી શ્રેણીનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમને HCQ રોગનિરોધી ઉપચારના રૂપમાં નિર્ધારિત કરવામાં આપવી જોઈએ. આ શ્રેણીઓ નીચે મુજબ છે.

a) બિન–COVID હોસ્પિટલોમાં કામ કરતા લક્ષણો ન ધરાવતા સ્વાસ્થ્ય કર્મી.

b) ફંટલાઈન વર્કર જેમાં કન્ટેનમેંટ ઝોનમાં કાર્યરત સ્વાસ્થ્ય કર્મીનો સમાવેશ થાય છે.

c) પેરામિલિટ્રી અને પોલીસના જવાનો.

2) HCQના ઈન–વિટ્રો પરીક્ષણમાં COVID-19ના ચેપમાં ઘટાડો દેખાયેલ છે.

3) 15 વર્ષથી ઓછી વયના બાળકો માટે આ દવા નિર્ધારીત નથી.

4) વધુ જોખમવાળી વસ્તી પર HCQના ઉપયોગમાં પણ સુધારો કરવામાં આવેલ છે.

5) આ દવા ફક્ત ડોકટરના પ્રિસ્ક્રિપ્શનના માધ્યમથી જ આપવામાં આવશે.

## ટ્રોજન હોર્સ

➤ ઈનિડયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી–ગુવાહાટીના સંશોધનકર્તાઓ એ એવા સર્જનાત્મક વિચાર પર કામ કર્યુ છે. જે અલ્ઝાઈમર રોગને લીધે ભૂલવાની આદીને રોકવાનું કે ઓછી કરવામાં મદદ કરી શકે છે.

➤ શોધકર્તાઓ દ્વારા વિકસિત "ટ્રોજન હોર્સ" પદ્ધતિ તેમા મદદરૂપ બની શકે છે.

### ટ્રોજન હોર્સ પદ્ધતિ વિશે :

➤ ટ્રોજન હોર્સ પદ્ધતિના ઉપયોગથી મસ્તિકમાં ન્યૂરોટોકિસક અણુઓના સંચયને રોકી શકયા છે.

➤ ટ્રોજન પેપ્ટાઈડ્સનો ઉપયોગ એક ઓછા વોલ્ટેજ વાળા વિદ્યુત ક્ષેત્રના રૂપમાં કરવામાં આવે છે જે મસ્તિષ્કમાં "એમીલોઈડ પ્લેકસ"ના એકેત્રીકરણને રોકે છે.

➤ મસ્તિષ્કમાં એમીલોઈડ–બીટા–પેપ્ટાઈડ્સના સંચયને કારણે અલ્ઝાઈમર રોગ થાય છે. શોધકર્તાઓ અનુસાર બહારી

વિદ્યુત કે ચુંબકીય ક્ષેત્રનો ઉપયોગ કરી એમીલોઈડ–બીટા પેપ્ટાઈડ્સના સંચયને રોકી શકાય છે. જેના કારણે અલ્ઝાઈમર રોગથી પીડિત થવાની સંભાવના ઓછી થઈ જાય છે.

- ટ્રોજન પેપ્ટાઈડ શરીરમાં ઉપલબ્ધ પેપ્ટાઈડની જેમ જ હોય છે પરંતુ જ્યારે તે શરીરમાં ઉપલબ્ધ અન્ય પેપ્ટાઈડ્સ સાથે મિશ્રિત થાય છે ત્યારે તેનું કાર્ય એકત્રીકરણથી વિપરીત થાય છે.
- ટ્રોજન પેપ્ટાઈડ ઈન્જેકશનના માધ્યમથી તંત્રિકા કોશિકાઓના નષ્ટ થવાના દરને 17-35% સુધી ઓછો કરી શકાય છે.
- આ પદ્ધતિથી અલ્ઝાઈમર રોગને લગભગ 10 વર્ષ સુધી રોકી શકાય છે.

### Back to basics : અલ્ઝાઈમર રોગ વિશે :

- આ રોગ ન્યુરોલોજિકલ ડિસઓર્ડર છે જે મસ્તિષ્કની તંત્રિકા કોશિકાઓને નષ્ટ કરે છે.
- રોગના લીધે માનસિક શકિત ઓછી થાય છે તથા ભૂલાઈ જવાની સ્થિતિ રોગીમાં ઉત્પન્ન થાય છે.
- આ રોગના કારણે મસ્તિષ્કની તંત્રિકા કોશિકા મૃત થઈ જાય છે. અને તે પુનઃજીવિત થઈ શકતી નથી.
- અમેરિકા અને ચીન બાદ ભારતમાં આ રોગના સૌથી વધારે દર્દીઓ જોવા મળે છે.
- ઉંમર વધવાની સાથે આ રોગનું જોખમ પણ વધી જાય છે.

## Rht14 અને Rht18નું મેપિંગ

- વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગની એક સ્વાયત્ત સંસ્થા અગરકર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (પુના)ના વૈજ્ઞાનિકો દ્વારા ઘઉંમાં બે વૈકલ્પિક વામન જીવન Rht14 અને Rht18નું મેપિંગ કર્યું હતું.
- આ જનીનો સુધારેલ નવોદિત તાકાત અને લાંબા કોલોપ્ટાઈલ સાથે જોડાયેલા છે.
- વામન જીન (Dwarf Gene)નો ઉપયોગ છોડના સંવર્ધન માટે કરવામાં આવે છે. ઘઉં અને ચોખાની વામન જાતના નિર્માણથી વામન જીને હરિત ક્રાંતિમાં યોગદાન આપેલ છે.
- ઘઉંના સંવર્ધનમાં આ જનીનોની વધુ સારી પસંદગી માટે દુરમ ઘઉંમાં રંગસૂત્ર 6A પર મેપ કરેલ વામન જનીનો અને DNA આધારિત માર્કર વિકસાવવામાં આવેલ છે.
- DNA આધારિત માર્કર તકનિક ઘઉંના સવંવર્ધકોને "વૈકલ્પિક વામન જીન" વાહકોની પસંદગી કરવામાં મદદ કરશે.
- વૈજ્ઞાનિકો DNA આધારિત માર્કરનો ઉપયોગ કરી જીનને ભારતીય ઘઉંની જાતોમાં સ્થાનાંતરિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.
- જીનના સ્થળાંતરણના આધારે તૈયાર કવરામાં આવેલી ઘઉંની વિવિધતા ચોખાના અવશેષો ધરાવતી અને સૂકી જમીનમાં વાવણી માટે પણ યોગ્ય રહેશે.

## સ્વાઈન ફ્લૂ અને હિપેટાઈટિસ-બી માટે રસીકરણ

- તાજેતરમાં હરિયાણા સરકાર દ્વારા સ્વાઈન ફ્લૂ (H1N1) અને હિપેટાઈટિસ–બી માટે રાજ્યવ્યાપી રસીકરણ કાર્યક્રમ શરૂ કર્યો છે.
- પ્રત્યેક વર્ષે ચોમાસા પછી સ્વાઈન ફ્લૂનો મુકાબલો કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું હોય છે.
- આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના સ્વાસ્થ્ય કર્મીઓ માટે સ્વાઈન ફ્લૂથી બચવા માટે રસીકરણનું આયોજન કરવામાં આવે છે.
- આ કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવતી રસી એ એક વર્ષ માટે પ્રભાવિત રહે છે.
- આ ઉપરાંત હિપેટાઈટિસ–બી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં નવજાત બાળકો અને ગર્ભવતી મહિલાઓનો સમાવેશ કરવામાં આવશે.

### ભારતમાં સ્વાઈન ફ્લૂ એન હિપેટાઈટિસ-બી

- વર્ષ 2016 પછી ભારતમાં લગભગ 85,000 લોકોને સ્વાઈન ફ્લૂ (H1N1)નો ચેપ લાગ્યો છે અને તેમાંથી 4900 લોકોના મૃત્યુ પણ થયા છે.
- ભારતમાં હિપેટાઈટિસ–બીના વાહકોનો સરેરાશ દર એ 4% છે.
- વર્ષ 2014માં ઉપલબ્ધ આંકડાઓ અનુસાર ભારતમાં 40 મિલિયનથી વધારે હિપેટાઈટિસ–બીના રોગીઓ છે, આ આંકડો ચીન પછી બીજા નંબરનો છે.

### Back to basics : સ્વાઈન ફ્લૂ અને હિપેટાઈટિસ-બી વિશે

■ **સ્વાઈન ફ્લૂ :**

- સ્વાઈન ફ્લૂ એ ચેપી વાયરસ H1N1ને લીધે થતો રોગ છે. તેને ચેપી રોગ એટલા માટે કહેવામાં આવે છે. કારણ કે તે એવા લોકોને થાય છે જેઓ ડુક્કરના સંપર્કમાં આવ્યા હોય.

- જ્યારે સ્વાઈન ફ્લૂથી ચેપી થયેલ દર્દી છીંક ખાય તો તેની આજુબાજુ 3 ફૂટના અંતરે રહેલી વ્યક્તિમાં પણ સ્વાઈન ફ્લૂના વાયરસ પ્રવેશ કરે છે.
- વ્યક્તિમાં સામાન્ય શરદી, તાવ, માથું દુખવુ વગેરે જેવા લક્ષણો જોવા મળતા હોય છે.
- H1N1ની ત્રણ શ્રેણીઓ A, B અને C છે.
- શ્રેણી A અને B અંતર્ગત દર્દીને સામાન્ય ઉધરસ અને શરદી જેવા લક્ષણો જોવા મળતા હોય છે જ્યારે શ્રેણી C અંતર્ગત સ્થિતિ વધુ બગડે છે અને દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવો પડે છે.

### હિપેટાઈટિસ-બી :

- આ એક વાયરલ ચેપ છે જે લીવરની બીમારનું કારણ બની શકે છે. અને લીવર કેન્સરનું પણ કારણ બનતું હોય છે.
- આ રોગ હિપેટાઈટિસ–બી વાયરસને કારણે થતો હોય છે, જે લીવર પર હુમલો કરે છે અને નુકસાન પહોંચાડે છે.
- આ રોગ રકત દ્વારા, અસુરક્ષિત યૌન સંબંધ દ્વારા, અન્ય દ્વારા ઉપયોગ કરેલ સોય હોય કે પછી ચેપી માતા દ્વારા નવજાત શિશુંમાં ફેલાય શકે છે.
- મોટા ભાગના વયસ્ક લોકો ગંભીર ચેપ ન હોય તો કોઈ ઈલાજ વિના ઠીક થઈ જાય છે.
- તીવ્ર ચેપ હોવાની સ્થિતિમાં એવા ઈલાજ ઉપલબ્ધ છે જેનાથી લીવરની બીમારીની ગતિ વાયરસની પ્રગતિને ધીમી કરી શકે.

## ડાર્ક વેબ અને માહિતી લીક

- તાજેતરમાં સાયબર અપરાધીઓ દ્વારા 2.9 કરોડ ભારતીયોની ખાનગી માહિતી ડાર્ક વેબ પર લીક કરવામાં આવી હતી.
- ઓનલાઈન ઈન્ટેલિજન્સ કંપની સાઈબિલ દ્વારા આ બાબતની જાહેરાત કરવામાં આવી હતી.
- માહિતી લીકમાં ફેસબુક અને તકનિકી અને ઓનલાઈન શિક્ષા સાથે જોડાયેલ સંસ્થા ‘‘અનએકેડમી’’ (Unacademy)નો સમાવેશ થાય છે.
- સામાન્ય રીતે માહિતી લીક થતી હોય છે પરંતુ હાલમાં ખૂબ મોટા પ્રમાણમાં માહિતી લીક થઈ છે અને તેને ડાર્ક નેટ પર મૂકવામાં આવી છે.
- આ માહિતી લીકમાં શિક્ષા અને નિવાસ સંબંધિત ગોપનીય માહિતી છે. તેના અંતર્ગત ઈ–મેઈલ, ફોન, લાયકાત, કાર્ય અનુભવ વગેરે જેવી માહિતીનો સમાવેશ થાય છે.

### Back to basics : ડાર્ક વેબ વિશે :

- ડાર્ક વેબ ઈન્ટરનેટનો હિસ્સો છે પરંતુ તેને સામાન્ય રૂપથી સર્ચ એન્જિન પર શોધી શકાતુ નથી.
- આ પ્રકારની સાઈટ ખોલવા વિશેષ પ્રકારના બ્રાઉઝરની જરૂરિયાત રહેતી હોય છે જેને ‘‘ટોર’’ કહેવામાં આવે છે.

## લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ : તેજસ

- ભારતીય વાયુ સેના તમિલનાડુના કોયબંતૂરમાં 27 મે ના રોજ પોતાના 18માં કાફલાની ‘‘ફ્લાઈંગ બુલેટ’’ શરૂ કરશે.
- આ કાફલો ચોથી પેઢીના સ્વદેશી હલ્કા લડાકૂ વિમાન તેજસથી સજ્જ હશે.
- ભારતીય વાયુ સેનાના ચીફ ઓફ એર સ્ટાફ એર ચીફ માર્શલ આર. કે. એસ ભદૌરિયા આ ફ્લાઈંગ બુલેટને ઓપરેશનલ કરશે.
- આ કાર્યક્રમનું આયોજન કોયંબતૂર પાસે સુલૂર એરફોર્સ સ્ટેશન પર કરવામાં આવશે.
- તેજસને ઉડાવનારી વાયુ સેનાની આ બીજી સ્કવાડ્રન છે. આ પહેલા 45મી સ્વાકડ્રન આવું કરી ચૂકી છે.
- આ 18મી સ્કવાડ્રનની સ્થાપના 1965માં કરવામાં આવી હતી. આ પહેલા આ કાફલો મિગ–27 ઉડાવી ચૂકયો છે.
- આ કાફલા દ્વારા ભારત–પાકિસ્તાન વચ્ચે 1971માં થયેલા યુદ્ધમાં હિસ્સો લેવામાં આવ્યો હતો.

### Back to basics : લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ વિશે

- તેજસ એક સ્વદેશી ચોથી પેઢીનું ટેલલેસ કંપાઉન્ડ ડેલ્ટા વિંગ લડાકૂ વિમાન છે. જેનું નિર્માણ હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ (HAL) દ્વારા કરવામાં આવેલ છે.
- લડાકૂ વિમાન તેજસ ફલાય–બાય–વાયર ફ્લાઈટ કંટ્રોલ સિસ્ટમ, એકીકૃત ડિજિટલ એવિયોનિકસ અને મલ્ટીમોડ રડારથી સજ્જ છે.
- ચોથી પેઢીના સુપરસોનિક લડાકૂ વિમાનોની સીરિઝનું સૌથી હલ્કુ અને નાનુ વિમાન છે.

## ‘‘પાઈ’’ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્ચ્યુઅલ અસિસ્ટન્ટ

- 27 મે, 2020ના રોજ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ચેટબોટ લોન્ચ કર્યુ હતું.
- તેને ‘‘પાઈ’’ નામ આપવામાં આવ્યું છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ આ ચેટબોટનો ઉદ્દેશ્ય ભારતમાં નાણાકીય સમાવેશીતાને વધારવાનો છે.

### "પાઈ" વિશેની અન્ય માહિતી :

➤ પાઈ (PAI)નો ઉપયોગ 24/7 કરી શકાય છે.
➤ તે NPCIની પ્રોડક્ટ વિશે જાણકારી આપે છે.
➤ વપરાશકર્તાઓ ટેક્સ્ટ કે અવાજના માધ્યમથી પ્રશ્ન મોકલી શકે છે.
➤ પ્રશ્ન મોકલવા માટે વપરાશકર્તા એ RuPay, NPCI અને UPIની વેબસાઈટનો ઉપયોગ કરી શકે છે.
➤ વર્તમાનમાં PAI અંગ્રેજી અને હિન્દી ભાષાઓમાં ઉપલબ્ધ છે અને તેને અન્ય ભાષાઓમાં પણ શરૂ કરવામાં આવશે.
➤ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત આ ચેટબોટનો બેંગલોરના સ્ટાર્ટ અપ CoRover દ્વારા બનાવવામાં આવેલ છે.

### Back to basics : નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) વિશે :

➤ NPCI છૂટક ચૂકવણી સંબંધિત કાર્યો કરે છે. તેની સ્થાપના વર્ષ 2008માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવી હતી.
➤ તેની સ્થાપના એક બિન–નફાકારી કંપનીના રૂપમાં કરવામાં આવી છે.

### NPCI દ્વારા આપવામાં આવતી સેવાઓ :

➤ ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ : આ વન–સ્ટોપ બિલ ચૂકવણી પ્રણાલી છે.
➤ BharatQR : આ એક કોડ છે. જેનાથી ચૂકવણીમાં સરળતા અને ઈન્ટરઓપરેબિલિટીને સુનિશ્ચિત કરી શકાય છે.
➤ BHIM એપ : એકીકૃત ચૂકવણી ઈન્ટરફેસ માટેની મોબાઈલ એપ
➤ IMPS : રિયલ ટાઈમ ઈન્ટર બેંક ચૂકવણી પ્રણાલી
➤ FASTag
➤ RuPay કાર્ડ
➤ એકીકૃત ચૂકવણી ઈન્ટરફેસ (Unified Payment Interface)

## WHO દ્વારા HCQના પરીક્ષણ પર રોક

➤ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા તાજેતરમાં COVID-19ના ઈલાજમાં હાઈડ્રોક્સીક્લોરોકિવન (HCQ) દવાની અસરકારકતા પર પોતાના પરીક્ષણોને રોકી દીધા હતા.
➤ HCQ પરીક્ષણ એ WHO દ્વારા શરૂ કરાયેલ ચાર મેગા પરીક્ષણોમાંથી એક હતું. આ ચાર મેગા પરીક્ષણો એ "ગ્લોબલ સોલિડેરિટી ટ્રાયલ"નો એક ભાગ છે.
➤ મેગા ટ્રાયલ અંતર્ગત વિવિધ દવાઓની અસરકારકતા COVID-19ના સંદર્ભે તપાસવામાં આવે છે.

### મેગા ટ્રાયલ અંતર્ગત સમાવિષ્ટ દવાઓ :

1) હાઈડ્રોક્સિક્લોરોકિવન
2) રેમડેસિવિર
3) રોપિનવીર–રિટોનવીર
4) લોપિનવીર–રિટોનવીર સાથે ઈન્ટરફેરોન

### HCQ પરીક્ષણ પર રોકનું મુખ્ય કારણ :

➤ COVID-19 રોગીઓ પર HCQના નિદાન પરીક્ષણોમાં રોગીઓની સુરક્ષા જોતા તેને નિલંબિત અથવા રોકવામાં આવેલ છે.
➤ WHO એ ચિંતા વ્યકત કરતા જણાવ્યું છે કે દુનિયાના વિભિન્ન હિસ્સામાં લોકો કોઈપણ ઉચિત ચિકિત્સક માર્ગદર્શન લીધા વિના HCQ દવાનો ઉપયોગ કરી રહ્યા છે.
➤ WHO દ્વારા આ દવાના ઉપયોગની ભલામણ એ ઉપચારના રૂપમાં કરવામાં આવી હતી નહી કે રોગના નિવારણ માટે આથી તેનો ઉપયોગ કરવો યોગ્ય નથી.

### ભારતમાં HCQની વર્તમાન સ્થિતિ :

➤ WHOની ઘોષણા બાદ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ભારતમાં આ દવાનો ઉપયોગ ઉપચારના રૂપમાં કરવામાં આવે છે. નિવારણના રૂપમાં નહી.
➤ તાજેતરમાં જ ICMR દ્વારા HCQના ઉપયોગ પર પોતાના દિશા–નિર્દેશોમાં સુધારો કર્યો હતો.
➤ ભારતમાં HCQ મુખ્ય રૂપથી COVID-19ના લક્ષણો ન ધરાવતા સવસ્થ્ય કર્મીઓને આપવામાં આવે છે. તેનો ઉપયોગ COVID-19ના દર્દીઓ માટે કરવામાં આવતો નથી.

### હાઈડ્રોક્સિક્લોરોકિવન (HCQ) વિશે :

➤ HCQ એ મલેરિયા વિરોધી દવા છે. તે ક્લોરોકિવનનું એક સંયોજન છે, જેને ક્લોરોકિવન કરતા ઓછું ઝેરી માનવામાં આવે છે.
➤ સંધિવા અને લ્યુપસ જેવા કેટલાક રોગોમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

## અંતરિક્ષ સ્ટાર્ટઅપ કંપની વેસ્ટાસ્પેશ ટેક્નોલોજી

- અંતરિક્ષ સ્ટાર્ટઅપ કંપની વેટાસ્પેશ ટેક્નોલોજી દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે તેઓ દેશમાં 5G સેવાઓ માટે સપ્ટેમ્બર, 2020થી 35થી વધારે ઉપગ્રહોને અંતરિક્ષમાં મોકલવાનું શરૂ કરશે.
- કંપની 2021 સુધીમાં નવી પેઢીનું નેટવર્ક શરૂ કરવા માગે છે.
- વેસ્ટાસ્પેશના નવીનતમ સમાધાનને દેશ અને દુનિયામાં પહોંચાડવા વેસ્ટાસ્પેશને અમેરિકા સ્થિત નેકસ્ટ કેપિટલ દ્વારા 1 કરોડની નાણાકીય સહાય આપવામાં આવી હતી.
- 5G સેવાનું ભારતભરમાં કવરેજ સુનિશ્ચિત કરવા 35થી વધારે ઉપગ્રહોને અંતરિક્ષમાં છોડવામાં આવશે. કોઈપણ 5G ફોનને સીધા ઉપગ્રહથી સિગ્નલ પ્રાપ્ત થશે.

## સુપર રેયર ગેલેક્સી R5519

- અંતરિક્ષ વૈજ્ઞાનિકો એ પ્રથમ વખત કોસ્મિક રિંગ ઓફ ફાયર જેવી દેખાતી એક સુપર રેયર ગેલેકસીનો ફોટો લીધેલ છે.
- આ ગેલેકસી એ ધરતીથી 11 બિલિયન પ્રકાશ વર્ષના અંતર પર સ્થિત છે. વૈજ્ઞાનિકો દ્વારા તેને R5519 નામ આપવામાં આવ્યું છે.
- આ ગેલેકસીના કેન્દ્રમાં એક છેદ છે જે પૃથ્વી અને સૂર્યની વચ્ચેના અંતરની સરખામણી એ બે બિલિયન ગણો મોટો છે.
- આ ગેલેકસીની શોધ અમેરિકાની હવાઈ સ્થિત WM Keck Observatory ડેટાના આધાર પર હબલ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા કરવામાં આવી છે.
- એવું માનવામાં આવે છે કે બ્રહ્માંડમાં સો અબજથી વધુ ગેલેકસી અસ્તિત્વમાં છે. જે મોટી સંખ્યામાં તારાઓ, ગેસ અને ખગોળીય ધૂળથી વીંટાયેલ છે. ગેલેકસીઓ એ પોતાનું જીવન લાખો વર્ષ પહેલા પ્રારંભ કર્યું હતું.
- એન્ડ્રોમેડા ગેલેકસી પૃથ્વીથી 2,500,000 પ્રકાશ વર્ષના અંતર પર સ્થિત બ્રહ્માંડની સૌથી મોટી ગેલેકસી છે.

## રાષ્ટ્રીય AI પોર્ટલ અને "રિન્પોન્સિબલ AI ફોર યુથ" કાર્યક્રમ

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રી શ્રી રવિશંકર પ્રસાદ દ્વારા રાષ્ટ્રીય AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) પોર્ટલ અને "રિન્પોન્સિબલ AI ફોર યુથ" કાર્યક્રમની શરૂઆત કરી હતી.

### રાષ્ટ્રીય AI પોર્ટલ વિશે

- આ પોર્ટલને ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) અને IT ઉદ્યોગ દ્વારા સંયુકત રૂપથી વિકસિત કરવામાં આવેલ છે.
- MeitYનું રાષ્ટ્રીય ઈ–ગવર્નન્સ વિભાગ અને IT ઉદ્યોગનું "National Association of Software and Service Companies" (NASSCOM) સંયુકત રૂપથી આ પોર્ટલને ચલાવશે.
- આ પોર્ટલ ભારતમાં AI સંબંધિત વિકાસ માટે વન સ્ટોપ ડિજિટલ પ્લેટફોર્મના રૂપમાં કાર્ય કરશે.
- પોર્ટલ એ ભારતમાં AI સંબંધિત લેખો, સ્ટાર્ટ અપ, AI રોકાણ ફંડ, સંસાધનો, કંપનીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ જેવા સંસાધનોની વહેંચણી કરશે.
- આ ઉપરાંત આ પોર્ટલ પર દસ્તાવેજો, કેસ સ્ટડી, સંશોધન રિપોર્ટ વગેરેને પણ વહેંચવામાં આવશે. તેમાં AIથી સંબંધિત શિક્ષા અને નવી નોકરીઓની ભૂમિકાઓનો એક વિભાગ પણ હશે.

### "રિન્પોન્સિબલ AI ફોર યુથ" કાર્યક્રમ વિશે

- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય, દેશના યુવા વિદ્યાર્થીઓને એક મંચ આપવાનો છે.
- આ ઉપરાંત કૌશલ્ય સેટ અને આવશ્યક AI ટૂલ સેટ સુધીની પહોંચ પ્રદાન કરવા સશકત બનાવવાનો છે. જેથી તેમને ભવિષ્યમાં ડિજિટલ રૂપથી તૈયાર કરી શકાય.
- આ કાર્યક્રમ MeitYના રાષ્ટ્રીય ઈ–ગવર્નન્સ દ્વારા ઈન્ટેલ ઈન્ડિયાના સહયોગથી શરૂ કરવામાં આવેલ છે.
- આ કાર્યક્રમ યુવાઓને AI માટે તૈયાર થવા અને તેમના કૌશલ્ય અંતરને ઓછું કરવામાં યુવાઓને સશકત બનાવશે. આ સાથે જ યુવાઓને અર્થપૂર્ણ રૂપથી પ્રભાવી સામાજિક સમાધાન બનાવવા સક્ષમ બનાવશે.
- સરકારી શાળાઓના છાત્રોનો પૂરા દેશ સુધી પહોંચ બનાવવા અને તેમને સમાવેશી રૂપથી કુશળ કાર્યબળ નો હિસ્સો બનાવવાના અવસર માટે પણ આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ડિફેન્સ ટેસ્ટીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર યોજના

- તાજેતરમાં સરકાર દ્વારા ઘરેલુ રક્ષા (Domestic Defence) ક્ષેત્ર અને એરોસ્પેસ ઉત્પાદનને પ્રોત્સાહિત આપવા માટે "ડિફેન્સ ટેસ્ટીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર યોજના"ની શરૂઆત કરી છે.
- આયાત પરના અવલંબનને ઘટાડવા માટે સરકારે "મેક ઈન ઈન્ડિયા" પહેલ હેઠળ દેશમાં સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્રના ઉત્પાદનના વિકાસને અગ્રતા આપી છે.
- આ બાબતને ધ્યાનમાં રાખી ભૂતકાળમાં "ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર" ઉત્તરપ્રદેશ અને તમિલનાડુમાં સ્થાપવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આત્મનિર્ભર ભારતને સફળ બનાવવામાં પણ આ યોજના ઉપયોગી બની રહેશે.

■ **યોજનાના મુખ્ય ઉદ્દેશ્યો :**

- યોજનાનો ઉદ્દેશ્ય રક્ષા ક્ષેત્ર અને ઉપકરણોમાં સ્વદેશી રક્ષા ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે.
- ડિફેન્સ ટેસ્ટીંગ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં "MSME" અને "સ્ટાર્ટ અપ"ની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે.
- દેશની રક્ષા ક્ષેત્રની જરૂરિયાતો સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે.

### યોજનાની નાણાકીય અને અન્ય બાબતો :

- યોજના એ રૂ. 400 કરોડની રહેશે અને તેનો સમયગાળો એ 5 વર્ષનો રહેશે.
- યોજનાના કુલ ખર્ચનો 75% ભાર કેન્દ્ર સરકાર ઉઠાવશે જ્યારે 25% ભાર "વિશેષ હેતુ વાહન" (Special Parpose Vehicle-SPV) દ્વારા ઉઠાવવામાં આવશે.
- SPV અંતર્ગત ખાનગી સંસ્થા/કંપનીઓ અને રાજ્ય સરકારોનો સમાવેશ કરવામાં આવશે.
- યોજના અંતર્ગત ખાનગી ઉદ્યોગો સાથે ભાગીદારીમાં 6-8 પરીક્ષણ સુવિધાઓ (Testing Facilities) સ્થાપવાની કલ્પના કરવામાં આવેલ છે.
- યોજના અંતર્ગત SPVને સ્વ–ટકાઉ રીતે વપરાશકર્તા ફી વસૂલવાનો અને યોજના હેઠળની બધી સંપત્તિઓનું સંચાલન અને જાળવણી સુનિશ્ચિત કરવાનો અધિકાર હશે.
- યોજના હેઠળ પરીક્ષણ કરાયેલ ઉપકરણો/સિસ્ટમ યોગ્ય માન્યતા મુજબ પ્રમાણિત કરવામાં આવશે.
- ગ્રીનફિલ્ડ ડિફેન્સ ટેસ્ટીંગ ઈન્ફ્રાસ્ટ્રકચરને સ્થાપવાની પ્રાથમિકતા "ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર" અંતર્ગત આપવામાં આવશે.

## ગોલ (Goal) કાર્યક્રમ

- આદિવાસી યુવાઓને મેન્ટરશીપ આપવા માટે આદિવાસી બાબતોના મંત્રાલય દ્વારા ફેસબુક સાથે મળીને ડિજિટલ રૂપથી ગોલ (Goal-Going Online As Leaders) કાર્યક્રમના બીજા ચરણની શરૂઆત કરવામાં આવી છે.

**ગોલ કાર્યક્રમની મુખ્ય બાબતો :**

- ગોલ કાર્યક્રમના માધ્યમથી આદિવાસી યુવાનોને માર્ગદર્શન આપવામાં આવશે.
- ડિજિટલ સાક્ષરતા, જીવન કૌશલ્ય અને નેતૃત્વ, સાહસિકતા (Entrepreneurship) એ ગોલ કાર્યક્રમના ત્રણ મુખ્ય કેન્દ્રો છે.
- કાર્યક્રમ દ્વારા 5000 આદિવાસી યુવાનોમાં કૌશલ્યના વધારા અંગે તેમને સશકત કરવામાં આવશે. જેના અંતર્ગત ડિજિટલ મંચ અને ઉપકરણોની સંપૂર્ણ સંભાવનાને ધંધો કરવાની નવી રીતો શીખવા, ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય બજારો સાથે સંપર્ક કરવા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- કાર્યક્રમ આદિવાસી યુવાનો અને મહિલાઓને બાગાયત, ફૂડ પ્રોસેસિંગ, આદિજાતિકલા, ઔષધિય વનસ્પતિ જેવા ક્ષેત્રોમાં માર્ગદર્શન અને કુશળતા પ્રાપ્ત કરાવવા બનાવવામાં આવેલ છે.
- પ્રશિક્ષણ પ્રાપ્ત કરતા યુવાઓને "મેન્ટિસ" કહેવામાં આવશે અને વિભિન્ન વિષયો અને ક્ષેત્રોના વિશેષજ્ઞોને "મેન્ટર્સ" કહેવામાં આવશે.
- 2 મેન્ટિસ પર 1 મેન્ટર્સને નિયુક્ત કરવામાં આવશે.
- 36 અઠવાડિયા માટે કાર્યક્રમ બાદ 8 અઠવાડિયાની ઈન્ટરશીપનો પણ સમાવેશ થશે.
- આ કાર્યક્રમનું પ્રથમ ચરણ વર્ષ 2019માં ફેબ્રુઆરીથી ઓકટોબર સુધી 5 રાજ્યોમાં 10 મેન્ટિસ અને 25 મેન્ટર્સ સાથે પાયલોટ ધોરણો સંચાલિત કરવામાં આવ્યું હતું.

## ટૂર ઓફ ડ્યૂટી

- ભારતીય સેના દ્વારા સામાન્ય નાગરિકોને 3 વર્ષ માટે સેનામાં સમાવેશ કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે.
- આ પ્રસ્તાવને "ટૂર ઓફ ડ્યૂટી" તરીકે ઓળખવામાં આવે છે.

➢ જો આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવશે તો આ પ્રથમ પ્રસ્તાવ હશે જેના માધ્યમથી સામાન્ય નાગરિકોને ભારતીય સેનામાં સમાવેશ થવાની તક મળશે.

### ટૂર ઓફ ડ્યૂટીની મહત્ત્વની બાબતો :

➢ ટૂર ઓફ ડ્યૂટીના માધ્યમથી સેનામાં નાગરિકો સ્વૈચ્છિક રીતે શામેલ થઈ શકશે.

➢ જો કે સેના દ્વારા પસંદગીના માપદંડોમાં કોઈપણ પ્રકારનો ઘટાડો કરવામાં આવશે નહીં.

➢ પ્રસ્તાવ જો પસાર થાય તો તેનાથી સેનાના વેતન અને પેન્શનમાં થતાં ખર્ચમાં ઘટાડો થઈ શકશે.

➢ વેતન અને પેન્શનથી બચતા નાણાંનો ઉપયોગ એ સેનાના આધુનિકીકરણમાં ખર્ચ કરી શકાશે.

➢ સેનાના વેતન અને પેન્શનમાં થતાં વધારાનો અંદાજો એ બાબત પરથી લગાવી શકાય કે છેલ્લા 5 વર્ષોમાં સેનાના વેતનમાં 75% વધારો અને સેનાના પેન્શમાં 146%નો વધારો થયો છે.

### ટૂર ઓફ ડ્યૂટીનો ઉદ્દેશ્ય :

➢ ટૂર ઓફ ડ્યૂટીનો ઉદ્દેશ્ય યુવાઓને એક ઈન્ટર્નશીપ અથવા અસ્થાયી અનુભવ આપવાનો છે.

➢ આ ઈન્ટર્સશીપ માટે ભાગ લેતા યુવાનોને કોઈ અધિકારીનો રેંક, આર્કષક પગાર, નિવાસસ્થાન વગેરેની સુવિધા આપવાની પણ જરૂરિયાત રહેતી નથી.

### ટૂર ઓફ ડ્યૂટીનથી થતા લાભ :

➢ આ પ્રસ્તાવ દ્વારા યુવાનોને અવસર આપવામાં આવશે જે સેનામાં પૂર્ કેરિયર નહીં પરંતુ વર્દીની ઈચ્છા રાખે છે.

➢ ટૂર ઓફ ડ્યૂટીનો અનુભવ લીધા બાદ પોતાના કરિયરમાં અન્ય ક્ષેત્રોમાં પણ તેનો લાભ મળશે.

➢ યોજના અંતર્ગત પ્રોત્સાહન માટે વિવિધ પગલાઓ લેવામાં આવશે જેના અંતર્ગત 3 વર્ષના કાર્યકાળ પછી રૂ. 5-6 લાખ આપવામાં આવશે અને 3 વર્ષની સેવા સુધી કર મુકત આવક આપવામાં આવશે.

## ભારતીય વાયુ સેના દ્વારા ત્રણ મુખ્ય પરિયોજનાઓ સ્થગિત

➢ તાજેતરમાં ભારતીય વાયુ સેના દ્વારા ઘોષણા કરવામાં આવી છે કે વાયુસેના રૂ. 8000 કરોડની ત્રણ મુખ્ય પરિયોજનાઓને સ્થગિત કરી રહી છે.

➢ તેનુ કારણ એ કેન્દ્ર સરકાર દ્વારા "મેક ઈન ઈન્ડિયા" પર આપવામાં આવતો ભાર અને સંરક્ષણ ક્ષેત્રે સ્વદેશીકરણનો અભિગમ છે.

➢ તાજેતરમાં આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત પણ રક્ષા ક્ષેત્રે આયાત ઘટાડવા માટે સુધારાઓ કર્યા છે. જેમાં રક્ષા ઉત્પાદનનું સ્વદેશીકરણ છે. આ ખ્યાલને પ્રાપ્ત કરવા સરકાર અમુક ઉત્પાદનો પર આયાત પ્રતિબંધ લગાવશે.

### સ્થગિત કરવામાં આવેલ પરિયોજનાઓ :

➢ આ સ્થગિત પરિયોજનાઓ અંતર્ગત યુનાઈટેડ કિંગ્ડમથી 20 હોક પ્લેન, અમેરિકા પાસેથી 30 જૈગુઆર લડાકુ વિમાન અને 38 ટ્રેનર વિમાન ખરીદવા માટેની યોજનાઓનો સમાવેશ થાય છે.

### વાયુસેના પાસેના અન્ય વિકલ્પો :

➢ વિદેશો પાસેથી આ લડાકુ વિમાનો પ્રાપ્ત કરવાની જગ્યાએ ભારતીય વાયુસેના હિંદુસ્તાન એરોનોટિકસ લિમિટેડ (HAL) ની સહાયતા લેશે.

➢ આ સાથે જ વાયુ સેના દ્વારા સ્વિટ્ઝર્લેન્ડથી પિલાતુસ મૂળભૂત પ્રશિક્ષણ વિમાન ખરીદવા માટેની યોજનાને પણ સમાપ્ત કરી દીધી છે. આ પરિયોજના રૂ. 1000 કરોડની હતી.

➢ આ યોજના એટલે સમાપ્ત કરવામાં આવી છે કારણ કે HAL દ્વારા પહેલેથી જ HTT-40 ટ્રેનર વિમાનો વિકસિત કરી લીધા છે.

### In Deeth Analysis : સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા

➢ સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ના અહેવાલ અનુસાર વિશ્વના ટોચના 5 દેશોના લશ્કરી ખર્ચમાં ભારત એ ત્રીજા ક્રમે છે.

➢ વર્ષ 2019માં ભારતે લશ્કર પર 71.1 બિલિયન ડોલરનો ખર્ચ કર્યો હતો. જે 2018 કરતાં 6.8% વધારે છે.

➢ પરંતુ ભારત એ સંરક્ષણ ક્ષેત્રના ઉપકરણો માટે વધુ પડતો આધાર એ આયાત પર રાખે છે.

➢ આયાત પરના વધુ પડતા આધારને લીધે લશ્કરી કટોકટીના સમયે શસ્ત્રો અને તેની ઉપલબ્ધતાનું જોખમ વધી જાય છે.

### આયાત પરની નિર્ભરતાનો વિકલ્પ આત્મનિર્ભરતા

➢ આયાત પરના આ આધારને ઓછો કરવા દેશમાં જ શસ્ત્રોનું અને સૈન્યની અન્ય જરૂરિયાતો પૂરી કરવા આત્મનિર્ભરતા એક વિકલ્પ છે.

➢ સંરક્ષણ ક્ષેત્ર આત્મનિર્ભરતા સ્થાપવા માટે "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત નીચે મુજબના સુધારાઓ સૂચવવામાં આવ્યા છે :

1) રક્ષા / સંરક્ષણ ક્ષેત્ર વિદેશી મૂડી રોકાણની સીમા 49%થી

વધારીને 74% કરવામાં આવી છે.

2) પ્રોજેક્ટ મોનિટરીંગ યુનિટના માધ્યમથી નિશ્ચિત સમયમાં સંરક્ષણ પ્રાપ્તિ અને અન્ય નિર્ણયો લેવામાં આવશે.

3) સરકાર દ્વારા શસ્ત્રોની એક સૂચિ બહાર પાડવામાં આવશે. જેના આયાત પર પ્રતિબંધ રહેશે અને તે ફક્ત સ્થાનીય બજારમાંથી ખરીદી શકાશે.

4) ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડના કોર્પોરાઈઝેશન દ્વારા ઓર્ડનન્સના પુરવઠામાં સ્વાયતત્તા, જવાબદારી અને કાર્યદક્ષતા સુધારવામાં આવશે.

### સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન સામેના પડકારો :

➤ સરકાર દ્વારા અગાઉના વર્ષોમાં સંરક્ષણ સંબંધિત 200થી વધુ પ્રોજેક્ટની મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ મોટા ભાગના પ્રોજેક્ટ હજી પણ શરૂઆતના તબક્કામાં છે. અર્થાત્ ઉત્પાદન અને નિર્ણય પ્રક્રિયામાં વધુ સમય લાગે છે.

➤ ભારતમાં સંરક્ષણ ઉત્પાદન જાહેર ક્ષેત્રો આધારિત છે અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી જોવા મળતી નથી.

➤ જટિલ શ્રમ કાયદાઓ, કૌશલ્યનો અભાવ એ સ્વદેશી સંરક્ષણના ઉત્પાદનમાં અવરોધ છે અને તેના લીધે જ સીધા વિદેશી મૂડી–રોકાણને આકર્ષિત કરવામાં સફળતા પ્રાપ્ત થઈ નથી.

➤ સરકારના વિભાગો વચ્ચે સંકલનના અભાવને લીધે નિર્ણય પ્રક્રિયામાં વિલંબ થાય છે.

➤ રિસર્ચ અને ડેવલપમેન્ટ પર થતા ઓછા ખર્ચને લીધે નવી ટેક્નોલોજીનો વિકાસ થતો નથી અને તેના કારણે વધુ પડતો આધાર આયાત પર રાખવો પડે છે.

### સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનમાં આગળનો માર્ગ :

➤ વિદેશી કંપનીઓ દ્વારા "મેક ઈન ઈન્ડિયા" અંતર્ગત ભારતમાં કરવામાં આવતા ઉત્પાદન સાથે નવી ટેક્નોલોજીને અપગ્રેડ કરવાના કરારો પણ કરવા જરૂરી છે.

➤ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) એ સંરક્ષણ ક્ષેત્રની જરૂરિયાતોની ઓળખ કરવા અને સંકલન સાધવા ઉપયોગી બની રહે છે.

➤ ઓર્ડનન્સ ફેક્ટરીઓનું આધુનિકીકરણ કરવું જરૂરી છે.

➤ સંરક્ષણ ક્ષેત્રના સ્વદેશી ઉત્પાદનની સાથે તેના નિકાસને પણ પ્રોત્સાહન આપવું જરૂરી છે.

➤ સંરક્ષણ ઉત્પાદન અંતર્ગત ખાનગી ક્ષેત્રોની ભાગીદારી વધારવી તથા સ્ટાર્ટ અપ્સને પણ પ્રોત્સાહન આપવું જરૂરી છે.

➤ આ સમગ્ર સુધારાઓ અને તેનું અસરકારક અમલીકરણ એ મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાનને સફળ બનાવવામાં મદદરૂપ બનશે.

## "નેશનલ ટેસ્ટ અભ્યાસ" એપ

➤ માનવ સંસાધન વિકાસ મંત્રાલયે તાજેતરમાં એક નવી મોબાઈલ એપ લોન્ચ કરી છે જેનું નામ "નેશનલ ટેસ્ટ અભ્યાસ" છે.

➤ આ એપને નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા વિકસિત કરવામાં આવેલી છે.

### નેશનલ ટેસ્ટ અભ્યાસ એપનો ઉપયોગ :

➤ આ એપ વિદ્યાર્થીઓને JEE મેઈન્સ, NEET જેવી પરીક્ષાઓ માટે મોક ટેસ્ટ આપવામાં મદદ કરશે.

➤ આ એપ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંચાલિત છે. અને વિદ્યાર્થીઓને ટેસ્ટ આપ્યા બાદ તરત જ પરીણામ આપવામાં આવશે.

➤ આ એપનો ઉદ્દેશ્ય ઉમેદવારોને પોતાના ઘરેથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત મોક ટેસ્ટ આપવામાં મદદ કરવાનો છે.

### Back to basics : નેશનલ ટેસ્ટીંગ એજન્સી વિશે :

➤ નેશનલ ટેસ્ટીંગ એજન્સી ભારતમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરે છે.

➤ આ પરીક્ષાઓમાં JEE, GATE, NEET, GPAT, UGC, CAT, NET વગેરેનો સમાવેશ થાય છે.

➤ નેશનલ ટેસ્ટીંગ એજન્સીની સ્થાપના સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, 1860 અંતર્ગત કરવામાં આવી છે.

## પ્રધાનમંત્રી વયવંદના યોજનાનો સમયગાળો લંબાવવામાં આવ્યો

➤ તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે વરિષ્ઠ નાગરિકોને વૃદ્ધવસ્થામાં આવકની સુરક્ષા પુરી પાડવા તથા તેમના કલ્યાણ માટે નીચે મુજબન મંજૂરી આપી છે.

1) પ્રધાનમંત્રી વયવંદના યોજનાની સમય મર્યાદા ત્રણ વર્ષ વધારીને 31 માર્ચ, 2020થી લંબાવીને આગામી 31 માર્ચ, 2023 સુધી કરવામાં આવી છે.

2) પ્રારંભમાં 2020-21ના વર્ષ માટે દર વર્ષે 7.40% સુનિશ્ચિત વ્યાજ દરને મંજૂરી અને તયરબાદ દર વર્ષે તેને પુનઃનિર્ધારિત કરવામાં આવશે.

3) 7.75%ની ટોચની મર્યાદાને આધીન વરિષ્ઠ નાગરિક બચત યોજનાના સુધારેલા વ્યાજ દરો અનુસાર નાણાકીય વર્ષની 1 એપ્રિલથી અમલી બને તે રીતે વ્યાજ દરોનું સુનિશ્ચિત વાર્ષિક

પુનઃ નિર્ધારણ. આ યોજનાનું મૂલ્યાંકન કરતી વખતે આ ટોચની મર્યાદાનું પાલન કરવામાં આવશે.

4) LIC દ્વારા ઊભી કરવામાં આવેલી આવકના બજાર દર અને આ યોજના દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલા આવકના દરો વચ્ચે રહેલા તફાવતના હિસાબના આધારે થયેલા ખર્ચને મંજૂરી.

5) નવી ઈશ્યુ કરાતી પોલિસીના સંદર્ભમાં યોજનાના પ્રથમ વર્ષ માટે યોજનાના ભંડોળના 0.5% પ્રતિ વર્ષના દરે સંચાલન ખર્ચ અને ત્યારબાદ બીજા વર્ષથી આગામી 9 વર્ષો માટે પ્રતિ વર્ષ 0.3%ની મહત્તમ મર્યાદા.

6) દરેક નાણાકીય વર્ષની શરૂઆતમાં આવકના વાર્ષિક દરોના પુનઃનિર્ધારણને મંજૂરી આપવા નાણામંત્રીને સત્તાની સોંપણી.

7) યોજનાના અન્ય તમામ નિયમો અને શરતો યથાવત્ રહેશે.

8) યોજના અંતર્ગત પ્રતિ વર્ષ રૂ. 12,000ના પેન્શન માટે લઘુત્તમ રોકાણમાં સુધારો કરી રૂ. 1,56,658 કરવામાં આવ્યું છે અને દર મહિને લઘુત્તમ રૂ. 1000ની પેન્શન રકમ મેળવવા માટે લઘુત્તમ રોકાણ રૂ. 1,62,162 કરવામાં આવ્યું છે.

### Back to basics : પ્રધાનમંત્રી વયવંદના યોજના વિશે

➤ આ યોજના વર્ષ 2014-15માં લોન્ચ કરવામાં આવી હતી.

➤ આ એક પેન્શન યોજના છે જે ફક્ત 60 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓ માટે છે.

➤ આ યોજનાનો સમયગાળો 10 વર્ષનો છે.

➤ આ યોજના અંતર્ગત નોંધણી કરાવતી વખતે લાભાર્થી દ્વારા માસિક/ત્રિમાસિક/અર્ધવાર્ષિક/ વાર્ષિક આવૃત્તિ અનુસાર 10 વર્ષોના સમયગાળા અંતર્ગત પોલિસીના સમય દરમિયાન પેન્શન મળવાપાત્ર છે.

➤ આ યોજનાને GSTથી છૂટછાટ આપવામાં આવી છે.

➤ યોજના અંતર્ગત લાભાર્થીએ રોકાણ કરવાનું હોય છે અને 10 વર્ષના સમયગાળા દરમિયાન તે રોકાણ પર વ્યાજ પણ ચૂકવવામાં આવે છે.

➤ સમય પહેલા યોજનામાંથી બહાર નીકળવાનો પણ વિકલ્પ આપવામાં આવેલો છે. આવા સમયે રોકાણની 98% રકમ પાછી મળશે.

➤ 10 વર્ષોની પોલિસીના સમયગાળા દરમિયાન પેન્શનધારકની મૃત્યુ પર લાભાર્થીને રોકાણની રકમ મળી જશે.

## વિશ્વ સ્ટીલ રિપોર્ટ

➤ 24 મે, 2020ના રોજ વર્લ્ડ સ્ટીલ એશોશિએશન દ્વારા વર્લ્ડ સ્ટીલ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો.

➤ આ રિપોર્ટ અનુસાર ભારતમાં કાચા સ્ટીલના ઉત્પાદનમાં એપ્રિલ 2019ની સરખામણીએ એપ્રિલ 2020માં 65.2%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

➤ એપ્રિલ 2019માં ભારતે 9.02 મિલિયન ટન સ્ટીલનું ઉત્પાદન કર્યું હતું. માર્ચ 2020માં ભારતમાં માર્ચ 2019ની સરખામણીએ સ્ટીલના ઉત્પાદનમાં 14%નો ઘટાડો થયો હતો.

➤ આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક સ્ટીલ ઉત્પાદનમાં એપ્રિલ 2020માં એપ્રિલ 2019ની સરખામણીએ 13%નો ઘટાડો થયો છે.

➤ એપ્રિલ 2019માં વૈશ્વિક સ્ટીલ ઉત્પાદન 157.67 મિલિયન ટન હતું. એપ્રિલ 2020માં ઉત્પાદન ઘટીને 137.09 મિલિયન ટન થયું હતું.

### વિશ્વ સ્ટીલ રિપોર્ટની અન્ય મુખ્ય બાબતો :

➤ ચીનના સ્ટીલ ઉત્પાદનમાં 1.7%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે. આ પ્રથમ વખત છે જ્યારે ચીનના ઉત્પાદનમાં ઘટાડો થઈ રહ્યો હોય.

➤ અમેરિકાના સ્ટીલ ઉત્પાદનમાં 32%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

➤ દક્ષિણ કોરિયાના સ્ટીલ ઉત્પાદનમાં 8.4%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

➤ યુરોપિયન સંઘ, ફ્રાંસ, ઈટલી, તુર્કી, સ્પેન, રશિયા યુક્રેન અને બ્રાઝિલ જેવા અન્ય વૈશ્વિક સ્ટીલ ઉત્પાદકોના ઉત્પાદનમાં પણ ઘટાડો નોંધવામાં આવ્યો છે.

### ભારતની રાષ્ટ્રીય સ્ટીલ નીતિ :

➤ ભારત વર્તમાનમાં પોતાની રાષ્ટ્રીય સ્ટીલ નીતિ, 2017 અંતર્ગત કામ કરી રહ્યું છે.

➤ આ નીતિ અંતર્ગત ભારતને 2030 સુધીમાં પોતાના સ્ટીલ ઉત્પાદનને 300 મિલિયન ટન સુધી વધારવાનો લક્ષ્ય છે.

➤ આ નીતિનો ઉદ્દેશ્ય ભારતને સ્ટીલના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવાનો છે.

## રાષ્ટ્રીય કેરિયર સેવા યોજના

➤ શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ટાટા કન્સલટન્સી સર્વિસિસ (TCS) સાથે ભાગીદારીમાં રાષ્ટ્રીય કેરિયર સેવા પરિયોજના અંતર્ગત કેરિયર કૌશલ્ય પ્રશિક્ષણ આપવાની યોજના બનાવી છે.

➤ રાષ્ટ્રીય કેરિયર સેવા પરિયોજના કેરિયર ભલામણ, નોકરીથી મેળ, વ્યાવસાયિક માર્ગદર્શન, નોકરીની શોધ, કૌશલ્ય વિકાસ પાઠ્યક્રમોની માહિતી વગેરે માટે રોજગાર સંબંધી સેવાઓ પૂરી પાડશે.

➤ લગભગ 1000 રોજગાર એકસચેન્જ એ રાષ્ટ્રીય કેરિયર સેવા સાથે એકીકૃત છે.

➤ વર્તમાનમાં તેના પર ઘરથી કામ કરવા (Work From Home)ની નવી લિંક જોડવામાં આવી છે.

➤ રાષ્ટ્રીય કેરિયર સેવા નોકરી મેળવવા માંગના લોકો માટે વીડિયો પ્રોફાઈલ બનાવવા માટે પણ કાર્ય કરે છે. આ પ્લેટફોર્મ નોકરી મેળવવા ઈચ્છતા લોકોના નાના વીડિયોના માધ્યમથી પોતાની ક્ષમતા દેખાડવા મદદ કરે છે.

## વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ રિપોર્ટ

➤ તાજેતરમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા "Retail Gold Insights :- India Jewellery Report" પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

### Retial Gold Insights : India Jewellery Reportની મુખ્ય બાબતો :

➤ ભારતની લગભગ 37% મહિલાઓ એ કદી આભૂષણોની ખરીદી કરી નથી. આ 37% મહિલાઓમાં 44% મહિલાઓ ગ્રામીણ ક્ષેત્રથી અને 30% મહિલાઓ શહેરી ક્ષેત્રની છે.

➤ આભૂષણો (Jewellery) એ "ફેશન અને લાઈફસ્ટાઈલ અંતર્ગત બીજા નંબરનું સ્થાન ધરાવે છે. પ્રથમ સ્થાન એ પોશાક અને સિલ્ક સાડી ધરાવે છે.

➤ 60% ભારતીય મહિલાઓ આભૂષણો ધરાવે છે.

➤ રિપોર્ટ અનુસાર હાલમાં યુવા ભારતીય મહિલાઓ સોના પ્રત્યે સૌથી ઓછો રસ ધરાવે છે.

➤ 18-24 વય જૂથની મહિલાઓમાં ફકત 33% મહિલાઓ ગોલ્ડ આભૂષણો ખરીદે છે.

### Back to basics : વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ વિશે

➤ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ એ વિશ્વના પ્રમુખ ગોલ્ડ ઉત્પાદકોની બિન–નફાકારક સંસ્થા છે.

➤ તેનું વડુ મથક એ લંડન ખાતે આવેલું છે.

➤ આ સંસ્થા એ ગોલ્ડ ક્ષેત્ર માટે માર્કેટ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન છે જેમાં 25 સભ્યો અને ગોલ્ડ માઈનિંગ કંપનીઓનો સમાવેશ થાય છે.




# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## દામોદર ઘાટી કમાન ક્ષેત્ર

- તાજેતરમાં ભારત સરકાર, પશ્ચિમ બંગાળ સરકાર, એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) અને વિશ્વ બેંક વચ્ચે એક પ્રોજેક્ટ સંબંધે ઋણ કરાર (Loan Agreement) કરવામાં આવ્યો હતો.
- આ પ્રોજેક્ટનું નામ એ "પશ્ચિમ બંગાળ મુખ્ય સિંચાઈ અને પૂર વ્યવસ્થાપન પ્રોજેક્ટ" છે.
- પ્રોજેક્ટ દ્વારા "દામોદર ઘાટી કમાન ક્ષેત્ર" (Damodar Valley Command Area-DVCA) અંતર્ગત સિંચાઈમાં સુધારો અને પૂર વ્યવસ્થાપનનો સમાવેશ કરવામાં આવશે.

### પશ્ચિમ બંગાળ મુખ્ય સિંચાઈ અને પૂર વ્યવસ્થાપન પ્રોજેક્ટ વિશે :

- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સિંચાઈ માટેની સેવાનો સુધારો, પૂર વ્યવસ્થાપન અને રિસ્ક મેનેજમેન્ટ અને આબોહવા પરિવર્તન સંબંધે સ્થિતિ સ્થાપકતા લાવવાનો છે.
- પ્રોજેક્ટ દ્વારા પશ્ચિમ બંગાળના 5 જિલ્લાના 2.7 મિલિયન ખેડૂતોને ફાયદો થશે.
- પ્રોજેક્ટ અંતર્ગત મુખ્યત્વે 4 ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે :

1) **સિંચાઈ વ્યવસ્થાપન :**
- પ્રોજેક્ટ એ દામોદર ઘાટી કમાન ક્ષેત્રમાં સિંચાઈ યોજનાના સંચાલનમાં સુધારો લાવશે, જેથી સેવા વિતરણ, કામગીરી નિરીક્ષણ અને સિંચાઈ કાર્યક્ષમતાના મુલ્યાંકનને સુધારવામાં આવે.

2) **સિંચાઈ માળખાનું આધુનિકીકરણ :**
- મુખ્ય, શાખા અને લઘુ કેનાલ સ્તરે સિંચાઈ માળખાના આધુનિકીકરણમાં રોકાણ કરવામાં આવશે.

3) **પૂર વ્યવસ્થાપન :**
- પ્રોજેક્ટના ક્ષેત્રમાં માળખાકીય પગલાંઓમાં રોકાણના માધ્યમથી પૂરના ક્ષેત્રમાં ઘટાડો કરવામાં આવશે. ડેમ સુરક્ષાની ભલામણોને પણ લાગુ કરવામાં આવશે.

4) **પ્રોજેક્ટ વ્યવસ્થાપન :**
- જે એજન્સી પ્રોજેક્ટનું અમલીકરણ કરશે તેનું નાણાકીય વ્યવસ્થાપન, નિરીક્ષણ અને મૂલ્યાંકન, પર્યાવરણીય અને સુરક્ષા વ્યવસ્થાપન અને સંચારને મજબૂત બનાવામાં આવશે.
- તેના અંતર્ગત પાણીના ઉપયોગની કાર્યક્ષમતાના મહત્ત્વ વિશે હોદ્દેદારોને જાણ કરવા એક વાતચીત અભિયાનને પણ ટેકો આપવામાં આવશે.

### પ્રોજેક્ટની કુલ કિંમત :

- પ્રોજેક્ટની કુલ કિંમત એ 413.8 મિલિયન ડોલર છે.
- પ્રોજેક્ટની કિંમતનું યોગદાન નીચે મુજબ વહેંચવામાં આવશે.

| નાણાકીય સહાય આપતી સંસ્થા/ સરકાર | નાણાકીય સહાય (મિલિયન ડોલરમાં) |
|---|---|
| 1) ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ (IBRD) | 145 |
| 2) એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) | 145 |
| 3) પશ્ચિમ બંગાળ સરકાર | 123.8 |

- ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ (IBRD) એ વિશ્વ બેંક સમૂહનો એક ભાગ છે જે વિશ્વના દેશોને ગરીબી ઘટાડવા અને ટકાઉ વિકસાના લાભોને વિસ્તૃત કરવા નાણાકીય સહાય કરે છે.

### Back to basics :

### દામોદર ઘાટી કમાન ક્ષેત્ર અને દામોદર નદી વિશે

**દામોદર ઘાટી કમાન ક્ષેત્ર :**

- આ ક્ષેત્રમાં આધુનિકીકરણની જરૂરિયાત છે.
- કમાન ક્ષેત્ર ડેમની આજુબાજુનું એવું ક્ષેત્ર છે જેને સિંચાઈ અને વીજળીનો લાભ થતો હોય. આ ઉપરાંત આ ક્ષેત્રને કૃષિ માટે સિંચાઈનો લાભ મળતો હોય છે.
- આ ક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓનું અધઃપતન, સિંચાઈનું અપૂરતું વ્યવસ્થાપન, સેવાની ખરાબ ગુણવત્તા અને અપર્યાપ્ત સિંચાઈ જેવા પડકારો રહેલા છે.
- આ સમસ્યાને લીધે ખેડૂતોને ભૂગર્ભ જળનો સહારો લેવો પડે છે જે કૃષિ માટેના ખર્ચમાં વધારો કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ આ ઉપરાંત આ ક્ષેત્રમાં પૂરું વ્યવસ્થાપન ન હોવાથી 33500 હેક્ટર પાક વિસ્તાર અને 4,61,000 લોકો પૂરથી પ્રભાવિત થાય છે.

**દામોદર નદી :**

➤ દામોદર નદી હુગલી નદીની સહાયક નદી છે.

➤ તે ઝારખંડ અને પશ્ચિમ બંગાળથી થઈને પૂર્વ દિશામાં વહે છે.

➤ આ નદીનું ઉદ્‌ગમ સ્થાન ઝારખંડના છોટા નાગપુર પઠારના પહાડોમાં છે.

➤ નદીની કુલ લંબાઈ 541 કિમી છે જેનો અડધો હિસ્સો ઝારખંડ અને અડધો હિસ્સો પશ્ચિમ બંગાળમાં છે.

➤ બોકારો, બરાકર અને કોનાર તેની સહાય નદીઓ છે.

## દિબાંગ બહુહેતુક પરિયોજના

➤ વન સલાહકાર સમિતિ દ્વારા ફરી એક વખત અરુણાચલ પ્રદેશમાં દિબાંગ પરિયોજના પરના પોતાના નિર્ણયને ટાળી દીધો છે.

➤ આ પરિયોજનામાં 6 વર્ષથી વધુ સમય ચાલ્યો ગયો છે.

➤ આ પરિયોજનાના નિર્માણથી સમૃદ્ધ જૈવ વિવધતા ધરાવતા ક્ષેત્રમાં 1165 હેક્ટર જંગલો કાંપવાની જરૂરિયાત રહેશે.

### દિબાંગ બહુહેતુક પરિયોજના વિશે :

➤ તેની એક જળ વિદ્યુત આધારિત પરિયોજનાના રૂપમાં કલ્પના કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય પૂરને સંતુલિત કરવાનો છે.

➤ ભારતમાં નિર્માણ થનારી તે સૌથી મોટી જળ વિદ્યુત પરિયોજના હશે.

➤ પરિયોજના અંતર્ગત બાંધની ઊંચાઈ 278 મીટર છે જેનું નિર્માણ થયા બાદ ભારતનો સૌથી ઊંચો બાંધ હશે.

➤ આ પરિયોજના અરુણાચલ પ્રદેશની લોઅર દિબાંગ ઘાટીમાં દિબાંગ નદી પર સ્થિત છે.

### વન સલાહકાર સમિતિ વિશે :

➤ આ એક મુખ્ય સંસ્થા છે જે ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે જંગલોમાં વૃક્ષોને કાંપવાની અનુમતિ આપવા સંબંધે નિર્ણય લે છે.

➤ સમિતિએ "કેન્દ્રિય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય" અંતર્ગત કામ કરે છે.

➤ સમિતિમાં કેન્દ્રિય વન વિભાગના વિશેષજ્ઞો અને અધિકારીઓનો સમાવેશ કરવામાં આવે છે.

## ચક્રવાત વાવાઝોડું "અમ્ફાન"

➤ તાજેતરમાં ચક્રવાત "અમ્ફાન"ના લીધે પશ્ચિમ બંગાળ રાજ્યમાં સૌથી વધુ નુકસાન થયું હતું અને 70થી પણ વધુ લોકોના મૃત્યુ થયા હતા.

➤ ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ દ્વારા આ ચક્રવાત આગામી સમયમાં "અત્યંત ગંભીર ચક્રવાતી વાવાઝોડું" (Extranely Severe Cyclonic Storm)નું રૂપ લઈ શકે છે.

➤ ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ મુજબ પશ્ચિમ બંગાળના બધા જ તટીય જિલ્લામાં અલગ–અલગ સ્થાનો પર હલ્કાથી લઈને મધ્યમ વર્ષા થવાની સંભાવના છે.

➤ અમ્ફાન ચક્રવાતનું નામ એ થાઈલેન્ડ દ્વારા આપવામાં આવ્યું હતું.

➤ વૈજ્ઞાનિકો અનુસાર બંગાળની ખાડીમાં આવનાર આ ચક્રવાત વધુ તીવ્ર થવામાં લોકડાઉન એ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

➤ વર્ષ 1999ના ચક્રવાત બાદ બંગાળની ખાડીમાં આવનાર સૌથી વધુ ઝડપી ચક્રવાત છે.

### Back to basics : ચક્રવાત વિશે :

➤ ઉષ્ણકટિબંધીય ચક્રવાત આક્રમક વાવાઝોડા હોય છે જેની ઉત્પતિ ઉષ્ણકટિબંધીય ક્ષેત્રોના મહાસાગરો પર થાય છે અને તટીય ક્ષેત્રો તરફ ગતિમાન થાય છે.

➤ ચક્રવાતના કેન્દ્રમાં હલકુ દબાણ હોય છે અને કેન્દ્રથી દૂર જતાં દબાણ ભારે (વધતું) જાય છે.

➤ પૃથ્વીની ધરીભ્રમણ ગતિને લીધે પવનો મધ્યના હલકા દબાણ તરફ ધસી આવીને ચકરાવો લઈને જમીનસપાટી ઉપરથી ઊંચે ચડે છે.

➤ ચક્રવાતમાં પવનોની ગતિ ઉત્તર–ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાના ફરવાની વિરુદ્ધ દિશામાં અને દક્ષિણ ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાની ફરવાની દિશામાં હોય છે.

### ઉષ્ણકટિબંધીય ચક્રવાત નિર્માણ માટે અનુકૂળ પરિસ્થિતિ :

➤ ચક્રવાતની ઉત્પત્તિ અને વિકાસ માટે નીચેની પરિસ્થિતિઓ અનુકૂળ રહે છે.

1) સમુદ્રની સપાટીનનું તાપમાન $27^0$ સે.થી વધુ હોવું જોઈએ.

2) કોરિયોલિસ બળ (Coriolis Force)ની હાજરી હોવી.

3) લંબરૂપ પવનનો ગતિ અંતર ઓછું હોવું.

4) નબળા નીચા દબાણવાળા ક્ષેત્ર અથવા નીચલા સ્તરનું ચક્રવાત પરિભ્રમણ

### ભારતમાં ચક્રવાત :

➤ ભારતમાં અરબ સાગર અને બંગાળની ખાડી પરથી વધારે ચક્રવાતોની ઉત્પતિ થતી હોય છે, જેને ઉષ્ણકટિબંધીય ચક્રવાત તરીકે ઓળખવામાં આવે છે.

➤ અરબ સાગર કરતા વધુ ચક્રવાતો એ બંગાળની ખાડીમાં જોવા મળે છે.

### બંગાળની ખાડી ચક્રવાતો માટે શા માટે વધુ અનુકૂળ ?

➤ અરબ સાગરની સરખામણીએ બંગાળની ખાડીમાં તાપમાન વધુ છે જે ચક્રવાત માટે જરૂરી નીચા દબાણને જાળવવા થર્મલ ઊર્જા પ્રદાન કરે છે.

➤ સમુદ્ર સપાટીનું તાપમાન અને ભેજ બંને મળીને ચક્રવાત નિર્માણની સંભાવનાને વધુ બનાવે છે.

➤ બંગાળની ખાડીમાં સતત થતો વરસાદ અને ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓ દ્વારા નિર્માણ થતાં મુખત્રિકોણ પ્રદેશ તેની સપાટી પર ઠંડા પાણીના પ્રવાહને ભળવા દેતા નથી. પરિણામે બંગાળની ખાડીમાં ગરમ રહેતુ પાણી સપાટી પરનું તાપમાન ઊંચું રાખે છે.

➤ અરબ સાગરમાં તેનાથી વિરુદ્ધ ઝડપથી હવા ચાલે છે અને તાજા પાણીના અભાવમાં ગરમ પાણીની સપાટી અને ઠંડા પાણીની સપાટી ભળી જાય છે જે ચક્રવાતના નિર્માણને અવરોધે છે.

➤ બંગાળની ખાડી અને પ્રશાંત મહાસાગર વચ્ચે સ્થળના અવરોધોના અભાવથી ચક્રવાતીય પવનો બંગાળની ખાડી સુધી સરળતાથી પહોંચી જાય છે.

### ચક્રવાતો સંદર્ભે હવામાન વિભાગની ચેતવણી :

| ચક્રવાત ચેતવણી | સંબંધિત માહિતી |
|---|---|
| યેલો વોર્નિંગ | તેને સાયક્લોન એલર્ટ પણ કહે છે. |
| | તટીય ક્ષેત્રમાં પ્રતિકૂળ હવામાનની સંભાવનાથી ઓછામાં ઓછા 48 કલાક પહેલા જાહેર કરવામાં આવે છે. |
| ઓરેન્જ અલર્ટ | તેને સાયક્લોન વોર્નિંગ પણ કહે છે. |
| | તટીય ક્ષેત્રોમાં પ્રતિકૂળ હવામાનની સંભાવનાથી ઓછામાં ઓછા 24 કલાક પહેલા જાહેર કરવામાં આવે છે. |
| રેડ અલર્ટ | તે ચક્રવાતના લેન્ડફોલ પછી ચક્રવાતની ગતિની સંભવિત દિશા અને ભૌગોલિક ક્ષેત્રમાં પ્રતિકૂળ હવામાનની સંભાવના દર્શાવે છે. |

### ચક્રવાતોનું નામકરણ :

➤ હિંદ મહાસાગર ક્ષેત્રના 8 દેશો બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ સાથે મળીને ચક્રવાતોના નામની સૂચિ નક્કી કરે છે.

➤ નામકરણથી ચક્રવાતને સરળતાથી ઓળખી શકાય છે અને બચાવના અભિયાનોમાં મદદ મળે છે.

## હિંદુ-કુશ હિમાલય ક્ષેત્ર

➤ આંતરરાષ્ટ્રીય એકીકૃત પર્વતીય વિકાસ કેન્દ્ર (International Center for Integrated Mountain Development -ICIMOD) દ્વારા હિંદુ–કુશ હિમાલય ક્ષેત્ર પર આબહોવા પરિવર્તનના પ્રભાવો સંબંધિત અભ્યાસ મુજબ આ ક્ષેત્રના ગ્લેશિયરોની સંખ્યામાં વધારો થયો છે.

### હિંદુ કુશ હિમાલય ક્ષેત્ર અને આબોહવા

➤ ICIMODના અભ્યાસ મુજબ હિંદુ–કુશ હિમાલય ક્ષેત્ર વર્ષ 2060 સુધીમાં પોતાના વર્તમાન ગ્લેશિયરનો અડધો ભાગ ગુમાવશે. આ સમયગાળો પહેલા 2070 સુધીનો હતો.

➤ ગ્લેશિયરોની સંખ્યામાં વધારો થવાનું કારણ એ ગ્લેશિયરોનું વિભાજન છે. અને મોટા ગ્લેશિયરો નાના ગ્લેશિયરમાં વિભાજિત થઈ રહ્યા છે.

➤ વૈશ્વિક તાપમાનમાં થતો વધારો એ એશિયાના વિભાજનનું મુખ્ય કારણ છે. આ સ્થિતિ એ ખૂબ જોખમકારક છે.

➤ અભ્યાસ મુજબ પૂર્વ હિમાલયના ગ્લેશિયર મધ્ય તથા પશ્ચિમ હિમાલયના ગ્લેશિયરની સરખામણીએ વધુ ઝડપથી સંકોચાય છે.

### Back to basics : હિંદુ કુશ હિમાલય ક્ષેત્ર વિશે :

- હિંદુ કુશ હિમાલય ક્ષેત્રનો વિશ્વનો ત્રીજો ધ્રુવ તરીકે ઓળખવામાં આવે છે.
- આબોહવા પરિવર્તનને લીધે આ ક્ષેત્ર એ અત્યંત સંવેદનશીલ છે.
- આ ક્ષેત્ર અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, ચીન, ભારત, કિર્ગિસ્તાન, મંગોલિયા, મ્યાનમાર, નેપાળ, પાકિસ્તાન, તજાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન સુધી ફેલાયેલ છે.
- આ ક્ષેત્ર નદીઓ માટે પાણીનો એક મોટો સ્ત્રોત છે અને આ ગ્લેશિયર દુનિયામાં 1/3 વસ્તી માટે જીવન રેખા છે.
- અલગ–અલગ દેશોમાં આ ક્ષેત્ર લગભગ 3500 ચો. કિમીમાં ફેલાયેલ છે અને તેને એશિયાનો "વોટર ટાવર" પણ કહેવામાં આવે છે.

## સુપર અર્થ

- ન્યૂઝલેંડના વૈજ્ઞાનિકો દ્વારા "સુપર અર્થ"ની શોધ કરવામાં આવી છે.
- આ ગ્રહ પર માનવ જીવન માટે આવશ્યક પરિસ્થિતિઓ ઉપલબ્ધ છે.
- સુપર અર્થ એ ગ્રહોમાંથી એક છે જેનો આકાર અને અંતર પૃથ્વીથી લગભગ સમાન હોય છે.
- સુપર અર્થની પ્રણાલીમાં રહેલ ગરમ તારો અર્થાત્ તેના સૂર્ય કરતા તેનું દળ 10% છે.

### સુપર અર્થ વિશે અન્ય માહિતી :

- આ ગ્રહ પૃથ્વીથી મોટો છે આથી તેનું નામ "સુપર અર્થ" રાખવામાં આવ્યું છે.
- વૈજ્ઞાનિકો મુજબ આ ગ્રહ ઠંડો હોય શકે છે.
- ઠંડો હોવાને કારણે પાણી એ પ્રવાહીમાં ઉપસ્થિત નહીં હોય પરંતુ બરફના રૂપમાં હશે.
- આ સુપર અર્થનું દળ ભારે છે અને તારાની આસપાસ ફરતા તેને 617 દિવસ લાગી શકે છે.
- વૈજ્ઞાનિકો અનુસાર "સુપર અર્થ" ભવિષ્યમાં "ગોલ્ડીલોક ઝોન" હોય શકે છે.

### ગોલ્ડીલોક ઝોન એટલે શું ?

- ગોલ્ડીલોક ઝોન એક તારાની ચારેબાજુનું સ્થાન છે જ્યાં તાપમાન પ્રવાહી સ્થિતિમાં પાણીને સુરક્ષિત રાખે છે.
- જો કે હાલમાં સુપર અર્થ પૃથ્વીથી 111 પ્રકાશ વર્ષ દુર છે આથી મનુષ્યનું ત્યાં પહોંચવું મુશ્કેલ છે.

## કચરા મુકત શહેરોની સ્ટાર રેટિંગ

- કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના રાજ્ય મંત્રી શ્રી હરદીપ એસ પુરી દ્વારા આકરણી વર્ષ 2019-20 માટે કુલ 6 શહેરોને 5 સ્ટાર, 65 શહેરોને 3 સ્ટાર અને 70 શહેરોને 1 સ્ટારના રૂપમાં કચરા મુકત શહેરોની સ્ટાર રેટિંગ (Grabage Free Star Rating for the Cities) તરીકે પ્રમાણિત કરવામાં આવેલ છે.

### 5 સ્ટાર રેટિંગ મેળવતા શહેરો :

5 સ્ટાર કચરા મુકત શહેરોની યાદી :

| ક્રમ | શહેર |
|---|---|
| 1) | અંબિકાપુર |
| 2) | રાજકોટ |
| 3) | સુરત |
| 4) | મૈસુર |
| 5) | ઈન્દોર |
| 6) | નવી મુંબઈ |

### કચરા મુકત શહેરોની સ્ટાર રેટિંગ વિશે :

- કચરા મુકત સ્થિતિ પ્રાપ્ત કરવા શહેરોના તંત્રને સંસ્થાગત રૂપ આપવા અને સ્વચ્છતાના ઉચ્ચ સ્તરને પ્રાપ્ત કરવા માટે શહેરોને પ્રેરિત કરવાના ઉદ્દેશ્યથી જાન્યુઆરી 2018માં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.
- મંત્રાલય દ્વારા કચરા મુકત શહેરો માટે સ્ટાર રેટિંગ પ્રોટોકલ તૈયાર કરવામાં આવેલ છે.
- પ્રોટોકોલ અંતર્ગત ગટર અને જળાશયોની સફાઈ, પ્લાસ્ટિક કચરો સંચાલન, બાંધકામ અને વિનાશ કચરાનું સંચાલન વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રોટોકોલ અંતર્ગત પ્રાપ્ત થયેલ પરીણામોના આધાર રેટિંગ નક્કી થાય છે.

### શહેરોને રેટિંગ કઈ રીતે આપવામાં આવે છે ?

- શહેરોને સ્ટાર રેટિંગ એ ત્રણ તબક્કાઓની મૂલ્યાંકન પ્રક્રિયાને આધારે આપવામાં આવે છે.

➤ આ ત્રણ તબક્કાઓમાં શહેરની સ્થાનીય સંસ્થા દ્વારા સ્ટાર રેટિંગના દસ્તાવેજો, તૃતિય પક્ષ દ્વારા કરવામાં આવતું મૂલ્યાંકન અને શહેરના ક્ષેત્રમાં જઈને સુપરવાઈઝર દ્વારા કરવામાં આવતી ખરાઈનો સમાવેશ થાય છે.

### સ્ટાર રેટિંગ માટે સુધારેલ પ્રોટોકોલ લોન્ચ :

➤ કચરા મુકત સ્ટાર રેટિંગના પરીણામો લોન્ચ કરતી વખતે એ નવો સુધારેલ પ્રોટોકલ પણ લોન્ચ કરવામાં આવેલ છે.

➤ નવા પ્રોટોકોલ વોર્ડના આધારે જિયો–મેપિંગ, સ્વચ્છ નગર એપ જેવા સૂચના અને સંચાર તકનિક માધ્યમોના આધારે ઘન કચરો વ્યવસ્થાપનનું નિરીક્ષણ તથા 50 લાખથી વધુની વસ્તીવાળા શહેરોમાં ઝોન આધારિત રેટિંગ આપવાનો વિચાર કરવામાં આવશે.

## સૌર ન્યૂનત્તમ (Solar Minimum)

➤ અમુક અહેવાલો એવું દર્શાવે છે કે વર્ષ 2020 ના લગભગ 100 દિવસો થયા છે જ્યારે સૂર્યના શૂન્ય સૂર્યકલંકો (Sun Spots) થયા હોય.

➤ સૂર્ય એવી અવસ્થામાં છે જેને "સૌર ન્યૂનત્તમ" અથવા Solar Minimum તરીકે ઓળખવામાં આવે છે. સૂર્ય એ સૂર્યપ્રકાશની મંદી (Solar Recession)માં છે કારણ કે સૂર્યકલંકો જોવા મળતા નથી.

### સૌર ન્યૂનત્તમ (Solar Minimum) શું છે ?

➤ સૂર્યના 11 વર્ષના સૌર ચક્રમાં સૌથી ઓછી સૌરક્રિયાનો સમયગાળો એ સોલાર ન્યૂનત્તમ છે.

➤ આ સમયગાળા દરમિયાન સૂર્યકલંકોની પ્રવૃત્તિ ઘટી જાય છે. અને ઘણાં સમય સુધી જોવા પણ મળતી નથી.

➤ સૂર્યકલંકોના ચક્રમાં આ નિયમિત રીતે બનતી ઘટના છે.

### સૂર્યકલંકો એટલે શું ?

➤ સૂર્યની સપાટી પર દેખાતા કાળા ધાબાને સૂર્યકલંકો કહેવામાં આવે છે.

➤ સૂર્યકલંકો સૂર્યસપાટી પર આવેલી ફાટખીણો છે. જેમા થઈને સૂર્યની આંતરિક ગરમી બહાર આવે છે.

➤ જ્યારે સૂર્યકલંકોની સંખ્યા વધુ હોય ત્યારે આપણે ગરમીનો અનુભવ કરીએ છીએ.

## કોણાર્ક સૂર્ય મંદિર અને સોલરાઈઝેશન

➤ નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા ઓડિશાના કોણાર્ક સૂર્ય મંદિર અને કોણાર્ક શહેરને 100% સૌર ઊર્જાથી સંચાલિત અથવા સોલરાઈઝેશન કરવા માટેની યોજના શરૂ કરવામાં આવી છે.

### યોજનાની મુખ્ય બાબતો :

➤ આ યોજના અંતર્ગત કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયના માધ્યમથી લગભગ રૂ. 25 કરોડની સહાયતા કરવામાં આવશે.

➤ યોજના અતંર્ગત 10 મેગાવોટ ગ્રીડ કનેકટેડ સૌર પરિયોજના અને વિભિન્ન ઓફ–ગ્રીડ સૌર કાર્યક્રમો જેમકે સૌ વૃક્ષ, સૌર પેયજલ કિયોસ્ક, બૈટરી સ્ટોરેજ સહિત ઓફ ગ્રીડ સૌર સંયંત્રો સ્થાપવાની કલ્પના કરવામાં આવી છે.

➤ આ યોજનાનું અમલીકરણ એ ઓડિશા નવીનીકરણ ઊર્જા વિકાસ એજન્સી દ્વારા કરવામાં આવશે.

➤ આ ઉપરાંત આ યોજના એ કોણાર્ક શહેરની ઊર્જા સંબંધી જરૂરિયાતોને પૂરી કરશે.

### Back to basics : કોણાર્ક સૂર્ય મંદિર અને ભારતમાં સૌર ઊર્જાનું મૂલ્યાંકન વિશે

■ **કોણાર્ક સૂર્ય મંદિર :**

➤ કોણાર્ક સૂર્ય મંદિરનું નિર્માણ એ 13મી સદીમાં ગંગ વંશના શાસક નરસિંહ દેવ પ્રથમ દ્વારા કરાવવામાં આવ્યું હતું.

➤ આ મંદિર એ બંગાળની ખાડીના તટ પર સ્થિત કોણાર્ક સૂર્ય મંદિર ભગવાન સૂર્યના રથનું એક વિશાળ સ્વરૂપ છે.

➤ આ મંદિર એ ઓડિશાના પુરી જિલ્લામાં સ્થિત છે.

➤ મંદિરના રથના 24 પૈડાઓને પ્રતીકાત્મક ડિઝાઈનથી સજાવવામાં આવેલ છે અને સાત ઘોડાઓ તેને ખેંચતા હોય એમ દર્શાવવામાં આવેલ છે.

➤ કોણાર્ક સૂર્ય મંદિરનો સમાવેશ વર્ષ 1984માં યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં કરવામાં આવ્યો હતો.

### ભારતમાં સૌર ઊર્જાનું મૂલ્યાંકન :

➤ ફોટોવોલ્ટિક પેનલ અને સોલાર હિટર જેવી ટેકનોલોજીના માધ્યમથી સૂર્યમાંથી આવતા કિરણોનો ઊર્જા ઉત્પન્ન કરવામાં ઉપયોગ કરવામાં આવે છે.

- ભારતમાં એક વર્ષમાં 300 દિવસ માટે સૂર્યના કિરણો ઉપલબ્ધ હોય છે. જે 2300 - 3000 કલાકોના સૂર્યપ્રકાશની બરાબર છે.
- ભારતની નવીનીકરણીય ઊર્જાની સ્થાપિત ક્ષમતા 84 GW (ગીગાવોટ) છે જેમાંથી 32-35 GW એ સૌર ઊર્જા સાથે સંબંધિત છે.
- ભારતની વીજળીની અછત રહે છે તેવા કિસ્સામાં સૌર ઊર્જા આ જરૂરિયાતને પૂરી કરવામાં મદદ કરી શકે તેમ છે.

### સૌર ઊર્જાની જરૂરિયાત :

- **ઊર્જા સુરક્ષા :**
- ભારત પોતાની ઊર્જાની જરૂરિયાત માટે વધુ પડતો આધાર બિન–નવીનીકરણીય સ્ત્રોત રાખે છે.
- થર્મલ એનર્જી કે કોલસા દ્વારા ઉત્પન્ન થતી ઊર્જામાં સંસાધન મર્યાદિત છે આથી નવીનીકરણ ઊર્જા તેનો વિકલ્પ છે.
- ભારતમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ સૌર પ્રકાશ એ સૌર ઊર્જા માટે ઉપયોગી બની શકે છે.
- ભારત પોતાની ઊર્જાની જરૂરિયાત પૂરી કરવા કોલસાની આયાત પર આધાર રાખે છે. સૌર ઊર્જા આ આયાતમાં ઘટાડો કરી શકે છે. તેમજ તેના પર થતા વધુ પડતા ખર્ચને ઘટાડી શકે છે.

### આર્થિક વિકાસ :

- ભારત એક વિકાસશીલ દેશ છે અને ઓદ્યોગિક તથા ખેતીના વિકાસ માટે ઊર્જાની સતત જરૂરીયાત રહે છે.
- ઊર્જા ઉત્પન્ન કરવા માટે આત્મનિર્ભરતાની જરૂરિયાત છે જેનાથી આયાત પર આધાર ન રાખતા ઊર્જાની સતત માંગ પૂરી થતી રહે.

### સામાજિક વિકાસ :

- વીજળી અને ઊર્જાની ઉપલબ્ધતામાં ગ્રામણી ક્ષેત્રમાં વિક્ષોભ એ સામાજિક વિકાસમાં અવરોધ બની શકે છે.
- આથી વ્યક્તિને પોતાની વિકાસની ક્ષમતાઓ પ્રાપ્ત કરવા માટે સતત ઊર્જા મળવી જરૂરી છે.

### પર્યાવરણીય ચિંતા :

- ભારતની ઊર્જાની મોટા ભાગની માંગ એ થર્મલ એનર્જી કે કોલસા આધારિત ઊર્જા દ્વારા પૂરી કરવામાં આવે છે જે અશ્મિભૂત ઈંધણ પર આધારિત છે.
- ઊર્જાનો આવો સ્ત્રોત પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પાડે છે.
- સૌર ઊર્જા અને અન્ય નવીનીકરણીય ઊર્જા એ તેનો વિકલ્પ બની શકે છે જેની પર્યાવરણ પર પણ સકારાત્મક અસર રહે છે.

### સૌર ઊર્જા સંદર્ભે રહેલા પડકારો :

- સૌર ઊર્જા પ્લાન્ટને સ્થાપિત કરવાનો પ્રારંભિક ખર્ચ વધારે આવે છે જેના કારણે તેનો વ્યાપક અને મોટા પ્રમાણમાં ઉપયોગ થઈ શકતો નથી.
- સૌર ઊર્જા મોટા ભાગે હવામાન આધારિત રહે છે. આથી સતત ઊર્જા મળતી રહે તે એક પ્રશ્ન છે.
- ભારતમાં વસ્તી ગીચતા હોવાને કારણે સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવા માટે જમીનની ઉપલબ્ધતા ઓછી છે. નાના પ્રમાણમાં ઊર્જા ઉત્પન્ન કરવાનો ખર્ચ વધુ આવે છે.
- સૌરા ઊર્જાનો સંગ્રહ કરવાની ટેક્નોલોજીનો ખર્ચ વધારે છે આથી તેના દ્વારા દિવસ દરમિયાન ઊર્જા પ્રાપ્ત થઈ શકે પરંતુ રાત્રિના સમયમાં નહીં.
- સૌર ઊર્જા ઉત્પન્ન કરવા માટેના જરૂરી ઉપકરણો દા.ત. સોલાર ફોટોવોલ્ટિક પેનલ જેના માટે આયાત પર આધાર રાખવો પડે છે.

## તાડ વૃક્ષ (Plam tree)

- દક્ષિણ અંદમાન દ્વીપના એક દુર્લભ તાડના વૃક્ષને જ્વાહરલાલ નેહરૂ ટ્રોપિકલ બોટેનિકલ ગાર્ડન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (JNTBGRI) કેરલમાં સ્થાપિત કરવામાં આવેલ છે.
- આ વૃક્ષની અને તેની પ્રજાતિની વિલુપ્તિ રોકવા માટે તેને કેરલમાં લાવવામાં આવેલ છે.
- આ દુર્લભ તાડને "પિનંગા અંડેમાનેન્સિસ" કહેવામાં આવે છે અને તે એક લુપ્તપ્રાય પ્રજાતિ છે.
- વર્તમાનમાં આ પ્રજાતિના ફક્ત 600 નમૂનાઓ છે અને આ નાના વૃક્ષો સામાન્ય રીતે સદાબહાર જંગલોમાં જોવા મળતા હોય છે.
- JNIBGRI દ્વારા વૃક્ષના જર્મપ્લાઝમના સંરક્ષણને સુનિશ્ચિત કરવામાં આવેલ છે. તેના કારણે પ્રજાતિને વિલુપ્ત થવાથી રોકી શકાશે. આ વૃક્ષ એ પ્રાકૃતિક આપદાઓને લીધે સંકટમાં છે.
- જર્મપ્લાઝમ એ કોશ અને બીજની જેમ જીવિત સંસાધન છે. જે છોડના પ્રજનના માટે સંરક્ષિત છે. તેનો આનુવંશિક સંસાધનના રૂપમાં ઉપયોગ કરવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ

- જૈવ વિવિધતા જેવા મુદ્દાઓ પર સમજ અને જાગૃકતા વધારવા હેતુ દર વર્ષે 22 મે ને આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ 2000માં સંકલ્પ 55/201ના માધ્યમથી આ દિવસ મનાવવાની ઘોષણા કરવામાં આવી હતી.
- વર્ષ 2020ના આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસની થીમ : આપણા ઉકેલો પ્રકૃતિમાં (Our Solutions are in nature)
- આ દિવસ મનાવવાનો ઉદ્દેશ્ય લોકોને જૈવ વિવિધતા દિવસના મહત્ત્વ વિશે જાગૃકતા વધારવાનો છે.
- 22 મે, 1992ના રોજ નૈરોબીમાં જૈવ વિવિધતા પર સંમેલન (Convention on Biological Diversity-CBO)નો સ્વીકાર કરવામાં આવ્યો હતો આથી 22 મે ના દિવસને પ્રત્યેક વર્ષ આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતાના દિવસમાં મનાવવામાં આવે છે.

## જૈવ વિવિધતાના સંરક્ષણ માટે 5 પહેલો

- 22 મે, 2020ના આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ મનાવવા માટે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે જૈવ વિવિધતાની સંરક્ષણ પર 5 પહેલો શરૂ કરી હતી.

### જૈવ વિવિધતાના સંરક્ષણ માટે 5 પહેલો :

1) “જૈવ વિવિધતા સંરક્ષણ ઈન્ટર્નશીપ કાર્યક્રમ” લોન્ચ કરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ્ય 1 વર્ષના સમય માટે અનુસ્નાતક કાર્યક્રમમાં 20 છાત્રોનો સમાવેશ કરવાનો છે. આ કાર્યક્રમ રચનાત્મક છાત્રોને સંલગ્ન કરશે જે જૈવ વિવિધતા સંરક્ષણ અને પ્રાકૃતિક સંસાધન વ્યવસ્થાપન વિશે જાણવામાં ઈચ્છુક હોય.
2) સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમનું લુપ્તપ્રાય પ્રજાતિઓની ગેરકાયદેસર તસ્કરી સંબંધિત અભિયાન લોન્ચ કરવામાં આવ્યું. આ અભિયાન “નોટ ઓલ એનિમલ્સ માઈગ્રેટ બાય ચોઈસ” તરીકે ઓળખાય છે.
3) વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યૂરોનું અભિયાન “નોટ ઓલ એનિમલ્સ માઈગ્રેટ બાય ચોઈસ” લોન્ચ કરવામાં આવ્યું.
4) એક વેબિનાર સરીઝ શરૂ કવરામાં આવી. આ વેબિનાર સિરીઝ “જૈવ વિવિધતા સંરક્ષણ અને જૈવિક વિવિધતા અધિનિયમ, 2002” પર આધારિત છે.
5) વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ મોડેલ કોન્ફરન્સ ઓફ પાર્ટીસ લોન્ચ કરવામાં આવશે જેથી તેઓ જૈવ વિવિધતા પર માનવીય પગલાંઓની અસર અને માનવતાનું અસ્તિત્વ જાળવવામાં જૈવ વિવિધતાના મહત્ત્વ વિશે જાણી શકે.

### જૈવ વિવિધતા માટે સુપર યર :

- સંયુક્ત રાષ્ટ્ર એ વર્ષ 2010 અને 2020 વચ્ચે અમલી થનારી 20 વૈશ્વિક કાર્યવાહીઓ તૈયાર કરેલ છે. તેને જૈવ વિવિધતા માટે વ્યૂહાત્મક યોજના કહેવામાં આવે છે. વર્ષ 2020ને જૈવ વિવિધતા માટે સુપર યર તરીકે ઓળખવામાં આવે છે.

## ગંગા અને યમુનાના પાણીની ગુણવત્તામાં સુધાર પર રિપોર્ટ

- COVID-19 કાબૂ કરવા દેશભરમાં લાગુ લોકડાઉન દરમિયાન ગંગા અને યમુનાના પાણીની ગુણવત્તામાં સુધારા સંબંધી રિપોર્ટને ધ્યાનમાં લેતા રાષ્ટ્રીય હરિત પંચ (National Green Tribunal-NGT)એ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને નિર્દેશ આપ્યો છે.
- આ નિર્દેશમાં નદીઓ અને અન્ય જળાશયો સહિત પર્યાવરણમાં ઓદ્યૌગિક કચરાથી થયેલા ઘટાડાનો અભ્યાસ અને વિશ્લેષણ કરવાનો નિર્દેશ આપ્યો છે.
- NGT એ આ બાબત પર વિસ્તૃત રિપોર્ટ માંગતા નિર્દેશ આપ્યો છે કે ઔદ્યોગિક અને અન્ય પ્રવૃત્તિઓ ફરી શરૂ થયા બાદ એ બાબત સુનિશ્ચિત કરવી કે પર્યાવરણ સંબંધી બધા નિયમોનું પાલન કરવામાં આવે.
- NGT દ્વારા બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યો છે કે જળાશયોમાં પ્રવેશ થતાં કચરાયુકત જળનો 100% ઉપચાર થવો જોઈએ.
- ગંગા નદીમાં પીગળેલ ઓકિસજન અને નાઈટ્રેટનું–પ્રમાણ ઘટવાની સાથે ગુણવત્તામાં સુધારો થયો છે.
- દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિના અહેવાલ અનુસાર ઓદ્યૌગિક કચરો ન હોવાથી અને માનવીય પ્રવૃત્તિ ઘટવાને કારણે યમુના નદીના પાણીની ગુણવત્તામાં સુધારો થયો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Back to basics : રાષ્ટ્રીય હરિત પંચ અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ વિશે

- **રાષ્ટ્રીય હરિત પંચ (National Green Tribunal) વિશે :**

➤ NGT એ વનસ્પતિ અને અન્ય પ્રાકૃતિક સંસાધનોના પર્યાવરણ સંરક્ષણ અને તેના સંબંધિત કેસોના અસરકારક અને ઝડપી નિકાલ માટેની એક સંસ્થા છે.

➤ તેની સ્થાપના એ "રાષ્ટ્રીય હરિત પંચ અધિનિયમ-2010" અંતર્ગત કરવામાં આવી છે.

➤ NGT એ વૈધાનિક અને અર્ધ–ન્યાયિક સંસ્થા છે.

➤ NGT એ તેમની પાસે રહેલા કેસોનો ચુકાદો 180 દિવસમાં આપવાનો હોય છે.

➤ NGTના અધ્યક્ષની નિયુક્તિ કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કરીને કરવામાં આવે છે.

➤ અધ્યક્ષ અને ન્યાયિક સદસ્યો સર્વોચ્ચ ન્યાયાલય કે ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશો હશે.

➤ NGT એ દીવાની કાર્ય પદ્ધતિ સંહિતા, 1908 (Civil Procedure Code, 1908) અને પુરાવા અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવી ફરજિયાત નથી.

➤ NGT કુદરતી ન્યાય (Natural Justice)ના સિદ્ધાંત હેઠળ કાર્ય કરે છે.

➤ NGT પાસે દીવાની અદાલતો સમાન સત્તાઓ હોય છે.

### કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (Central Pollution Control Board - CPCB) વિશે :

➤ CPCB એક વૈધાનિક સંસ્થા છે. તેની સ્થાપના એ જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1974 અંતર્ગત કરવામાં આવી છે.

➤ CPCBને વાયુ (પ્રદૂષણ નિયંત્રણ અને નિવારણ) અધિનિયમ, 1981 અંતર્ગત સત્તાઓ અને કાર્યો સોંપવામાં આવ્યા છે.

➤ પાણી અને વાયુ પ્રદૂષણના નિવારણ અને નિયંત્રણ તેમજ હવાની ગુણવત્તામાં સુધારાને લગતા કોઈપણ મુદ્દા પર કેન્દ્ર સરકારને સલાહ આપવાનું કાર્ય કરે છે.

➤ તે પ્રદૂષણ સંબંધિત તકનિકો એકત્રિત કરે છે તથા આંકડાકીય માહિતી એકત્રિત કરી પ્રકાશિત પણ કરે છે.

➤ CPCB એ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

## ભારત હવામાન વિજ્ઞાન વિભાગની 7 સેવાનો ઉમંગ એપ્લિકેશન પર પ્રારંભ

➤ તાજેતરમાં ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (India Meteorological Department)ની 7 સેવાઓનો "યુનિફાઈડ મોબાઈલ એપ્લિકેશન ફોર ન્યૂ એજ ગવર્નંસ (ઉમંગ) પર પ્રારંભ કરવામાં આવ્યો હતો.

➤ નીચેની 7 સેવાઓનો પ્રારંભ ઉમંગ એપ પર કરવામાં આવ્યો છે.

1) **વર્તમાન હવામાન :**

➤ દિવસમાં 8 વખત વર્તમાન તાપમાન, ભેજ, હવાની ગતિ, 150 શહેરો માટે દિશાને અપડેટ કરવામાં આવે છે.

➤ સૂર્યોદય/સૂર્યાસ્ત અને ચંદ્રોદય/ચંદ્રના અસ્ત થવાની જાણકારી પણ આપવામાં આવે છે.

2) **નાવકાસ્ટ :**

➤ ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (IMD)ના રાજ્ય હવામાન વિજ્ઞાન કેન્દ્રો દ્વારા ભારતના લગભગ 800 સ્ટેશનો અને જિલ્લા માટે સ્થાનીય હવામાન સંબંધી ઘટનાઓ અને તીવ્રતાની 3 કલાક પર ચેતવણી આપવામાં આવે છે.

➤ ગંભીર હવામાનના કિસ્સામાં તેના પ્રભાવની ચેતવણીનો પણ સમાવેશ કરવામાં આવે છે.

3) **શહેર પૂર્વાનુમાન :**

➤ ભારતના લગભગ 450 શહેરોના પાછલા 24 કલાક અને 7 દિવસના હવામાનનું પૂર્વાનુમાન આપવામાં આવે છે.

4) **વર્ષાની સૂચના :**

➤ સમગ્ર ભારતીય જિલ્લા વર્ષા સૂચના દૈનિક, સાપ્તાહિક, માસિક સંચિત શ્રેણીઓ ઉપલબ્ધ છે.

5) **પર્યટન પૂર્વાનુમાન :**

➤ પર્યટનની દ્રષ્ટિથી મહત્ત્વપૂર્ણ ભારતના લગભગ 100 શહેરોના પાછલા 24 કલાક અને 7 દિવસના હવામાનની સ્થિતિનું પૂર્વાનુમાન આપવામાં આવે છે.

6) **ચેતવણી :**

➤ નાગરિકોને ગંભીર હવામાનની ચેતવણી આપવા એલર્ટ જાહેર કરવામાં આવે છે.

➤ આ એલર્ટ (ચેતવણી) કલર કોડમાં હોય છે.

➤ બધા જ જિલ્લાઓ માટે આવનારા 5 દિવસો માટે દિવસમાં 2 વખત એલર્ટ જાહેર કરવામાં આવે છે.

7) **ચક્વાત :**

- ચક્વાત સંબંધી ચેતવણી અને એલર્ટ ચક્વાતી તોફાનના માર્ગ અને તટ પાર કરવાનો સંભવિત સમય અને સ્થાન ઉપલબ્ધ કરાવે છે.
- પ્રભાવ આધારિત ચેતવણી ક્ષેત્ર/જિલ્લા આધારે કરવામાં આવે છે.

### Back to basics : ઉમંગ એપ વિશે :

- ઉમંગ એ ભારત સરકારની ઓલ–ઈન–વન, એકીકૃત, સુરક્ષિત, મલ્ટી ચેનલ, મલ્ટી પ્લેટફોર્મ, બહુ–ભાષી અને બહુ સેવા મોબાઈલ એપ છે.
- તેને કેન્દ્ર અને રાજ્યોની સેવાઓની પહોંચ પ્રદાન કરવા એક પ્રબળ પ્લેટફોર્મના સમકક્ષ બનાવવામાં આવેલ છે.
- વર્ષ 2017માં ઉમંગ એપનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- 127 વિભાગો અને 25 રાજ્યોની ઉપયોગી 600 સેવાઓ તેના પર ઉપલબ્ધ છે.
- ઉમંગ એપનું પૂરું નામ "Unified Mobile Application for New-age Governance" છે.

## BS-6ની L7 શ્રેણીના ઉત્સર્જક માપદંડો

- 24 મે, 2020ના રોજ સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા BS - VI (BS-6) માટે L7 શ્રેણી માટેના ઉત્સર્જનના માપદંડોને સૂચિત કર્યા હતા.
- આ સૂચના સાથે જ દેશમાં BS-VI પ્રક્રિયા L, M અને N વાહનો માટે પૂરી થઈ હતી.
- 400 કિલોથી વધુ ભાર વાળા 4 પૈડા ધરાવતા વાહનોને L7 શ્રેણીમાં રાખવામાં આવે છે.
- આ ઉત્સર્જન માપદંડો કવડ્રિસાઈકલ ઉત્પાદનોને પ્રોત્સાહિત કરશે.
- ભારતમાં કવાડ્રિસાઈકલ સેગમેંટ લગભગ 2 વર્ષ પહેલા રજૂ કરવામાં આવ્યો હતો. પરંતુ તેનું ઉત્પાદન હજુ શરૂ થયું નથી.

### કવાડ્રિસાઈકલ શું છે ?

- કવાડ્રિસાઈકલ એક એવું વાહન છે જે થ્રી–વ્હીલર આકારનું હોય છે પરંતુ તે 4 પૈડાઓથી ચાલે છે.
- મોટર વાહન અધિનિયમ, 1988 અંતર્ગત કવડ્રિસાઈકલને ''બિન–પરિવહન''ના રૂપમાં વર્ગીકૃત કરવામાં આવે છે.
- ભારતમાં કાર્ગો પરિવહન માટે કવાડ્રિસાઈકલની મંજૂરી નથી.

### Back to basics : BS માપદંડો વિશે

- BS અર્થાત્ ભારત સ્ટેજ. તેને વર્ષ 2000થી ભારતમાં લાગુ કરવામાં આવ્યા છે. આ પહેલા ભારતમાં કાર્બન ઉત્સર્જનના સંદર્ભે કઈ માપદંડો નક્કી કરવામાં આવ્યા ન હતા.
- BSને યુરોપિયન કાર્બન ઉત્સર્જન માપદંડો ''યૂરો''ના આધાર પર ભારતમાં લાગુ કરવામાં આવ્યા છે.
- BS માપદંડોનું નિર્ધારણ એ પર્યાવરણ મંત્રાલય અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.
- ભારતમાં એપ્રિલ, 2020 પહેલા BS4 કાર્બન ઉત્સર્જન માપદંડો લાગૂ હતા.
- એપ્રિલ, 2020થી ભારતમાં BS6 માપદંડો લાગુ પડે છે.
- ભારત સરકાર દ્વારા BS 4 બાદ સીધા BS 6 માપદંડો લાગુ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેનું મુખ્ય કારણ વાહનોથી નીકળતું પ્રદૂષણ ઓછું કરવાનું છે.
- BSનો ક્રમ જેટલો વધારે એમ વાહનોથી થતુ પ્રદૂષણ ઓછું હોય છે.

### BS 6 વિશેની મુખ્ય બાબતો :

- BS 4ની સરખામણીએ BS 6 ડીઝલમાં પ્રદૂષણ ફેલાવતા જોખમી પદાર્થ 70-75% ઓછા થઈ જાય છે.
- હવામાં PM 2.5નું મહત્તમ સ્તર 60 mg/cm હોવું જોઈએ. BS6માં આ માત્રા 20-40 mg/cm હોય છે.
- BS 6 બળતણમાં BS 4ની સરખામણીએ સલ્ફરનું પ્રમાણ 5 ગણુ ઓછું હોય છે. તેના ઉપયોગથી સલ્ફરના ઉત્સર્જનમાં 80% ઘટાડો થવાની સંભાવના છે.
- BS 6 અપનાવવા માટે કંપનીઓએ પોતાના એન્જિનમાં સુધારો કરવો પડશે.

## વન સન - વન વર્લ્ડ - વન ગ્રિડ પહેલ

- વૈશ્વિક ઈલેકટ્રિસિટી ગ્રિડ બનાવવાના ઉદ્દેશ્યથી કેન્દ્ર સરકાર દ્વારા વન સન–વન વર્લ્ડ–વન ગ્રિડ (OSOWOG) પહેલ માટે ટેન્ડર પત્ર જાહેર કરેલ છે.
- વર્ષ 2018ની ''દેહરાદૂન ઈન્વેસ્ટર સમિટ''માં પ્રધાનમંત્રી દ્વારા નવીનીકરણીય ઊર્જાને આગળ વધારતા ''વન વર્લ્ડ, વન સન, વન ગ્રિડ''નો નારો આપવામાં આવ્યો હતો.



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### વન સન - વન વર્લ્ડ - વન ગ્રિડ પહેલ વિશે

- વધતી ઊર્જા જરૂરિયાતો અને પેરિસ લક્ષ્યો પૂરા કરવામાં ભારત દ્વારા ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)ની સ્થાપના કરવામાં આવી હતી.
- ISAથી પ્રાપ્ત ઊર્જાને વન સન–વન વર્લ્ડ–વન ગ્રિડ અંતર્ગત જોડવાનો નારો આપવામાં આવ્યો હતો.
- આ નારાને હકીકતમાં બદલવા સલાહકારો અને વિશેષજ્ઞોથી રોડમેપ, સંસ્થાગત ફ્રેમવર્ક હેતુ પ્રોજેકટને પૂરો કરવા પ્રસ્તાવ આમંત્રિત કરવામાં આવ્યા છે.
- સરકાર દ્વારા પ્રસ્તાવિત ગ્રિડને બે ભાગમાં વહેંચવામાં આવેલ છે.
- ઈસ્ટ ઝોનમાં મ્યાનમાર, વિયેતનામ, થાઈલેન્ડ, લાઓસ, કંબોડિયા જેવા દેશ હશે જ્યારે વેસ્ટ ઝોનમાં મિડલ ઈસ્ટ અને આફ્રિકા જેવા દેશોનો સમાવેશ કરવામાં આવશે.
- આ પ્રોજેકટને ટેકનિકલ સપોર્ટ વિશ્વ બેંક દ્વારા આપવામાં આવશે.

### Back to basics : ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) વિશે

- ISAની શરૂઆત ભારત દ્વારા 2015ના પેરિસ આબોહવા પરિવર્તન સંમેલનથી કરવામાં આવી હતી.
- ISA સૌર ઊર્જાથી સંપન્ન દેશોનું એક આંતર–સરકારી સંગઠન છે.
- ISAનું લક્ષ્ય 2030 સુધી 1000 ગીગાવોટથી વધુ સૌર ઊર્જા ઉત્પાદન સ્થાપિત ક્ષમતાની સાથે સૌર ઊર્જામાં 1000 બિલિયન ડોલરનું રોકાણ કરવાનો છે.
- ISAનું વડુ મથક ગુરુગ્રામ (હરિયાણા) ખાતે આવેલું છે.



# 7. ઈતિહાસ અને સંસ્કૃતિ

## સંસ્કૃતિ પર્વ પત્રિકા

- તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી "સંસ્કૃતિ પર્વ પત્રિકા"નો વિશેષાંક "ભારત 1946-2020 નોઆખાલીથી દિલ્હી સુધી"ની ઈ–આવૃત્તિનો લોકાર્પણ કર્યું હતુ.

**સંસ્કૃતિક પર્વ પત્રિકાના વિશેષાંક વિશે :**

- આ વિશેષાંક અંતર્ગત ભારત રત્ન મદન મોહન માલવીયાનું અંતિમ વકતવ્ય છે જે 1946ના કલ્યાણ વિશેષાંક અંતર્ગત છાપવામાં આવ્યું હતું, અને તેને ફરીથી પ્રકાશિત કરવામાં આવેલ છે.
- ધર્મ, આધ્યાત્મ અને દર્શનની સાથે વાસ્તવિક ઈતિહાસની સ્થાપના જરૂરી છે અને સંસ્કૃતિ પર્વ પત્રિકા તે દિશામાં મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે.

## "ઉત્તરાખંડ એક સ્વર્ગ" વેબિનાર

- "દેખો અપના દેશ" વેબિનારની શ્રેણીમાં 20માં વેબિનારનો વિષય "ઉત્તરાખંડ એક સ્વર્ગ" વેબિનાર રાખવામાં આવ્યો હતો.
- આ વિષયના વેબિનારનો મુખ્ય ઉદ્દેશ્ય એ ઉત્તરાખંડના ક્ષેત્રમાં રહેલી પર્યટનની સંભાવનાને દર્શાવવાનો હતો.

**ઉત્તરાખંડ પર્યટનના મુખ્ય સ્થળો :**

- 'ઉત્તરાખંડ એક સ્વર્ગ' વેબિનાર અંતર્ગત ઉત્તરાખંડના "કેદારનાથ" અને "મનુખંડ"ના ક્ષેત્રમાં રહેલી પર્યટનની ક્ષમતાઓ અને સંભાવનાઓ પ્રદર્શિત કરવામાં આવી હતી.
- ઉત્તરાખંડના અન્ય પર્યટનના ક્ષેત્રોમાં ગંગોત્રી, યમુનોત્રી, બદ્રીનાથ, જિમ કોર્બેટ નેશનલ પાર્ક, રાજાજી ટાઈગર રિઝર્વ, નંદા દેવી રાષ્ટ્રીય પાર્ક વગેરેનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રોને પણ વેબિનાર અંતર્ગત દર્શાવવામાં આવ્યા હતા.

**Back to basics : "દેખો અપના દેશ" વેબિનાર**

- અતુલ્ય ભારતની સંસ્કૃતિ અને વારસા વિશે ઊંડી અને વિગતવાર માહિતી પ્રદાન કરવા હેતુ પર્યટન મંત્રાલયે તાજેતરમાં "દેખો અપના દેશ" નામની વેબિનાર સિરીઝની શરૂઆત કરી હતી.
- પર્યટન મંત્રાલયના જણાવ્યા અનુસાર, COVID-19એ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પર્યટન અને ટ્રાફિકને અસર કરી છે. પરંતુ ટેક્નોલોજીના આધારે સ્થળો પર વર્ચ્યુઅલ રીતે પહોંચવું શકય છે. તે જ સિદ્ધાંત પર આ સિરીઝ શરૂ કરવામાં આવી છે.
- સિરીઝ અંતર્ગત સ્મારકો, કલા, નૃત્યના રૂપો સહિત ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિને પ્રદર્શિત કરવામાં આવશે.

## ચારધામ પરિયોજના

- કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી દ્વારા વીડિયો કોન્ફરસન્સના માધ્યમથી ચારધામ પરિયોજના અંતર્ગત અંબા સુરંગથી વાહનોની રવાનગીના આયોજનનું ઉદ્દઘાટન કર્યું હતું.

**ચારધામ પરિયોજના વિશે :**

- વર્ષ 2016માં ભારતના પ્રધાનમંત્રી દ્વારા ચારધામ રાષ્ટ્રીય રાજમાર્ગ સંપર્ક પરિયોજનાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.
- તેના અંતર્ગત યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ તરફ જતા રાષ્ટ્રીય રાજમાર્ગના 889 કિમી હિસ્સાને તથા કૈલાસ માનસરોવર યાત્રાના અમુક હિસ્સામાં વિકાસના કાર્યને વધુ સારા બનાવવામાં આવશે.
- આ યોજના અંતર્ગત નવી સડકોનું નિર્માણ, સડકો પહોળી કરવી, ઢાળવાળા માર્ગોમાં સુરક્ષાત્મક દીવાલો ઊંચી કરવી, ભૂસ્ખલન રોકવા ડ્રેપરી પ્રણાલી વગેરે જેવી વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ઢાળને સ્થિર બનાવવા વનસ્પતિઓ ઉગાડવા જૈવ એન્જિનિયરિંગ હાઈડ્રો સીડિંગ જેવી નવી રીતોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

**ચંબા સુરંગ વિશે :**

- ચંબા સુરંગને રાષ્ટ્રીય રાજમાર્ગ 94 પર સીમા સડક સંગઠન (Border Road Organizaion) દ્વારા ઉત્તરાખંડના ટિહરી ગઢવાલ જિલ્લામાં ચંબા શહેર/પહાડી સ્ટેશન નીચે ઋષિકેશ–ધરાસૂ માર્ગપર બનાવવામાં આવેલ છે.
- આ સુરંગ ચંબા શહેરમાં ભીડથી બચાવશે અને સામાજિક આર્થિક વિકાસના માર્ગ પણ ખોલશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## માય સન ટેમ્પલ

- તાજેતરમાં વિયેતનામમાં સ્થિત માય સન ટેમ્પલમાં ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (Archeological Survey of India) દ્વારા ખોદકામ દરમિયાન રેતીના પથ્થરની વિશાળ શિવલિંગ પ્રાપ્ત થઈ હતી.
- આ પહેલા પણ મંદિરના પરિસરમાં મૂર્તિઓ અને કલાકૃતિઓ પ્રાપ્ત થઈ હતી જેમાં ભગવાન રામ અને સીતાના લગ્નની કલાકૃતિ અને નકશીદાર શિવલિંગનો સમાવેશ થાય છે.

### Back to basics : માય સન ટેમ્પલ વિશે :

- આ મંદિર પરિસર દક્ષિણ એશિયાના વિયેતનામ દેશમાં કવાંગ નામના પ્રાંતમાં દુય ફૂ ગામડા પાસે સ્થિત છે.
- મંદિર પરિસર લગભગ 2 કિલોમીટર લાંબી ઘાટીમાં બે પહાડો વચ્ચે ઘેરાયેલ છે.
- વિયેતનામ સ્થિત "માય સન ટેમ્પલ" સહિત અન્ય મંદિરો પર હિંદુ ધર્મનો પ્રભાવ છે અને ત્યાં કૃષ્ણ, વિષ્ણુ અને શિવની મૂર્તિઓ છે.
- આ મંદિરનું નિર્માણ એ ચાંપાના રાજાઓ દ્વારા 14મી સદી વચ્ચે કરાવ્યું હતું. આ મંદિરોમાં મોટા ભાગના મંદિર અમેરિકા વિયેતનામ યુદ્ધ દરમિયાન નષ્ટ થઈ ચૂકયા હતા.
- પ્રાચીન સમયમાં વિયેતનામના ચંપા ક્ષેત્ર હિંદુ રાજ્ય હતું અને ત્યાં હિંદુ સંસ્કૃતિ પ્રચલિત હતી.
- આ ક્ષેત્રમાં સ્થાનીય સમુદાય ચમનું શાસન બીજી સદીથી લઈને 18મી સદી સુધી રહ્યું હતું.

## ખીર ભવાની મેળો

- કેન્દ્ર–શાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીરમાં 30 મે, 2020ના રોજ આયોજિત થનારો "ખીર ભવાની મેળો" COVID-19ના લીધે રદ્દ કરવામાં આવેલ છે.
- આ મેળાનું આયોજન વાર્ષિક ધોરણે કરવામાં આવે છે.
- આ તહેવાર દેશમાં હિંદુ તીર્થયાત્રીઓ સાથે કાશ્મીરી પંડિત દ્વારા જમ્મુ–કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના પ્રસિદ્ધ રાજ્ઞણા દેવી મંદિરમાં મનાવવામાં આવે છે.
- આ તહેવારને સ્થાનીય રૂપથી "માતા ખીર ભવાની" નામથી પણ ઓળખવામાં આવે છે.
- તહેવાર/મેળાનું આયોજન જેષ્ઠ અષ્ટમીના દિવસે કરવામાં આવે છે.




# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## વૈશ્વિક પોષણ અહેવાલ અને ફૂડ સિસ્ટમ

➢ વૈશ્વિક પોષણ અહેવાલ, 2020 મુજબ ફૂડ સિસ્ટમ એ ખોરાકની સલામતી અને કૂપોષણને ધ્યાનમાં લેવા અને આર્થિક અને આબોહવા સ્થિતિસ્થાપકતાના કેળવવા સ્થાનિક અને વૈવિધ્યસભર હોવી જોઈએ.

### ફૂડ સિસ્ટમ એટલે શું ?

➢ ફૂડ સિસ્ટમ એ પર્યાવરણ, લોકો, પ્રક્રિયાઓ, માળખુ, સંસ્થાઓ વગેરેનું સંયોજન છે.

➢ ખોરાકનું ઉત્પાદન, પ્રક્રિયા, વિતરણ, તૈયારી અને વપરાશ એ ફૂડ સિસ્ટમનો ભાગ છે.

➢ તેમાં સામાજિક અને આર્થિક તથા પર્યાવરણીય પરિણામો સહિતની પ્રવૃત્તિઓના પરિણામોનો સમાવેશ થાય છે.

### ફૂડ સિસ્ટમ દ્વારા કૂપોષણમાં ઘટાડો :

➢ ઘઉં અને ચોખા જેના અનાજ સાથે શાકભાજી, ફળો, માછલી, બદામ વગેરેનો ઉપયોગ કરવાથી કૂપોષણ ઘટાડી શકયા છે.

➢ બાજરીનો ઉપયોગ વધારવો જે ગ્રામીણ અને ગરીબ લોકોમાં કૂપોષણને ઘટાડી શકે છે.

➢ જુવાર અને બાજરી જેવા પૌષ્ટિક અને આબોહવા સ્થિતિસ્થાપક પાકની ખરીદી સંદર્ભે સરકારની નીતિ બનવી જોઈએ.

➢ જાહેર ખાદ્ય વિતરણ યોજનાઓ દ્વારા અને પાકના સ્વાસ્થ્ય લાભો અંગે જાગૃતિ લાવવા તેના વપરાશમાં વધારો કરવો જોઈએ.

➢ બાળ કૂપોષણ એક જોખમ પરિબળ છે જે ભારતને તેના તમામ બાળ મૃત્યુદર સંબંધિત ટકાઉ વિકાસ લક્ષ્યોને પૂરા કરતા અટકાવી શકે છે.

### નોંધ

વૈશ્વિક પોષણ અહેવાલ-2020ની સંપૂર્ણ માહિતી ICE Miracle Volume-2 1-15 મે, 2020ના અંકમાં આપવામાં આવેલી છે.

## સચેત

➢ તાજેતરમાં ભારતના રક્ષામંત્રી દ્વારા દેશમાં જ બનાવવામાં આવેલ તટરક્ષક બળના પેટ્રોલિંગ જહાજ "સચેત" અને 2 ઈન્ટરસેપ્ટર નૌકા C-450 અને C-451ને રાષ્ટ્રને સમર્પિત કરી હતી.

### સચેત વિશે :

➢ સચેતની ડિઝાઈન અને નિર્માણ "ગોવા શિપયાર્ડ લિમિટેડ" દ્વારા કરવામાં આવેલ છે.

➢ સચેતનો આધુનિક નૌવહન અને સંચાર ઉપકરણોથી સુસજ્જ કરવામાં આવેલ છે.

➢ 105 મીટર લાંબા સચેતનું વજન 2350 ટન છે અને 9100 કિલોવોટના 2 ડીઝલ એન્જિન દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.

➢ સચેતને 6000 નોટિકલ માઈલની સહનશકિત સાથે 26 સમુદ્રી મીલની મહત્તમ ઝડપથી ચલાવવા યોગ્ય બનાવામાં આવેલ છે.

➢ આ જહાજ તીવ્ર શોધ અને બચાવ અભિયાનો માટે બેવડા એન્જિન ધરાવતા એક હેલિકોપ્ટર, વધુ ઝડપવાળી 4 નૌકાઓને લઈ જવામાં સક્ષમ છે.

➢ આ ઉપરાંત સચેત એ સમુદ્રમાં તેલ પ્રસરણને લીધે થતાં પ્રદૂષણના સમાધાન માટે "સીમિત પ્રદૂષણ વિરોધી ઉપકરણ" લઈ જવામાં સક્ષમ છે.

### C-450 અને C-451 વિશે :

➢ ઈન્ટરસેપ્ટર નૌકા C-450 અને C-451નું નિર્માણ હજીરા સ્થિત "લાર્સન એન્ડ ટુબ્રો શિપયાર્ડ" દ્વારા કરવામાં આવેલ છે.

➢ આ નૌકા નવીનતમ વહાણ પરિવહન તથા સંચાર ઉપકરણોથી સુસજ્જ છે.

➢ 30 મીટર લાંબી નૌકા 45 સમુદ્ર માઈલથી વધુ ઝડપે ચાલવા સક્ષમ છે.

➢ તેને પેટ્રોલિંગ અને ઓછી તીવ્રતાવાળી દરિયાઈ કામગીરી માટે હાઈ–સ્પીડ ઈન્ટરસેપ્શન તટ નજીક રાખવામાં આવેલ છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

➤ ઈન્ટરસેપ્ટર નૌકાની ત્વરિત જવાબી કાર્યવાહી ક્ષમતા કોઈપણ સમુદ્રી પરિસ્થિતિ સામે લડવા અને તેને નિષ્ફળ બનાવવા એક આદર્શ પ્લેટફોર્મ બનાવે છે.

## આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ-2020

➤ વૈશ્વિક સ્તરે 15 મે ને "આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ"ના રૂપમાં મનાવવામાં આવે છે.

➤ આ દિવસનો ઉદ્દેશ્ય મોટા પાયે પરિવાર પ્રણાલીના લાભ વિશે જાગૃકતા ફેલાવવાનો છે.

➤ આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ 2020ની થીમ" Families in Development : Copenhagen & Beijing+25"

### કોપહેગન ઘોષણા અને બીજિંગ પ્લોટફોર્મ ફોર એકશન વિશે

➤ વર્ષ 1995માં બીજિંગ અને કોપહેગન સંમેલનનોએ આપણા સામાજિક વિકાસમાં પરિવાર અને તેની ભૂમિકાના મહત્ત્વને પ્રસ્તાવિત કરી હતી.

➤ આ સંમેલનમાં પરિવારમાં બધા વ્યક્તિઓની ભલાઈ માટે એક પહેલના રૂપમાં પોતાના વિશ્વવ્યાપી માપદંડો સ્પષ્ટ કરવા પર સહમતિ વ્યકત કરી હતી.

➤ વર્ષ 1995માં કોપનહેગનમાં આયોજિત સામાજિક વિકાસના વિશ્વ શિખર સંમેલનમાં વિશ્વના દેશોના લોકોએ વિકાસને કેન્દ્રમાં રાખી "કોપનહેગન ઘોષણા"ને અપનાવી.

➤ બીજિંગ ઘોષણા, વર્ષ 1995માં મહિલાઓ પરના ચોથા વિશ્વ સંમેલનના અંતમાં સંયુકત રાષ્ટ્ર દ્વારા અપનાવવામાં આવેલ સંકલ્પ છે. આ સંકલ્પ પુરુષો અને મહિલાઓની સમાનતાને પ્રોત્સાહન આપવા પર આધારિત હતો.

➤ સંયુકત રાષ્ટ્ર દ્વારા મૂળભૂત પરિવાર પ્રણાલીનું મહત્ત્વ સમજી વર્ષ 1993માં 15 મે ને "આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ"ના રૂપમાં જાહેર કર્યો હતો.

## આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ

➤ સામાજિક વિકાસમાં સંગ્રહાલયોની મહત્ત્વપૂર્ણ ભૂમિકાના સંદર્ભે જાગૃકતા વધારવાના ઉદ્દેશ્યથી વિશ્વભરમાં 18 મે ને "આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ"ના રૂપમાં મનાવવામાં આવે છે.

➤ સામાન્ય લોકો સંગ્રહાલય વિશે જાણે અને તેમનામાં જાગૃકતા આવે તથા સંગ્રહાલયના માધ્યમથી ઈતિહાસ બાબતે જાગૃકતા આવે તેના માટે આ દિવસનું મહત્ત્વ છે.

➤ વર્ષ 2020ના આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની થીમ : "સમાનતા માટે સંગ્રહાલય : વિવિધતા અને સમાવેશ" (Museums For Equality : Diversity and Inclusion)

➤ આ દિવસનું આયોજન એ ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ મ્યુઝિયમ દ્વારા કરવામાં આવે છે. વર્ષ 1977થી દર વર્ષે આ દિવસ ઉજવવામાં આવે છે.

➤ ભારતમાં આ દિવસે સંગ્રહાલયોમાં અલગ– અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જેના દ્વારા લોકોને સંગ્રહાલયો વિશે જાણકારી મળે.

➤ ભારતનું સૌથી જૂનું સંગ્રહાલય એ "ધ ઈન્ડિયન મ્યુઝિયમ" છે જે કલકત્તા ખાતે સ્થિત છે.

➤ ધ ઈન્ડિયન મ્યુઝિયમની સ્થાપના વર્ષ 1814માં "એશિયેટિક સોસાયટી ઓફ બેંગાલ, કલકત્તા" દ્વારા કરવામાં આવી હતી.

## રાષ્ટ્રીય ડેંગ્યૂ દિવસ

➤ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા સમગ્ર ભારતમાં 16 મે ને રાષ્ટ્રીય ડેંગ્યૂ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

➤ આ દિવસ મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય એ લોકોમાં ડેંગ્યૂ વિશે જાગૃકતા વધારવાનો છે.

➤ રાષ્ટ્રીય ડેંગ્યૂ દિવસના રોજ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લોકોને ડેંગ્યૂથી બચવા માટેના ઉપાયો વિશે જાણકારી આપવામાં આવી હતી.

### Back to basics : ડેંગ્યૂ વિશે

➤ ડેંગ્યૂ એક મચ્છરજન્ય રોગ છે.

➤ ડેંગ્યૂ વાયરસના મુખ્ય વાહક એ "એડીઝ એજિપ્તી" મચ્છર છે.

➤ ડેંગ્યૂ રોગથી બચવાના ઉપાય તરીકે દરેક વ્યક્તિ એ પોતાની આસપાસના સ્થાનને સ્વચ્છ રાખવા જોઈએ અને કયાંય પણ પાણીનો ભરાવો થવા દેવો ન જોઈએ.

➤ વરસાદ, તાપમાન, સાપેક્ષ ભેજ અને બિન–આયોજિત ઝડપથી વધતાં શહેરીકરણને કારણે ડેંગ્યૂનો પ્રસાર સૌથી વધારે થાય છે.

➤ દક્ષિણ–પૂર્વ એશિયાના ઘણા દેશોમાં ડેંગ્યૂ તાવ એ સ્થાનિક બીમારી છે.

➤ આ રોગ માનવથી માનવમાં ફેલાતો નથી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વિશ્વ દૂરસંચાર અને સૂચના સોસાયટી દિવસ

- 17 મે, 2020ના રોજ સમગ્ર વિશ્વમાં ‘‘વિશ્વ દૂરસંચાર અને સૂચના સોસાયટી દિવસ’’ના રૂપમાં મનાવવામાં આવ્યો હતો.
- આ દિવસનો ઉદ્દેશ્ય સૂચના અને સંચાર તકનિકો (દા.ત. ઈન્ટરનેટ)ના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં અને તેના વિશે જાગૃકતા વધારવાનો છે.
- વર્ષ 2020ના વિશ્વ દૂરસંચાર અને સૂચના સોસાયટી દિવસની થીમ : "Connect 2030 : ICTs For the Sustainable Development Goals"
- ‘‘આંતરરાષ્ટ્રીય દૂરસંચાર સંઘ’’ની સ્થાપનાની વર્ષગાંઠના રૂપમાં આ દિવસ મનાવવામાં આવે છે.

## રાષ્ટ્રીય પ્રવાસી સૂચના પ્રણાલી

- COVID-19ના કારણે પ્રવાસી મજદૂરોની અવર–જવર વધી છે.
- આ અવર–જવર વિશે માહિતી મેળવવા અને અન્ય રાજ્યોમાં ફસાયેલા પ્રવાસીઓની અવર–જવરને સુગમ બનાવવા ‘‘નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા ઓનલાઈન ડેશબોર્ડ ‘‘રાષ્ટ્રીય પ્રવાસી સૂચના પ્રણાલી’’ બનાવવામાં આવ્યું છે.
- પ્રવાસી મજૂરોની આંતર–રાજ્ય હેર–ફેર માટે રાજ્યો વચ્ચે સંકલન સ્થાપવાની પણ જરૂરિયાત રહે છે અને આ ડેશબોર્ડ તે ભૂમિકાપૂરી પાડશે.

### રાષ્ટ્રીય પ્રવાસી સૂચના પ્રણાલી ડેશબોર્ડ પર માહિતી

- આ ઓનલાઈન ડેશબોર્ડ પર વ્યક્તિનું નામ ઉંમર, મોબાઈલ નંબર, પ્રવાસ કરવાની તારીખ વગેરે બાબતોની માહિતી ઉપલબ્ધ હશે.
- COVID-19ના સંદર્ભે વ્યક્તિ કોને–કોને મળ્યા છે તેની માહિતી એકત્રિત કરવી પણ જરૂરી બને છે. આ ડેશબોર્ડ પ્રવાસી મજૂરની માહિતી એકત્રિત કરવામાં પણ મદદરૂપ થશે.

## COVID-19 માટે રાષ્ટ્રપતિ દ્વારા વેતનનું દાન

- તાજેતરમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા ઘોષણા કરવામાં આવી છે કે તેઓ 1 વર્ષ માટે પોતાના વેતનનો 30% ભાગ COVID-19 માટે દાન કરશે.
- વેતનમાં કાંપની સાથે રાષ્ટ્રપતિના ઘરેલું પ્રવાસમાં થતા ખર્ચમાં પણ ઘટાડો કરવામાં આવશે.

### રાષ્ટ્રપતિનું વેતન :

- કેન્દ્રીય બજેટ 2018માં દેશના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના વેતનમાં વધારો કરવામાં આવ્યો હતો.
- વર્તમાનમાં ભારતના રાષ્ટ્રપતિનું વેતન એ પ્રતિ માસ રૂ. 5 લાખ છે. આ સાથે જ ઉપરાષ્ટ્રપતિનું વેતન વર્તમાનમાં રૂ. 4 લાખ છે.
- અનુચ્છેદ 54 અનુસાર ભારતના રાષ્ટ્રપતિના વેતન અને ભથ્થામાં તેમના કાર્યકાળ દરમિયાન ઘટાડો કરી શકાય નહીં.
- પરંતુ હાલમાં કરવામાં આવેલ ઘટાડો એ રાષ્ટ્રપતિ દ્વારા સ્વૈચ્છાએ કેરલ છે તેથી તેને વેતનમાં ઘટાડા તરીકે માનવામાં નહીં આવે.

## આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ

- પ્રતિ વર્ષ 16 મે ને યુનેસ્કો દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.
- વર્ષ 1960માં લેસરના પ્રથમ સફળ ઓપરેશનને ચિહ્નિત કરવા આ દિવસ મનાવવામાં આવે છે.
- પ્રથમ સફળ લેસર ઓપરેશન એક એન્જિનિયર અને ભૌતિક વૈજ્ઞાનિક થિયોડોર મેમન દ્વારા કરવામાં આવ્યું હતું.

### આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસની અન્ય માહિતી :

- આ દિવસ કલા, સંસ્કૃતિ, વિજ્ઞાન, સતત વિકાસ અને શિક્ષામાં પ્રકાશની ભૂમિકાની ઉજવણી કરે છે.
- આ દિવસનું સંચાલન ઈન્ટરનેશનલ બેઝિક સાયન્સ પ્રોગ્રામ દ્વારા કરવામાં આવે છે. આ પ્રોગ્રામની સ્થાપના યુનેસ્કો અને સંયુકત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસનો ઉદ્દેશ્ય જાહેર સમજને વધુ સારી બનાવવા જેથી પ્રકાશ અને તેના આધારિત તકનિકો ભવિષ્યના સમાજને વિકસિત કરવામાં મદદરૂપ બની રહે.

## મિશન ગગનયાન અંતર્ગત સ્થાનીય સ્ટાર્ટ અપ તકનિકોનો ઉપયોગ

- ઈસરો દ્વારા ગગનયાન મિશન માટે ભારતીય સ્ટાર્ટ અપની 17 તકનિકોનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

- આ તકનિકોમાં અંતરિક્ષ યાત્રીઓ માટે ભોજન અને દવા, જીવન સમર્થન પ્રણાલી, આવાસ, થર્મલ સંરક્ષણ તકનિકો અને વિકિરણ વિરોધી તકનિકોનો સમાવેશ થાય છે.
- ઈસરો આ મિશનમાં ભાગ લેનાર કંપનીઓ સાથે બૌદ્ધિક સંપદાની પણ વહેંચણી કરશે.

### Back to basics : ગગનયાન મિશન વિશે :

- ગગનયાન મિશન ઈસરોનો એક ક્રુ સ્પેસ પ્રોગ્રામ છે.
- આ કાર્યક્રમ અંતર્ગત વાયુ સેનાના ત્રણ પાયલોટને અંતરિક્ષમાં મોકલવામાં આવશે. હાલમાં તેમને મિશન માટે રશિયા ખાતે તાલીમ આપવામાં આવી રહી છે.
- આ મિશન ડિસેમ્બર, 2021માં લોન્ચ કરવામાં આવશે.
- ત્રણ વ્યક્તિઓ સાથે એક રોબોટ "વ્યોમિત્ર"ને પણ અંતરિક્ષમાં મોકલવામાં આવશે.
- ગગનયાન મિશનની શરૂઆત 11મી પંચવર્ષીય યોજના દરમિયાન કરવામાં આવી હતી.
- આ મિશનની કુલ કિંમત રૂ. 124 બિલિયન અંદાજવામાં આવી હતી. વર્ષ 2018માં ભારત સરકાર દ્વારા મિશન માટે રૂ. 100 બિલિયન સ્વીકૃત કર્યા હતા.

## બુંડેસલીગા

- જર્મનીની બુંડેસલીગા રમત એ COVID-19 લોકડાઉન પછી ફરીથી શરૂ થનાર દુનિયાની પ્રથમ રમત બની છે.
- જોકે રમત સ્પર્ધાઓ શરૂ થઈ રહી છે પરંતુ તેને ખાલી સ્ટેડિયમ સાથે રમવામાં આવશે.
- આ ઉપરાંત સપ્તાહમાં 2 વખત ખેલાડીઓનું પરીક્ષણ કરવામાં આવશે. રમતમાં ભાગ લેતી ટીમોને કોરેન્ટાઈન રાખવામાં આવશે અને અલગ–અલગ સમયે ટીમોને મેદાન પર પ્રવેશ આપવામાં આવશે.

### બુંડેસલીગા વિશે :

- તે જર્મનીની લોકપ્રિય પ્રોફેશન ફૂટબોલ લીગ છે. તેની સ્થાપના વર્ષ 1963માં કરવામાં આવી હતી.
- તે અંતર્ગત 18 ટીમો ભાગ લે છે.

## ખરીફ અને પ્રિ-મોનસૂન સંચાલન માટે રૂ. 20,500 કરોડની રકમ

- તાજેતરમાં નેશનલ બેંક ઓફ એગ્રીકલ્ચર રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) દ્વારા રૂ. 20,500 કરોડની રકમ જાહેર કરવામાં આવી હતી.
- આ રકમ સહકારી બેંકો અને ક્ષેત્રીય ગ્રામીણ વિકાસ બેંકો (RRB) માટે એક ફન્ટ લેડિંગ સંસાધનના રૂપમાં કાર્ય કરશે.

### રૂ. 20,500 કરોડની રકમનો ઉપયોગ :

- ખરીફ સંચાલનમાં ખેડૂતોને મદદ કરવા અને પ્રિ–મોનસૂન તૈયારીઓ માટે આ રકમ આપવામાં આવશે.
- જાહેર કરવામાં આવેલી રકમમાંથી રૂ. 15,200 કરોડ સહકારી બેંકોના માધ્યમથી અને રૂ. 5300 કરોડ ક્ષેત્રીય ગ્રામીણ વિકાસ બેંકના માધ્યમથી આપવામાં આવશે.
- ભારતીય મોસમ વિભાગ મુજબ 5 જૂન, 2020થી ભારતમાં ચોમાસાની શરૂઆત થશે. આથી આ રકમ ખેડૂતોને સહકારી બેંકો અને ક્ષેત્રીય ગ્રમીણ વિકાસ બેંકો પાસેથી ઋણ મેળવવામાં મદદ મળશે.

## ચરણ પાદુકા પહેલ

- મધ્ય પ્રદેશથી પસાર થતાં શ્રમિકો માટે ચરણ પાદુકા અભિયાન શરૂ કરવામાં આવેલ છે.
- આ અભિયાન અંતર્ગત પ્રવાસી શ્રમિકોને બૂટ અને ચપ્પલ આપવામાં આવશે.
- આ અભિયાન એ મધ્યપ્રદેશ પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે. ચપ્પલ આપીને પ્રવાસી મજૂરોની સહાયતા કરવામાં આવી રહી છે.

## ડ્રોઈંગ્સ ફ્રોમ ચિલ્ડ્રન ઈન ટાઈમ્સ ઓફ ક્રાઈસિસ

- વૈશ્વિક મહામારી એ દેશ–દુનિયાના બાળકોના શબ્દકોશમાં નવા શબ્દોને જોડી દીધા છે.
- બાળકોની સ્મૃતિમાં વાયરસ દાખલ થઈ ગયો છે જે તેમના ચિત્રો, કાર્ટૂન્સ અને અન્ય કલાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પ્રદર્શિત થાય છે.
- આ બાબતોને ધ્યાનમાં રાખીને યુનિસેફ (UNICEF) દ્વારા ડિજિટલ પ્લેટફોર્મ "ડ્રોઈંગ્સ ફ્રોમ ચિલ્ડ્રન ઈન ટાઈમ્સ ઓફ ક્રાયસિસ" નામથી એક અભિયાન શરૂ કર્યું છે.
- આ અભિયાન દ્વારા બાળકો પોતાના ચિત્રો અને અન્ય કલાત્મક કામગીરીને પ્રદર્શિત અથવા શેર (Share) કરી શકે છે.
- આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રની પ્રમુખ સંસ્થા યુનિસેફની ડિજિટલ કોમ્યુનિટી "વોયસિસ ઓફ યુથ" દ્વારા પણ આ દિવસોમાં "ડ્રોઈંગ્સ ઈન ધ ટાઈમ ઓફ કોરોના" નામથી એક વૈશ્વિક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ હાયપરટેન્શન દિવસ

- પ્રત્યેક વર્ષે 17 મે ના દિવસને વિશ્વ હાયપરટેન્શન દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.
- દિવસ મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય એ સામાન્ય લોકો વચ્ચે હાયપરટેન્શનની ગંભીરતાને ધ્યાનમાં લઈને તેને નિયંત્રિત કરવા જાગૃકતા વધારવાનો છે.
- વર્ષ 2020ના વિશ્વ હાયપરટેન્શન દિવસની થીમ : "Measure Your Blood Pressure, Control It, Live Longer."
- દુનિયામાં હાયપરટેન્શન એ સમયથી પહેલા મૃત્યુ થવાનું મુખ્ય કારણ છે ને તેના કારણે જ તે "સાયલેન્ટ કિલર" તરીકે ઓળખાય છે.
- શરીરમાં ઓકિસજન અને ઊર્જાના પ્રવાહ માટે લોહીનું શુદ્ધિકરણ હૃદયનું મુખ્ય કાર્ય છે અને ધમનીઓ દ્વારા લોહીના પ્રવાહ માટે ચોક્કસ માત્રામાં દબાણની આવશ્યકતા હોય છે.
- જો લોહીનું દબાણ સામાન્યથી વધુ હોય તો ધમનીઓની દીવાલો પર વધુ દબાણ થાય છે જેને હાઈ બ્લડ પ્રેશર કે હાયપરટેન્શન કહે છે.

## ઈઝરાયલમાં નવી સરકાર

- ઈઝરાયેલમાં 17 મે ના રોજ પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂના નેતૃત્ત્વમાં નવી સરકાર દ્વારા શપથ લેવામાં આવી હતી.
- આ સરકાર બનતા જ દેશના ઈતિહાસમાં સૌથી લાંબી રાજકીય સ્થગિતતા સમાપ્ત થઈ હતી.
- સ્થગિતતા દરમિયાન 500 દિવસથી વધુ કાર્યકારી સરકાર દ્વારા શાસન કરવામાં આવ્યું હતું અને એક પછી એક એમ ત્રણ ચૂંટણીઓ થઈ હોવા છતાં કોઈને સ્પષ્ટ બહુમત પ્રાપ્ત થયું ન હતું.
- નેસેટ ઈલઝરાયલની સંસદમાં નવી સરકારના વિશ્વાસ મત દરમિયાન પક્ષમાં 73 મતો અને વિપક્ષમાં 46 મતો નોંધાયા હતા.
- ચૂંટણીમાં સ્પષ્ટ બહુમત ન મળવાને લીધે નેતન્યાહૂ દ્વારા તેમના હરીફ બ્લૂ એન્ડ વ્હાઈટ પાર્ટીના બેની ગાંટ્જ સાથે મળી સરકાર બનાવી હતી.
- ગઠબંધન સત્તા અંતર્ગત બેન્જામિન નેતન્યાહૂ 18 મહિના બાદ પ્રધાનમંત્રી પદ છોડશે અને ગાંટ્જ પ્રધાનમંત્રી બનશે.
- બેન્જામિન નેતન્યાહૂ એ લિકૂડ પાર્ટીના નેતા છે.

## વિશ્વ મધમાખી દિવસ

- દર વર્ષે 20 મે ના દિવસને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ મધમાખી દિવસના રૂપમાં મનાવવામાં આવે છે. વર્ષ 2018માં તેની શરૂઆત કરવામાં આવી હતી.
- વિશ્વ મધમાખી દિવસને સ્લોવેનિયાઈ એપિકલ્ચરના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ કામ કરનાર અંટોન જાનસાના જન્મદિનની યાદરૂપે મનાવવામાં આવે છે.
- વર્ષ 2020ના વિશ્વ મધમાખી દિવસની થીમ : મધમાખીઓને બચાવો.

## ભારત દ્વારા સંયુક્ત રાષ્ટ્ર રાહત અને નિર્માણ

- 19 મે, 2020ના રોજ ભારતે ફિલસ્તીની શરણાર્થિઓના કલ્યાણ માટે અને મદદ કરવા "સંયુક્ત રાષ્ટ્ર રાહત અને નિર્માણ એજન્સી" (United Nations Relief and Work Agency-UNRWA)ને 2 મિલિયન ડોલરની સહાયતા આપી છે.
- આ સહાયતાની રકમ એ ફિલિસ્તીની શરણાર્થિઓની શિક્ષા અને સ્વાસ્થ્ય કાર્યક્રમો માટે ઉપયોગમાં લેવામાં આવશે.
- વર્ષ 2019માં ભારતે UNRWAમાં પોતાનું વાર્ષિક યોગદાન 5 મિલિયન ડોલર કર્યું હતું. વર્ષ 2020માં ભારતે વધારાના 5 મિલિયન ડોલરની સહાયતા આપી હતી.

### ભારત દ્વારા UNRWAને આપવામાં આવતી સહાયતાનું મહત્ત્વ :

- વિશ્વમાં લગભગ 5 મિલિયન ફિલિસ્તીની શરણાર્થિઓ છે.
- આ શરણાર્થિઓ એ UNRWA દ્વારા આપવામાં આવતી સેવા પર નિર્ભર છે.
- UNRWA એ દર વર્ષે 5,62,000 વિદ્યાર્થીઓને શિક્ષિત કરવાનું કાર્ય કેર છે.
- આથી ફિલિસ્તીની શરણાર્થિઓના સ્વાસ્થ્ય અને શિક્ષણ માટે રકમ ઉપયોગી બની રહેશે અને ભારત–ફિલિસ્તન સંબંધો સુધારવામાં પણ તે મદદરૂપ બનશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### ફિલિસ્તીન શરણાર્થિઓ વિશે :

- UNRWA એ ફિલિસ્તીન શરણાર્થિઓને વ્યાખ્યાયિત કરે છે. આ વ્યાખ્યા અનુસાર જેમનું નિવાસસ્થાન 1 જૂન, 1946થી 15 મે, 1948 સુધી ફિલિસ્તાનમાં હોય અને 1948ના સંઘર્ષને લીધે પોતાનું નિવાસસ્થાન અને આજીવિકા બંને ગુમાવ્યા હોય તેઓ ફિલિસ્તાની શરણાર્થિ તરીકે ઓળખાય છે.
- ફિલિસ્તીની શરણાર્થિઓમાં લગભગ 1/3થી વધુ લોક પૂર્વ જેરૂસલમ સહિત જોર્ડન, લેબનાન, ગાઝા પટ્ટી, સીરિયા અને વેસ્ટ બેંકમાં માન્યતા પ્રાપ્ત કરેલ શિબિરોમાં રહે છે.

## ભારતીય રેલ્વે દ્વારા પ્રથમ 12000 HP ઈલેક્ટ્રિક લોકોમોટિવનું સંચાલન

- તાજેતરમાં ભારતીય રેલ્વે દ્વારા પ્રથમ 12000 HP ઈલેક્ટ્રિક એન્જિનનું સંચાલન કરવામાં આવ્યું હતું.
- આ લોકોમોટિવનું નિર્માણ મેક ઈન ઈન્ડિયા પહેલ અંતર્ગત ફ્રાંસની કંપની એલ્સ્ટ્રોમ દ્વારા કરવામાં આવ્યું છે.
- આ લોકોમોટિવનું નિર્માણ બિહારના મેધેપુરામાં ઈલેક્ટ્રિક લોકોમોટિવમાં કરવામાં આવ્યું હતું. તે 120 કિમી/કલાકની મહત્તમ ઝડપ પર 6000 ટનનો વજન ઉડાવવા સક્ષમ છે.
- આ લોકમોટિવના નિર્માણમાં 74% ભાગીદારી ભારતની અને 26% ભાગીદારી ફ્રાંસની હતી.
- આ નિર્માણ સાથે જ ભારત ઉચ્ચ હોર્સ પાવર લોકોમોટિવના ઉત્પાદન કરનારો દુનિયાનો છઠ્ઠા નંબરનો દેશ બની ગયો છે.

## WHO કાર્યકારી બોર્ડ

- તાજેતરમાં કેન્દ્રીય સ્વસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધનની વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (World Health Organization-WHO) ના કાર્યકારી બોર્ડના અધ્યક્ષના રૂપમાં પસંદગી કરવામાં આવી છે.
- તેઓ હાલના WHO કાર્યકારી બોર્ડના અધ્યક્ષ ડો. હિરોકી નાકાતાનીનું સ્થાન લેશે.

### WHOના કાર્યકારી બોર્ડનું કાર્ય અને માળખું :

- WHOના કાર્યકારી બોર્ડનું મુખ્ય કાર્ય એ વિશ્વ સ્વાસ્થ્ય સભાની નીતિઓને પ્રભાવી બનાવવા હેતું સલાહ આપવાનું અને સભાના કાર્યને સુવિધાજનક બનાવવાનું છે.
- કાર્યકારી બોર્ડમાં સ્વાસ્થ્ય ક્ષેત્રમાં તકનિકી રૂપથી યોગ્ય 34 વ્યકિતનો સમાવેશ કરવામાં આવે છે. આ બધા સભ્યોને વિશ્વ સ્વાસ્થ્ય સભા દ્વારા આ કાર્ય માટે પસંદ કરવામાં આવેલા સદસ્ય રાષ્ટ્રો દ્વારા નામાંકિત કરવામાં આવે છે.
- કાર્યકારી બોર્ડનું આયોજન વર્ષમાં ઓછામાં ઓછું બે વખત થવું જોઈએ.

## બેન્કિંગ ટ્રોજન સરબેરસ

- CBI એ ઈન્ટરપોલની સૂચનાના આધાર પર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા કેન્દ્રિય એજન્સીઓને બેન્કિંગ ટ્રોજન સરબેરસના બાબતે સતર્ક કરેલ છે.
- ટ્રોજન સરબેરસ એ સ્માર્ટફોન વપરાશકારોને COVID-19 સંબંધિત ખોટી લિંક ડાઉનલોડ કરવા લાલચ આપી મોબાઈલથી ડેટાની ચોરી કરે છે.
- અધિકારીઓ અનુસાર સરબેરસ નામના ટ્રોજન માધ્યમથી COVID-19 મહામારીનો ફાયદો ઉઠાવીને ઉપયોગ કર્તાને લિંક ડાઉનલોડ કરવા માટે SMS મોકલવામાં આવે છે જેમાં હેક કરી શકાય તેવા સોફ્ટવેર હોય છે.

### ટ્રોજન શું હોય છે ?

- ટ્રોજન એક એવો સોફ્ટવેર પ્રોગ્રામ હોય છે જે દેખાવામાં સાચો લાગે છે પરંતુ જ્યારે તેને ચલાવવામાં આવે છે ત્યારે તેના નકારાત્મક પ્રભાવો હોય છે અને તેનો ઉપયોગ હેકર કરી શકે છે.
- ટ્રોજન ડાઉનલોડ કરવા પર ક્રેડિટ કાર્ડ નંબર જેવો ડેટા ચોરી થઈ શકે છે.

## હોપ ઓન : માય એડવેન્ચર ઓન બોટ્સ, ટ્રેન્સ એન્ડ પ્લેન્સ

- પ્રસિદ્ધ લેખક રસ્કિન બોન્ડ 86 વર્ષના થયા છે. આ અવસર પર પુસ્તક પ્રકાશક "સ્પીકિંગ ટાઈગર" એ તેમનું નવું પુસ્તક જાહેર કર્યુ છે.
- આ પુસ્તક એ તેમની બોટ, ટ્રેન અને વિમાનોમાં યાત્રાની વાર્તાઓ પર આધારિત છે.
- આ પુસ્તકમાં રસ્કિન બોન્ડે પોતાના બાળપણની અમુક યાદગાર યાત્રા રોમાંચનું વર્ણન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વેક્સિન એક્શન પ્રોગ્રામ

- ભારત અને USA એ "વેક્સિન એક્શન પ્રોગ્રામ" અંતર્ગત COVID-19 સંદર્ભે રસી બનાવવા સાથે કાર્ય કરશે.
- આ પહેલા USA દ્વારા ભારતને 50 વેન્ટિલેટર આપીને સહાય કરવાની ઘોષણા કરવામાં આવી હતી.
- ભારત દ્વારા પણ USAને COVID-19 સંદર્ભે સહાયતા કરવામાં આવી હતી. જેના અંતર્ગત ભારતે હાઈડ્રોક્સિક્લોરોક્વિન (HCQ)ની નિકાસ પર પ્રતિબંધ દૂર કર્યો હતો.
- આ પ્રોગ્રામની શરૂઆત એ વર્ષ 1983માં કરવામાં આવી હતી.
- આ પ્રોગ્રામ એ ભારત અને USAના વૈજ્ઞાનિકોનો સહયારો પ્રયાસ જે જે ભારતના પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી અને તે સમયના USAના રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગનના નેતૃત્વ હેઠળ શરૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 1987થી "ગાંધી–રીગન વિજ્ઞાન અને ટેક્નોલોજી કરાર" અંતર્ગત આ પ્રોગ્રામ અમલી છે.
- આ દ્વીપક્ષીય કાર્યક્રમ અંતર્ગત રસીને વિકસાવવાની અને તેમાં સુધારો કરવાની વ્યાપક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.
- લેબોરેટરી આધારિત રિસર્ચ, ઉમેદવાર રસીનું મૂલ્યાંકન, ક્લિનિકલ ટેસ્ટીંગ, રસી ગુણવત્તા નિયંત્રણ અને રસી પહોંચાડવા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ આ પ્રોગ્રામ અંતર્ગત કરવામાં આવ્યો છે.

## આયુષ્માન ભારતના લાભાર્થીઓની સંખ્યા 1 કરોડથી વધુ

- 20 મે, 2020ના રોજ આયુષ્માન ભારતના લાભાર્થીઓની સંખ્યાનો આંક 1 કરોડ સુધી પહોંચી ગયો હતો. 1 કરોડમાં લાભાર્થી સાથે વાત–ચીત પ્રધાનમંત્રી દ્વારા ટેલિફોનના માધ્યમથી કરવામાં આવી હતી.

### COVID-19 અને આયુષ્માન ભારત :

- COVID-19 બાદ ભારત સરકારે આયુષ્માન ભારત અંતર્ગત બીમારીનું પરીક્ષણ અને નિદાન નિ:શૂલ્ક કર્યુ છે.
- COVID-19ના પરીક્ષણ એ ICMR દ્વારા નિર્ધારીત પ્રોટોકોલના આધારે કરવામાં આવે છે.
- ICMR દ્વારા અધિકૃત પરીક્ષણ સુવિધાઓને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે જોડવામાં આવેલ છે.

### Back to basics : આયુષ્માન ભારત વિશે :

- આયુષ્માન ભારત યોજનાની શરૂઆત વર્ષ 2018માં કરવામાં આવી હતી. આ પહેલને અગાઉ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા યોજનાના રૂપમાં ઓળખવામાં આવતી હતી.
- આ યોજના પ્રતિ વર્ષ પ્રતિ પરિવાર રૂ. 5 લાખનું વીમા કવચ પૂરું પાડે છે.
- યોજના અંતર્ગત લાભાર્થી પરિવારોની યોગ્યતાએ સામાજિક–આર્થિક જાતિ ગણતરી (SECC)ના આધારે નક્કી કરવામાં આવે છે.

### આયુષ્માન ભારત યોજનાનું મહત્ત્વ :

- રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ કાર્યાલય અનુસાર લગભગ 82% શહેરી પરિવારો અને 86% ગ્રામીણ પરિવારો પાસે સ્વાસ્થ્ય વીમો નથી.
- લગભગ 17% ભારતીય પરિવારો પોતાના બજેટનો 1/10 હિસ્સો સ્વાસ્થ્ય સેવાઓ પર ખર્ચ કરે છે.
- આથી આવા મુદ્દાઓને હલ કરવા ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ, 2017 અંતર્ગત આયુષ્માન ભારત મિશન શરૂ કરવામાં આવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય ચા દિવસ

- પ્રત્યેક વર્ષે 21 મે ને સંયુક્ત રાષ્ટ્ર ચા દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય ચા દિવસ મનાવવાનો સંકલ્પ વર્ષ 2019માં સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા અપનાવવામાં આવ્યો હતો.
- આંતરરાષ્ટ્રીય ચા દિવસ 2005થી દુનિયાના મુખ્ય ચા ઉત્પાદક દેશો જેમકે શ્રીલંકા, ભારત, ઈન્ડોનેશિયા, વિયેતનામ, બાંગ્લાદેશ, નેપાલ, કેન્યા, મલેશિયા, મલામી, યુગાન્ડ અને તાન્ઝાનિયા દ્વારા મનાવવામાં આવે છે.
- આ દિવસનો ઉદ્દેશ્ય વૈશ્વિક ચા ના વ્યાપાર અને પ્રભાવ વિશે નાગરિકો અને સરકારનું ધ્યાન આકર્ષિત કરવાનો છે. આ ઉપરાંત ચા ના સ્થાનીય ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો, ગરીબી અને ભૂખથી લડવા જાગૃકતા વધારવાનો લક્ષ્ય છે.

### ચા પર આંતર સરકારી સમૂહ :

- ખાદ્ય અને કૃષિ સંગઠન અંતર્ગત ચા ના આંતર સરકારી સમૂહે વર્ષ 2015માં આંતરરાષ્ટ્રીય ચા દિવસની અવધારણાનો પ્રસ્તાવ રાખ્યો હતો.

### ભારત અને ચા :

- ભારત એ ચીન પછી બીજો સૌથી મોટો ચા નો ઉત્પાદક દેશ છે. આ સાથે જ દુનિયામાં ચા નો સૌથી મોટો વપરાશકર્તા દેશ છે.
- ભારત લગભગ 30% વૈશ્વિક ચા ઉત્પાદનનો વપરાશ કરે છે.

## નોર્થ ઈસ્ટ COVID-19 મોડેલ

- COVID-19ના સંદર્ભે નોર્થ ઈસ્ટના મોડેલ અંતર્ગત મોટી સફળતા પ્રાપ્ત થઈ છે.
- આ મોડેલની સફળતાને કારણે ક્ષેત્રના 5 રાજ્યોને COVID-19થી મુકત ક્ષેત્ર પ્રહેર કરવામાં આવ્યા છે. તેમાં મેઘાલય, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ, સિક્કિમ અને નાગાલેન્ડનો સમાવેશ કરવામાં આવે છે.
- ત્રિપુરામાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ બળ (CAPF)ના વચ્ચે COVID-19ના કિસ્સાઓમાં વધુ વૃદ્ધિ જોવા મળી હતી જ્યારે આસામ આ ક્ષેત્રનું સૌથી મોટું રાજ્ય છે જ્યાં COVID-19ના કિસ્સાઓ સીમિત કરવામાં આવ્યા હતા.

### નોર્થ ઈસ્ટ મોડેલ :

- કેન્દ્ર અને રાજ્ય સરકારોની ત્વરિત પ્રતિક્રિયાઓના કારણે નોર્થ ઈસ્ટ મોડેલ સફળ રહ્યું હતું. આ પ્રતિક્રિયાઓ નીચે મુજબની છે.

1) દવા અને ઉપકરણ એર કાર્ગો અને ભારતીય વાયુ સેના દ્વારા પહોંચાડવામાં આવ્યા.
2) પરીક્ષણ સુવિધાઓની સંખ્યા વધારવામાં આવી.
3) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના માધ્યમથી જાહેર વિતરણ પ્રણાલીના માધ્યમથી આવશ્યક ચીજવસ્તુ પૂરી પાડવામાં આવી.
4) ''રેડ આર્મી''નું ગઠન નોર્થ ઈસ્ટમાં કરવામાં આવ્યું. તેના સભ્યો ગ્રામીણ અને આદિવાસીઓ સુધી પહોંચી શકયા અને નોર્થ ઈસ્ટના રાજ્યોને COVID-19 મુકત બનાવામાં સફળતા મળી.

## મેક ઈન ઈન્ડિયા અને રક્ષા વસ્તુઓ

- 20 મે, 2020ના રોજ રક્ષા મંત્રાલય દ્વારા ''મેક ઈન ઈન્ડિયા'' પહેલને પ્રોત્સાહન આપવા 26 રક્ષા વસ્તુઓની ખરીદી કરવા માટેની મંજૂરી આપવામાં આવી હતી.
- આ મંજૂરી જાહેર ખરીદી આદેશ, 2017માં સુધારાના માધ્યમથી આપવામાં આવી હતી.
- રક્ષા મંત્રાલયે હજુ સુધી 127 વસ્તુઓને સૂચિત કરેલ છે. જેના અંતર્ગત સ્થાનીય આપૂર્તિકર્તાઓ (Suppliers)ને પ્રાથમિકતા આપવામાં આવશે.
- 127 વસ્તુઓમાંથી 26 વસ્તુઓ અધિક મહત્ત્વપૂર્ણ છે.

### 26 વસ્તુઓને વિશેષ પ્રાથમિકતા :

- જાહેર ખરીદી આદેશ, 2017ની કલમ 3(A) અંતર્ગત 26 વસ્તુઓને મહત્ત્વપૂર્ણ બનાવવામાં આવેલ છે.
- આ દેશ અનુસાર ખરીદી કરનાર સંસ્થાઓ સ્થાનીય આપૂર્તિકર્તા પાસેથી જ આ વસ્તુઓની ખરીદી કરશે અને આ ખરીદી કિંમતને ધ્યાનમાં લીધા વિના કરવામાં આવશે.
- આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે જેનાથી સ્થાનીય આપૂર્તિકર્તા ન્યૂનતમ સ્થાનીય સામગ્રીને પૂરી કરી શકે.
- આથી વસ્તુઓમાં ઓઈલ પંપ, દરવાજાઓ, ઉચ્ચ તાપમાન ગેસકીટ વગેરેનો સમાવેશ થાય છે.

### જાહેર ખરીદી આદેશ :

- મેક ઈન ઈન્ડિયા અભિયાનને પ્રોત્સાહન આપવા વર્ષ 2017માં જાહેર ખરીદી આદેશ જાહેર કરવામાં આવ્યો હતો.
- તે આવક અને રોજગારીમાં સુધારો કરવા વસ્તુ અને સેવાના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે.

## ખાદી માસ્કની માંગમાં વધારો

- ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) વિદેશોમાં રેશમ અને કપાસના ફેસ–માસ્કની નિકાસ માટેના વિકલ્પોની તપાસ કરી રહ્યું છે.
- આ કાર્ય એ ''વોકલ ફોર લોકલ''ને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી રહ્યું છે. જેને આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત શરૂ કરવામાં આવ્યું હતું.

- અત્યાર સુધીમાં KVICને માસ્કના 8 લાખ ઓર્ડર મળી ચૂકયા છે અને લોકડાઉનના સમય દરમિયાન 6 લાખ માસ્કની અપૂર્તિ કરી દેવામાં આવી છે.
- ભારતમાં માસ્કની સારી માંગ બાદ KVIC વિશ્વ સ્તર પર માસ્કનું વિસ્તરણ કરવાની તૈયારી કરી રહ્યું છે.
- આ યોજના અંતર્ગત ખાદી માસ્કની આપૂર્તિ અમેરિકા, દુબઈ, મોરિશસ, મધ્ય પૂર્વ અને અન્ય યુરોપિયન દેશોમાં કરવામાં આવી રહી છે.

### ખાદી માસ્કનું મહત્ત્વ :

- ખાદી માસ્ક એ નિકાસ માટે ઉત્પાદન વધારવામાં મદદરૂપ થશે. અને તેના લીધે રોજગાર વધારવામાં પણ મદદ થશે.
- ખાદી માસ્ક એ સસ્તા અને પુનઃ ઉપયોગ તથા ધોવા યોગ્ય અને બાયોડિગ્રેડેબલ હોય છે. આથી વૈશ્વિક સ્તર પર તેની માંગ વધી રહી છે.
- ખાદી માસ્કની દક્ષતા વધુ હોય છે કારણ કે તે ડબલ ટ્વિસ્ટેડ ખાદી કપડામાંથી બનાવવામાં આવેલા હોય છે.
- ડબલ ટ્વિસ્ટેડ કાપડ એ ભેજ બનાવી રાખવામાં મદદ કરે છે અને હવા માટે સરળ માર્ગ બનાવે છે.

## રક્ષા MSME માટે ઈ-કોન્કલેવ

- 21 મે, 2020ના રોજ કેન્દ્રીય રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહ દ્વારા રક્ષા MSME (સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો) માટેના ઈ–કોન્કલેવની અધ્યક્ષતા કરવામાં આવી હતી.
- ઈ–કોન્કલેવ ભારતીય ઉદ્યોગ સંઘ (Confederation of Indian Industry), સોસાયટી ઓફ ઈન્ડિયન ડિફેન્સ મેન્યુફેકચરર્સ (SIDM) અને રક્ષા ઉત્પાદન વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું.
- વીડિયો કોન્ફરન્સના માધયમથી આયોજિત આ કોન્કલેવમાં લગભગ 800 રક્ષા MSME દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.
- આ કોન્કલેવ ભારતને વર્ષ 2025 સુધી 25 બિલિયન રક્ષા ઉત્પાદનના પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદરૂપ બનશે.

### રક્ષા ઉત્પાદન માટે સ્વદેશીકરણ :

- રક્ષા ઉત્પાદનમાં સ્વદેશીકરણ લાવવા તાજેતરમાં આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત પ્રયત્નો કરવામાં આવ્યા હતા.
- તેના અંતર્ગત રક્ષા ઉત્પાદનના સ્વદેશીકરણ પર વધુ ભારત આપવામાં આવશે.
- આ બાબતને અનુલક્ષીને તાજેતરમાં વાયુ સેના દ્વારા ત્રણ યોજનાની અંતર્ગતની આયાત પર પ્રતિબંધ લગાવ્યો હતો.
- આ પ્રકારના પ્રયત્નોના માધ્યમથી રક્ષા MSMEને વધુ પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

## ભારત બીજા નંબરનો PPE કીટ ઉત્પાદક દેશ

- 21 મે, 2020ના રોજ ભારત દુનિયામાં વ્યક્તિગત સુરક્ષા ઉપકરણ PPE કીટનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ બની ગયો છે. જ્યારે ચીન એ PPE કીટના ઉત્પાદનમાં પ્રથમ નંબરે છે.
- શરૂઆતના સમયમાં PPE કીટના ઉત્પાદનમાં ભારતે ઘણાં પડકારોનો સામનો કરવો પડયો હતો જેનું મુખ્ય કારણ એ PPE કીટના માલ માટે ચીનથી આયાત પર આધાર રાખવો પડતો હતો.
- આ પડકારો બાદ ભારતે PPE કીટના ઉત્પાદનમાં સ્વદેશી માર્ગ અપનાવ્યો હતો અને તેના કારણે ઉત્પાદનમાં વધારો કરવામાં સફળતા મળી છે.
- કપડા સમિતિએ તાજેતરમાં સિન્થેટિક રકત પ્રવેશ પરીક્ષણ ઉપકરણ લોન્ચ કર્યું હતું. તે દેશમાં PPE પરીક્ષણની ક્ષમતા વધારવામાં મદદરૂપ થશે.

### ભારતની PPE કીટની ઉત્પાદન ક્ષમતા :

- ભારત હાલમાં પ્રત્યેક દિવસ 2.06 લાખ PPE કીટનું ઉત્પાદન કરી રહ્યું છે. જે દેશની મહત્તમ ક્ષમતા છે.
- સરેરાશ રીતે ભારતમાં 1 લાખ કીટનું ઉત્પાદન થાય છે.
- જાન્યુઆરી 2020માં ભારતમાં 2.75 લાખ PPE કીટ હતી અને પછીથી તેને આયાત કરવામાં આવી હતી.
- હાલમાં ભારતમાં બફર સ્ટોકના રૂપમાં 15.96 લાખથી વધારે કીટ ઉપલબ્ધ છે.

## KHUDOL પહેલ

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મણિપુરની KHUDOL પહેલને COVID-19 વિરુદ્ધ લડવા માટે ટોચની 10 વૈશ્વિક પહેલોમાં થી એકના રૂપમાં સૂચિત કરેલ છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### KHUDOL પહેલ વિશે :

- KHUDOL એક NGOની પહેલ છે જેને Ya_All કહેવામાં આવે છે.
- NGO દ્વારા આ પહેલ અંતર્ગત LGBTQ સમુદાયના લોકો, દૈનિક વેતન મેળવતા લોકો અને AIDSથી પ્રભાવિત લોકોને ભોજન, સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સુવિધા આપી હતી.
- આ સંગઠને 100 સ્વયંસેવકોનું નેટવર્ક કાર્યશીલ કર્યું હતું. આ સ્વયંસેવકોના માધ્યમથી સંગઠને 1000 સ્વાસ્થ્ય કીટ, 1500 કોન્ડમ અને 6500 સેનેટરી પેડનું વિતરણ કર્યું હતું.

## પદમ-દારચા માર્ગ

- લદ્દાખને હિમાચલ પ્રદેશથી સીધો જોડનાર નીમો–પદમ–દારચા માર્ગ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં ભારતીય સેનાની તાકાતને વધારશે.
- આવનારા મહિનાના અંત સુધીમાં આ સડક માર્ગ ખુલવાની સંભાવના છે.
- ચીન અને પાકિસ્તાનને જવાબ દેવા માટે ભારતીય સેનાના જવાનો હિમાચલના દારચાના રસ્તે પદમ અને નીમો થઈને અમુક કલાકોમાં લેહ અને કારગિલ સુધી પહોંચી શકશે.

### પદમ-દારચા સડક માર્ગનો વ્યૂહાત્મક અને આર્થિક લાભ :

- દારચા–પદમ નીમો સડક હિમાચલ પ્રદેશની લાહૌલ ઘાટીને કારગિલ જિલ્લાના ઝાસ્કરના પદમ ક્ષેત્ર સાથે જોડશે.
- દારચા અને પદમનું અંતર લગભગ 148 કિલોમીટર છે. પદમ પછી આ સડક નીમોના રસ્તે લેહ માર્ગ સાથે જોડાય જશે.
- સડક બનવાથી સેનાનો સામાન કારગિલ અને લેહ સુધી પહોંચાડવો સરળ બનશે. આ પહેલા ઝાસ્કર જવા માટે ત્રણ ગણો વધારે મુસાફરી કરવી પડતી હતી.
- હાલમાં મનાલીથી લેહ પહોંચવાનો સફર 900 કિલોમીટરનો છે જે સડક બનાવોને લીધે 600 કિલોમીટર ઓછો થઈ જશે.
- વર્ષ 1999માં કારગિલ યુદ્ધ દરમિયાન પાકિસ્તાન સેના એ હાઈવેને નિશાનો બનાવી. ભારતીય સેનાની મુશ્કેલીઓ વધારી હતી.
- કારગિલમાં ઊંચાઈ પર બેઠેલ દુશ્મન સરળતાથી હાઈવે પર સેનાની ગતિવિધિ જોઈ તેને નિશાનો બનાવી શકતો હતો. આથી આ ક્ષેત્રમાં સુરક્ષિત સડકની જરૂરીયાત હતી. જે આ સડકના માધ્યમથી પૂરી થશે.
- દારચા–પદમ–નીમો સડક દ્વારા ઝાસ્કર અને પદમ ક્ષેત્રમાં પર્યટનને પણ પ્રોત્સાહન મળશે.
- આ સડક બનવાને કારણે લદ્દાખમાં ગ્રામીણ અર્થવ્યવસ્થાને પણ ફાયદો થશે.

## વસ્ત્ર સમિતિ PPE કીટનું પરીક્ષણ તથા પ્રમાણિતનું કાર્ય કરશે

- વસ્ત્ર સમિતિએ COVID-19 સંદર્ભે ઉપયોગમાં લેવાતી PPE કીટનું પરીક્ષણ અને તેને પ્રમાણિત કરવાનું કાર્ય કરશે.
- હાલમાં અન્ય 8 સંસ્થાઓ દ્વારા આ કાર્ય કરવામાં આવે છે. વસ્ત્ર સમિતિ એ 9મી સંસ્થા બનશે.
- આ બધી જ સંસ્થાઓને "National Accreditation Board for Testing & Calibration Laboratories" દ્વારા માન્યતા આપવામાં આવેલી છે.
- PPE કીટની સ્વાસ્થ્ય કર્મીઓને હાલના સમયે ખૂબ જ જરૂરિયાત છે અને બજારમાં તેનો પૂરવઠો અને ઉપલબ્ધતા હોવી એ પણ આવશ્યકતા છે.
- આથી તેની ગુણવત્તા યોગ્ય છે તેનું પરીક્ષણ કરવું અને તેને પ્રમાણિત કરવાની ઝડપથી જરૂરિયાત છે.

### Back to basics : વસ્ત્ર સમિતિ વિશે

- વસ્ત્ર સમિતિએ કાપડ મંત્રાલયની અંતર્ગત કાર્ય કરે છે.
- તેનું મુખ્ય કાર્ય એ કાપડ અને કાપડ મશીનોની ગુણવત્તા સુનિશ્ચિત કરવાનું છે.
- આ સમિતિની સ્થાપના એ વર્ષ 1963માં સંસદના એક અધિનિયમના માધ્યમથી કરવામાં આવી હતી.

## વસ્તુ અને સેવા કર (Goods and Services Tax-GST)

- COVID-19ને ધ્યાનમાં રાખીને ઉદ્યોગો દ્વારા વસ્તુ અને સેવા કરથી છૂટછાટ આપવાની માંગ કરવામાં આવી છે.

### વસ્તુ અને સેવા કર પર છૂટછાટ અંગે નાણાં મંત્રાલયનો પક્ષ :

- નાણા મંત્રાલય અનુસાર આ માંગ આર્થિક રીતે યોગ્ય નથી.
- COVID-19ના લીધે અર્થતંત્ર પર નકારાત્મક અસરો પડી છે અને જો GSTમાં છૂટછાટ આપવામાં આવશે તો રાજ્યની નાણાકીય આવકમાં પણ પ્રતિકૂળ અસર પડશે.
- GSTમાં છૂટછાટ આપવામાં આવશે તો ઉદ્યોગોને પણ નુકસાન થશે, કિંમતોમાં વધારો થશે જેની પ્રતિકૂળ અસર ગ્રાહકો પર પડશે.

- એવુ પણ બની શકે કે GSTમાં આપવામાં આવતી છૂટના કારણે વસ્તુઓની આયાતમાં વધારો થાય અને તેના પરિણામે સ્થાનીય બજારને નુકસાન થઈ શકે.
- GST પર છૂટછાટ આપવાથી કાચો માલ અને ઉત્પાદિત થતી વસ્તુના ખાતા અલગ તૈયાર કરવા પડે જેનાથી સમસ્યામાં વધારો થઈ શકે.
- GST પરની છૂટછાટની અન્ય એક સમસ્યા એ "ઈનપુટ ટેક્સ ક્રેડિટ" સાથે જોડાયેલી છે.
- ઉત્પાદકો, છૂટક વેપારીઓ પાસે રહેલી વસ્તુઓની ઈનપુટ ટેક્સ ક્રેડિટની કિમત ખૂબ વધારે છે જો છૂટ આપવામાં આવે તો આ ક્રેડિટની કિંમત ખૂબ વધારે છે જો છૂટ આપવામાં આવે તો આ ક્રેડિટ મેળવવા કિંમતમાં વધારો થાય અને તેની અસર એ ગ્રાહકો પર પડશે.

### Back to basics : વસ્તુ અને સેવા કર વિશે

- GST એ એક પરોક્ષ કર છે જેને 101માં બંધારણીય સુધારા દ્વારા લાગુ કરવામાં આવ્યો હતો.
- GST બાદ કેન્દ્ર અને રાજ્યોના પરોક્ષ કરોને એક સાથે ભેળવીને ફક્ત એક GST લાગુ કરવામાં આવે છે. તેનાથી 17 પ્રકારના કર અને સેસને નાબૂદ કરવામાં આવેલ છે.
- GSTના પ્રકારો અંતર્ગત CGST (Central Goods and Services Tax), SGST (State Goods and Services Tax) અને IGST (Integrated Goods and Services Tax)નો સમાવેશ કરવામાં આવે છે.
- આ ઉપરાંત GST અંતર્ગત 0%, 5%, 12-18% અને 28% જેવા સ્લેબનો સમાવેશ કરવામાં આવે છે.
- રોજિંદી વસ્તુઓ પર 0% અને લકઝરી આઈટમો પર 28% GST લગાવવામાં આવે છે.
- 101માં બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા બંધારણમાં અનુચ્છેદ 246(A), 269(A) અને 279(A)નો ઉમેરો કરવામાં આવ્યો છે.
- અનુચ્છેદ 279(A) અંતર્ગત વસ્તુ અને સેવા કર પરિષદ (GST Council)નું ગઠન કરવામાં આવ્યું છે.

## લોકલથી ગ્લોબલ થીમ સાથે હુનર હાટ

- COVID-19 મહામારી વચ્ચે ભારતમાં હુનર હાટનું આયોજન સપ્ટેમ્બર, 2020માં કરવામાં આવશે.
- આ હુનર હાટની થીમ એ "લોકલથી ગ્લોબલ" રાખવામાં આવશે.
- છેલ્લા પાંચ વર્ષોમાં 5 લાખથી વધુ ભારતીય કારીગરો શિલ્પકારોને રોજગારીની તકોથી હુનર હાટથી હસ્ત નિર્મિત સ્વદેશી સામાન લોકોમાં વધુ લોકપ્રિય બનેલ છે.
- આગામી યોજાનાર હુનર હાટમાં સામાજિક અંતર, સાફ સફાઈ સેનિટાઈઝેશન અને માસ્કની વ્યવસ્થા કરવામાં આવશે.
- આ સાથે જ હુનર હાટમાં "જાન ભી જહાન ભી" પેવેલિયન હશે જયાં લોકોને "પેનિક નહીં પ્રિકોશન" થીમ પર જાગૃકતા આપવાની જાણકારી આપવામાં આવશે.

### હુનર હાટ વિશે અન્ય માહિતી :

- હુનર હાટ યોજનાના માધ્યમથી પરંપરાગત શિલ્પકલા અને રોજગારી નિર્માણને પ્રોત્સાહન આપવામાં આવે છે.
- હુનર હાટના માધ્યમથી ઉત્પાદકોની બજાર સુધીની પહોંચને સરળ બનાવી શકયા છે.
- હુનર હાટ અંતર્ગત અલ્પસંખ્યક સમુદાયો દ્વારા બનાવવામાં આપેલી પરંપરાગત વસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવે છે.

## જાન્હવી ફૂકન ફિક્કી મહિલા સંગઠનના અધ્યક્ષ

- અસમના મહિલા ઉદ્યોગી જાન્હવી ફૂકનની ફિક્કી મહિલા સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી છે.
- જાન્હવી ફૂકન એ એફએલઓ (FICCI Ladies Organization-FLO)ની 37મી રાષ્ટ્રીય અધ્યક્ષ છે.
- FLO એ રાષ્ટ્રીય સ્તર પર 8000 થી વધુ મહિલા ઉદ્યમીઓનું પ્રતિનિધિત્વ કરે છે.

## મિઝોરમ દ્વારા રમતને ઉદ્યોગનો દરજ્જો

- મિઝોરમની રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં રમતના ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે રમતોને ઉદ્યોગનો દરજ્જો આપ્યો છે.
- આ દરજ્જો આપવાથી રમત અને તેની સાથે જોડાયેલ વિભિન્ન ક્ષેત્રોનો મોટા પાયે વિકાસ થઈ શકશે.
- આ નિર્ણય રમતોના વિકાસ પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

➤ રમતોને ઉદ્યોગનો દરજ્જો આપવાથી રમતની પ્રવૃત્તિઓ આકર્ષિત થશે.

## દુનિયાની પ્રથમ 3D ન્યૂઝ એંકર

➤ ચીન દ્વારા દુનિયાની પ્રથમ 3D ન્યૂઝ એંકરને લોન્ચ કરવામાં આવી છે.

➤ ચીનની સરકારી ન્યૂઝ એજન્સી શિન્હુઆ દ્વારા એક અન્ય એજન્સી સાથે મળી આ 3D એંકરને લોન્ચ કરવામાં આવેલ છે.

➤ આ 3D ન્યૂઝ એંકરનો વીડિયો પણ એજન્સી દ્વારા પોતાના ટિવ્ટર હેન્ડલથી ટિવ્ટ કરવામાં આવ્યો હતો.

➤ આધુનિક તનિકોનો ઉપયોગ કરીને ચીન 3D તકનિકથી ચાલનાર પ્રથમ ન્યૂઝ એંકરને ડેવલપ કરવામાં સફળ બન્યું છે.

### 3D ન્યૂઝ એંકરની વિશેષતાઓ :

➤ 3D ન્યૂઝ એંકર એ સરળતાથી ફરી શકે છે અને જેવા સમાચારો હોય તેના અનુરૂપ પોતાના ચહેરાના ભાવને પણ બદલી શકે છે.

➤ તે પોતાના માથાના વાળ અને ડ્રેસમાં પણ પરિવર્તન કરી શકે છે.

➤ હાલમાં એક વીડિયોના ટ્રાયલની રીતે તેને ન્યૂઝ વાંચતા અને અન્ય મુદ્દાઓમાં દર્શાવવામાં આવેલ છે.

➤ આ 3D ન્યૂઝ એંકર હાલમાં એક મહિલાના અવાજમાં ન્યુઝ વાંચે છે પરંતુ લોકોના અવાજની તે નકલ પણ કરી શકે છે.

➤ આ પહેલા વર્ષ 2018માં શિન્હુઆ કયૂ હાઉસ નામથી ડિજિટલ એંકરને ન્યૂઝની દુનિયામાં ઉતારવામાં આવેલ છે. ડિજિટલ એંકરને મશીન લર્નિંગ તકનિકના આધારે આવાજની નકલ કરવા લાયક બનાવવામાં આવેલી હતી.

## ભારતીય અર્થશાસ્ત્રી આભાસ ઝા

➤ ભારતીય અર્થશાસ્ત્રી આભાસ ઝા ને વિશ્વ બેંકના મહત્ત્વપૂર્ણ પદ પર નિયુક્ત કરવામાં આવેલ છે.

➤ તેમની ક્ષમતાનો ઉપયોગ દક્ષિણ એશિયામાં આબોહવા પરિવર્તન અને આપદા જોખમ વ્યવસ્થાપન માટે કરવામાં આવશે.

➤ તેમના અધિકાર ક્ષેત્ર અંતર્ગત ભારત, બાંગ્લાદેશ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, શ્રીલંકા, નેપાલ અને માલદીવનો સમાવેશ થાય છે.

➤ આભાસ ઝા ની પ્રાથમિકતા દક્ષિણએશિયા ક્ષેત્ર આપદા જોખમ વ્યવસ્થાપન અને આબોહવા પરિવર્તન ટીમને જોડવાની અને સહયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાની રહેશે.

➤ આભાસ ઝા અન્ય પ્રેકિટસ મેનેજરો અને ગ્લોબલ સોલ્યુશન ગ્રુપ સાથે મળીને કાર્ય કરશે જેનાથી મોટા પાયે નવીન અને ઉચ્ચ ગુણવત્તાવાળા સમાધાન પ્રાપ્ત થશે અને દેશોના સહયોગ માટે વૈશ્વિક જ્ઞાન અને તેના પ્રવાહને પ્રોત્સાહન આપી શકાશે.

## વિશ્વ થાઈરોઈડ દિવસ

➤ થાઈરોઈડ સ્વાસ્થ્ય વિશે જાગૃકતા વધારવા અને થાઈરોઈડ રોગોના ઉપચાર બાબતે શિક્ષિત કરવા દર વર્ષે 25 મે ને વિશ્વ થાઈરોઈડ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

➤ આ દિવસની શરૂઆત વર્ષ 2008માં થાઈરોઈડ વિશે જાગૃકતા વધારવા વૈશ્વિક સ્તર પર અમેરિકન થાઈરોઈડ એશોસિએશન અને યુરોપીય થાઈરોઈડ એશોસિએશનના નેતૃત્વમાં ચાલતા એક અભિયાનના ભાગ રૂપે કરવામાં આવી હતી.

➤ આ દિવસ નીચેના મુખ્ય 5 લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરે છે :

1) થાઈરોઈડ સ્વાસ્થ્ય વિશે જાગૃકતા
2) થાઈરોઈડ રોગના ઈલાજ માટે સમજને પ્રોત્સાહન આપવું.
3) થાઈરોઈડ રોગના પ્રસાર પર ભાર આપવો.
4) શિક્ષા અને નિયંત્રણ કાર્યક્રમો માટે તત્કાલ આવશ્યકતા પર ધ્યાન કેન્દ્રિત કરવું.
5) નવા ઉપચાર પ્રકારો વિશે જાગૃકતાનો વિસ્તાર કરવો.

➤ થાઈરોઈડ ગ્રંથિ ગળાના સામેના હિસ્સામાં જોવા મળે છે. આ રોગમાં થાઈરોઈડ ગ્રંથિ પર્યાપ્ત થાઈરોઈડ હોર્મોન્સનું ઉત્પાદન કરી શકતી નથી.

➤ આંકડાઓ અનુસાર પ્રત્યેક 10મી વયસ્ક હાઈપોથાયરાયડિઝમ રોગથી પીડાય છે.

➤ થાઈરોઈડ સ્વાસ્થ્ય ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તેના દ્વારા ઉત્પાદિત હોર્મોન મહત્ત્વપૂર્ણ શરીરના કાર્યોને પ્રભાવિત કરે છે.

## HCQના સ્થાન પર HIV વિરોધી અને કાંગડા ચા ના ઉપયોગના સૂચનો

➤ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા તાજેતરમાં હાઈડ્રોકસીક્લોરોક્વિન (HCQ) પર પોતાની સલાહમાં સુધારાઓ સૂચવેલા છે.

- ICMR હવે HIV વિરોધી દવાઓનો ઉપયોગ કરવાનો વિચાર કરી રહી છે.

### સુધારાઓ સૂચવવાનું કારણ :

- આ પહેલા ICMR દ્વારા લક્ષણો ન ધરાવતા સ્વાસ્થ્ય કર્મીઓ માટે HCQ દવાની ભલામણ કરવામાં આવી હતી.
- જો કે આ દવાની બિન–અસરકારકતા અને આડઅસરના લીધે ICMR દ્વારા અન્ય વિકલ્પો વિચારવા પડયા.
- ICMR અનુસાર HCQના ઉપયોગના આકલન મુજબ COVID-19 વિરુદ્ધ કામ કરતા ફંટલાઈન સ્વાસ્થ્ય કર્મીઓને ઉબકા, પેટ દર્દ, ઉલ્ટી વગેરેનો સામનો કરવો પડે છે.
- આથી HCQના બદલે HIV વિરોધી દવાઓનો ઉપયોગ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત "કાંગડા ચા"નો ઉપયોગ કરવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે.

### કાંગડા ચા વિશે :

- કાંગડા ચા એ હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લાની ચા નો એક પ્રકાર છે. વર્ષ 2005માં આ ચા ને ભૌગોલિક સંકેત ટેગ (Geographical Indication Tag) આપવામાં આવ્યો હતો.
- કાંગડા ચા એ સ્વાદમાં મીઠી હોય છે જેને કેમેલિયા સાઈનેંસિસ કહેવામાં આવે છે.
- ચા માં ઉપલબ્ધ રસાયણ એ પ્રતિરક્ષાની ક્ષમતા વધારવા અને COVID-19ના ચેપને ઓછો કરવામાં મદદરૂપ બની શકે છે.

## એન્ટાર્કટિક ઈંપલ્સિવ ટ્રાન્સિએન્ટ એન્ટેના

- નાસાના શોધકર્તાઓએ એન્ટાર્કટિક ક્ષેત્રમાં બરફથી ઉચ્ચ ઉર્જા વાળા કણો વિશે જાણકારી મેળવી છે.
- શોધકર્તાઓ મુજબ આ કણો સમાંતર બ્રહ્માંડનું પ્રમાણ છે.

### એન્ટાર્કટિક ઈંપલ્સિવ ટ્રાન્સિએન્ટ એન્ટેના (ANTIA)

- તે એક હાઈ એનર્જી કોસ્મિક ન્યૂટ્રિનો છે જે રેડિયો પલ્સની માહિતી મેળવે છે જે એન્ટાર્કટિક બરફની ચાદરથી ઉત્સર્જિત થઈ રહ્યા છે.
- બરફમાં ન્યૂટ્રિનો અસ્કેરિયન પ્રભાવને કારણે રેડિયો પલ્સનુ ઉત્પાદન કરે છે.
- ANTIA ઉપકરણ એન્ટાર્કટિક ક્ષેત્રમાં ઉડાન ભરતા વૈજ્ઞાનિક બલુનના માધ્યમથી કોસ્મિક કિરણ ન્યૂટ્રિનો વિશે જાણકારી મેળવે છે.
- તે નાસાની પ્રથમ ન્યૂટ્રિનો વેદ્યશાળા છે.
- ANTIA દ્વારા હજુ સુધી 4 પ્રમુખ બ્રહ્માંડના કિરણો વિશે જાણકારી મેળવી છે. આકાશથી આવનારા બ્રિહ્માંડીય કિરણો બરફથી પરાવર્તિત થાય છે.

### અસ્કેરિયન પ્રભાવ વિશે :

- આ એવી ઘટના છે જ્યાં એક ગીચ વિદ્યુત માધયમમાં પ્રકાશથી તેજ ઝડપે યાત્રા કરનાર કણો દ્વિતીયક ચાર્જ કણોનો વરસાદ કરે છે. આ ગીચ વિદ્યુત માધ્યમ બરફ કે ચંદ્ર રેગોલિથનું મીઠું હોય શકે છે.

## માનવ ચેલેન્જ ટ્રાયલ

- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા તાજેતરમાં 8 ઉમેદવારોના માનવ પરીક્ષણમાં પ્રવેશ સંબંધે ઘોષણા કરી છે.
- WHO દ્વારા COVID-19 સંબંધે નવી રસીનો વિકાસ કરવા માનવ ચેલેન્જ ટ્રાયલ (Human Challenge Trial) શરૂ કરવામાં આવેલ છે.

### માનવ ચેલેન્જ ટ્રાયલ શું છે ?

- આ પરીક્ષણમાં સ્વૈચ્છિક રીતે ભાગ લેતા લોકોને COVID-19 વાયરસથી ચેપી કરવામાં આવશે.
- આ ટ્રાયલ એ રસીના કાર્યક્રમને આગળ વધારવા માટે કરવામાં આવે છે.

## માનવરહિત હેલિકોપ્ટર AR500C

- લદાખ સીમા પર ચાલતા તણાવ વચ્ચે ચીન દ્વારા માનવરહિત હેલિકોપ્ટર AR500Cનું પ્રથમ વખત સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- AR500C ચીન દ્વારા વિકસાવવામાં આવેલું પ્રથમ માનવરહિત હેલિકોપ્ટર છે.

### AR500Cની વિશેષતાઓ :

- આ હેલિકોપ્ટર સૈન્ય પરીક્ષણ : રેકી કરવા કમ્યુનિકેશન, ઈલેક્ટ્રોનિક વોરફેર, પરમાણુ વિકિરણની માહિતી મેળવવા, ઊંચાઈવાળા ક્ષેત્રોથી યુદ્ધની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવા વગેરે બાબતો માટે ઉપયોગી બનશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ હેલિકોપ્ટર મહત્તમ 500 કિગ્રા. સુધીના વજનને ઉઠાવી શકે છે. તે 5 કિમીની રેન્જમાં 6700 મીટર ઊંચાઈ સુધી ઉડાન ભરી શકે છે.
- તેની મહત્તમ સ્પીડ 170 કિમી/કલાક છે. એક વખતમાં તેને 5 કલાક સુધી ઉડાવી શકાય છે.

## સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ 2019

- ભારતીય સેનાના અધિકારી મેજર સુમન ગવાનીને પ્રતિષ્ઠિત સંયુક્ત રાષ્ટ્ર જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ-2019 માટે પસંદ કરવામાં આવેલ છે.
- ઈતિહાસમાં પ્રથમ વખત છે. જ્યારે કોઈ ભારતીયને આ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવેલ હોય.
- મેજર સુમના ગવાની એ દક્ષિણ સુદાનમાં સંયુક્ત રાષ્ટ્ર મિશન સાથે કાર્ય કર્યું છે.
- તેમને "United Nations Mission in South Sudan. (UNMISS)"માં શાંતિ પ્રયાસો માટેના તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.
- વર્ષ 2016માં આ એવોર્ડની શરૂઆત કરવામાં આવી હતી.
- આ એવોર્ડ શાંતિ અભિયાનોમાં પ્રમુખો અને ફોર્સ કમાંડરો દ્વારા નામાંકિત મહિલાઓ દ્વારા સંયુક્ત રાષ્ટ્રના સિદ્ધાંતોને પ્રોત્સાહન આપવા માટે વ્યક્તિગત સૈન્ય શાંતિ સૈનિકોના સમર્પણ અને પ્રયાસોને સમ્માનિત કરે છે.

### દક્ષિણ સુદાનમાં સંયુક્ત રાષ્ટ્ર મિશન (UNMISS) વિશે :

- આ મિશનની શરૂઆત જુલાઈ, 2011માં કરવામાં આવી હતી. જ્યારે દક્ષિણ સુદાનને સુદાનથી સ્વતંત્રતા પ્રાપ્ત થઈ હતી.
- આ મિશન દરમિયાન હજી સુધી 67 સંયુક્ત રાષ્ટ્રના શાંતિ સૈનિકોનું મૃત્યુ થઈ ચૂક્યું છે.
- માર્ચ, 2019માં UNMISSમાં લગભગ 19,400 કર્મચારીઓ કાર્યરત હતા.
- ભારત UNMISS માટે સૈનિકો ઉપલબ્ધ કરાવનાર બીજો સૌથી મોટો દેશ છે. હાલમાં ભારતના 2337 સૈનિકો કાર્યરત છે.
- UNMISSમાં સૌથી વધુ સૈનિકો રવાંડાના છે જેની સંખ્યા 2750 છે.

## ભારતીય મૂળના વૈજ્ઞાનિકને “ઈન્વેન્ટર ઓફ યર” પુરસ્કાર

- ભારતીય મૂળના અમેરિકી શોધક રાજીવ જોશીને ઈલેક્ટ્રોનિક ઉદ્યોગને પ્રોત્સાહન આપવા અને કૃત્રિમ બુદ્ધિમત્તા ક્ષમતાઓને વધુ સારી બનાવવામાં યોગદાન આપવા “ઈન્વેન્ટર ઓફ યર”નો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.
- રાજીવ જોશી દ્વારા ઘણી શોધ કરવામાં આવી છે અને અમેરિકામાં તેમના નામ પર 250થી વધારે પેટન્ટ નોંધાયેલી છે.
- તેઓ ન્યૂયોર્કમાં યખો થોમસ વોટસન શોધ કેન્દ્રમાં કામ કરે છે.

## જે. કે. રોલિંગ દ્વારા “ધ ઈકાબોગ”ની ઘોષણા :

- બ્રિટીશ લેખિકા જે. કે. રોલિંગે પોતાની નવી બાળકોની પુસ્તક “ધ ઈકાબોગ”ના પ્રથમ બે અધ્યાયો જાહેર કર્યા હતા.
- આ વાર્તા નવેમ્બર, 2020માં સત્તાવાર પ્રકાશન પહેલા મફતમાં ધ ઈકાબોગ વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે.
- વર્ષ 2007માં હેરી પોટર એન્ડ ધ ડેથલી હેલોઝ પછી બાળકો પર આ તેમનું પ્રથમ પુસ્તક છે.

## રશિયા દ્વારા પ્રથમ સ્ટેલ્થ બોમ્બર વિમાનનું નિર્માણ

- રશિયા દ્વારા પોતાના “પર્સપેક્ટિવ એવિએશન કોમ્પ્લેક્ષ ફોર લોંગ રેન્જ એવિએશન” (PAKDA) પ્રોગ્રામ અંતર્ગત પોતાના પ્રથમ સ્ટેલ્થ બોમ્બર વિમાનનું નિર્માણ કર્યું હતું.
- આ બોમ્બર વિમાન સુખોઈ Su-57 સુપરસોનિક ફાઈટર જેટ બાદ બીજી પેઢીનું લડાકૂ વિમાન છે.

### PAKDA વિશે :

- આ સ્ટેલ્થ બોમ્બર વિમાનનું નિર્માણ PAKDA કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું છે.
- આ કાર્યક્રમ રડાર સિગ્નેચરને ઓછી કરવા એક નવીનત્તમ તકનિકોનો ઉપયોગ કરે છે. તે રશિયાના હથિયારો અને બમવર્ષકોને દુશ્મનો માટે અદશ્યબનાવી દેશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ખેલો ઈન્ડિયા એથલિટ્સ

- સ્પોટર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ખેલો ઈન્ડિયા એથલિટ્સના ખાતામાં રૂ. 30,000ની રકમ જમા કરાવી હતી.
- આ માટે સ્પોટર્સ ઓથોરિટી ઈન્ડિયા દ્વારા રૂ. 8.25 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ રકમ એ રમત ભથ્થાના રૂપમાં રમતવીરોને આપવામાં આવી હતી જેથી તેઓ પોતાના વતન જઈ શકે અને પોતાના આહારના કાર્યક્રમને અનુસરી શકે.
- આ રકમ એ ખેલો ઈન્ડિયા અંતર્ગતના 2749થી વધુ ખેલાડીઓના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

### Back to basics : ખેલો ઈન્ડિયા વિશે :

- ખેલો ઈન્ડિયાને ભારતમાં રમતની સંસ્કૃતિને મહત્ત્વ આપવા માટે લોન્ચ કરવામાં આવેલ છે.
- આ યોજનાનું અમલીકરણ એ રમત અને યુવા બાબતોના મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે. યોજનાનો ઉદ્દેશ્ય ભારતને એક મહાન રમત રાષ્ટ્ર બનાવવાનો છે.
- આ યોજના અંતર્ગત ભારત સરકાર 8 વર્ષના સમય માટે ખેલાડીઓને પ્રતિ વર્ષ રૂ. 5 લાખની નાણાકીય સહાયતા આપે છે.
- આ યોજનાને રમત મંત્રાલય શાળા, કોલેજ અને યુનિવર્સિટીના સ્તર પર ચલાવે છે.

## વિશ્વ ભૂખ દિવસ (World Hyunger Day)

- પ્રત્યેક વર્ષ 28 મે ના દિવસને વિશ્વ ભૂખ દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.
- વિશ્વ ભૂખ દિવસ એ "હંગર પ્રોજેક્ટ"ની એક પહેલ છે.
- સંયુક્ત રાષ્ટ્રનો ઉદ્દેશ્ય કૃષિ ઉત્પાદકતાને વધારવાનો છે. તેનાથી 820 મિલિયન લોકોને ખોરાક ઉપલબ્ધ કરાવવામાં આવશે જેઓ અપર્યાપ્ત ખાદ્ય સુરક્ષા અનુભવતા હોય.
- સંયુક્ત રાષ્ટ્રના અનુમાન અનુસાર વર્ષ 2050 સુધીમાં 2 બિલિયન લોકો ગરીબીની રેખામાં હશે અને તેમને ખોરાકની અછતનો સામનો કરવો પડી શકે છે.
- ભૂખમરીને સમાપ્ત કરવા માટે "ઝીરો હંગર"ને સતત વિકાસ લક્ષ્ય (Sustainable Development Goal)ના રૂપમાં શામેલ કરવામાં આવેલ છે.
- ગ્લોબલ હંગર ઈન્ડેક્સ વિશ્વના દેશોમાં ભૂખમરીની સ્થિતિને દર્શાવે છે. વર્ષ 2019ના આ ઈન્ડેક્સમાં 117 દેશોમાંથી ભારતનો ક્રમાંક 102મો હતો.

## રાજ્ય સ્વાસ્થ્ય રજિસ્ટર

- કર્ણાટક રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ઘોષણા કરવામાં આવી હતી કે તે "રાજ્ય સ્વાસ્થ્ય રજિસ્ટર" નામની પોતાની યોજના શરૂ કરશે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય રજિસ્ટરમાં પોતાના બધા નાગરિકોનો સ્વાસ્થ્ય ડેટાબેઝ તૈયાર કરવાનો છે.
- રાજ્યના બધા 6.5 કરોડ લોકોનો સર્વે કરવામાં આવશે.
- આ કાર્ય આશા ટીમ, પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર, મહેસૂલ અને શિક્ષા વિભાગના સદસ્યો દ્વારા કરવામાં આવશે.
- આ યોજનાને પાયલોટ આધાર પર ચિક્કાબલ્લાપુર જિલ્લામાં લાગુ કરવામાં આવશે.

## આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સૈનિક દિવસ (International Day of UN Peacekeepers)

- પ્રતિવર્ષ સંયુક્ત રાષ્ટ્ર 29 મે ના દિવસને આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સૈનિક દિવસના રૂપમાં મનાવે છે.
- વર્ષ 2020ના આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સૈનિક દિવસની થીમ : "Women in Peacekeeping : A Key to Peace".

### આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સૈનિક દિવસની મુખ્ય બાબતો :

- આ દિવસ એ 3900થી વધુ શાંતિ સૈનિકોના સમ્માનમાં મનાવવામાં આવે છે. જેમણે સંયુક્ત રાષ્ટ્ર અંતર્ગત પોતાનો જીવ આપ્યો છે.

- આ વર્ષે સૈનિકોની સમસ્યાઓ વધી છે કારણ કે તેઓ ફક્ત લોકોની રક્ષા કરતા નથી પરંતુ COVID-19 મહામારીથી પણ ઝઝૂમી રહ્યા છે.
- વર્તમાનમાં 1 મિલિયનથી વધુ પુરુષો અને મહિલાઓ સંયુક્ત રાષ્ટ્ર શાંતિ અભિયાનોમાં કાર્યરત છે.
- સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સેનાઓ લગભગ 13 અભિયાનોમાં 95000થી વધુ પોલીસ, સૈન્ય અને નાગરિક કર્મીઓને સેવા પર રાખેલ છે.
- આ વર્ષની થીમ મહિલાઓ શાંતિ અને સુરક્ષા પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદના પ્રસ્તાવ 1325ને અપનાવ્યાની 20મી વર્ષગાંઠ સાથે સંબંધિત છે.
- 29 મે નો દિવસ એટલા માટે પસંદ કરવામાં આવ્યો છે કારણ કે પ્રથમ UN શાંતિ મિશન 29 મે, 1948માં સ્થાપવામાં આવ્યું હતું. આ મિશનની સ્થાપના ઈઝરાયલ અને આરબ વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવેલ યુદ્ધવિરામ કરારની દેખરેખ માટે કરવામાં આવી હતી.

## હર્બલ રોડ્સ પ્રોજેક્ટ

- ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રાજ્યમાં 800 કિલોમીટર સડકમાં હર્બલ રોડ્સ પ્રોજેક્ટ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.
- આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર સડકની બંને બાજુ ઔષધીય મૂલ્યો ધરાવતા છોડની સ્થાપના કરશે.
- આ છોડ ઔષધીઓ માટે કાચો માલ પ્રદાન કરશે. ઔષધીય વૃક્ષ–છોડમાં લીમડો, પીપળો વગેરેનો સમાવેશ થાય છે. આ રોડનો ફાયદો જમીન ધોવાણ અટકાવવામાં પણ થશે.
- આ પ્રકારની પહલ દિલ્હી–યમુનોત્રી સ્ટેટ હાઈવે 57માં પહેલા લાગુ કરી ચૂકવામાં આવેલી છે જેમાં લગભગ 34 પ્રકારના ઔષધીય છોડ લગાવવામાં આવશે.

## CIPETનું નામ બદલવામાં આવ્યું

- સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ પ્લાસ્ટિક એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (CIPET)નું નામ હવેથી બદલીને "સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી" કરવામાં આવ્યું છે.
- આ નામ પરિવર્તનને તમિલનાડુ સોસાયટી નોંધણી અધિનિયમ, 1975 અંતર્ગત નોંધવામાં આવેલ છે.
- સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી (CIPET)નો મુખ્ય ઉદ્દેશ્ય પ્લાસ્ટિકના વિકાસમાં યોગદાન આપવાનો છે.
- તે શિક્ષા સંશોધનના કાર્યક્રમ પર પણ કેન્દ્રિત છે. આ સંસ્થા નવીન પ્લાસ્ટિક આધારિત સમાધાનો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- CIPET ને સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP)થી સહાયતા પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત OPEC, વર્લ્ડ બેંક અને સંયુક્ત રાષ્ટ્ર ઓદ્યોગિક વિકાસ સંગઠન પાસેથી પણ સહાયતા પ્રાપ્ત થાય છે.

## "અગ્નિપ્રસ્થ" મિસાઈલ પાર્ક

- 29 મે, 2020ના રોજ TNS કલિંગમાં "અગ્નિપ્રસ્થ" નામે એક મિસાઈલ પાર્કની આધારીશલા રાખવામાં આવી હતી.
- આ મિસાઈલ પાર્કનો ઉદ્દેશ્ય INS કલિંગના ઈતિહાસ વિશે જાણકારી આપવાનો છે.
- આ મિસાઈલ પાર્કનું મુખ્ય આકર્ષણ P-70 એમેટિસ્ટ છે.
- આ એક એન્ટિ–શિપ મિસાઈલ છે જે પાણી નીચે લોન્ચ કરવામાં આવે છે.
- આ મિસાઈલ પાર્ક એ મિસાઈલો અને મિસાઈલ ટેક્નોલોજીમાં રૂચિ રાખતા લોકો માટે એક પ્રેરક ક્ષેત્ર પણ હશે.
- આ મિસાઈલ પાર્કને અધિકારીઓ, નાવિકો અને અન્ય સહાયક કર્મચારીઓને સમર્પિત કરવામાં આવશે જેમણે INS કલિંગમાં સેવા કરી હોય.
- આ મિસાઈલ પાર્ક એ સૌર ઊર્જા પર કાર્ય કરશે. INS કલિંગમાં 2 મેગાવોટનું સોલાર ફોટો વોલ્ટિક સંયંત્ર પણ લગાવવામાં આવ્યું છે.
- INS કલિંગ ભારતીય નૌસેના પ્રતિષ્ઠાન છે જે પૂર્વી નૌસેના કમાનને રિપોર્ટ કરે છે. તે વિશાખાપટ્ટનમ ખાતે સ્થિત છે.

## રોજગાર સેતુ યોજના

- તાજેતરમાં મધ્યપ્રદેશ સરકાર દ્વારા પ્રવાસી શ્રમિકોની સહાયતા માટે "રોજગાર સેતુ યોજના" લોન્ચ કરી છે.

- આ યોજના એ પ્રવાસી શ્રમિકોને રોજગાર પ્રદાન કરશે.

### રોજગાર સેતુ યોજનાની મુખ્ય બાબતો :

- એવા શ્રમિકોને રોજગાર આપવામાં આવશે જેઓ અન્ય રાજ્યોમાંથી લોકડાઉનના કારણે પોતાના ઘરે પાછા ફર્યા છે.
- આ યોજના અંતર્ગત રાજ્યની જનસંખ્યા પર એક પૂર્ણ સર્વેક્ષણ કરવામાં આવશે. આ સાથે જ શ્રમિકોના કૌશલ્યની પણ ઓળખ કરવામાં આવશે.
- આ યોજનાના માધ્યમથી બધા કૌશલ્ય ધરાવતા શ્રમિકોને એક મંચ પર એકત્રિત કરવામાં આવશે. આથી તેમને એવા લોકો સાથે જોડી શકાય જેઓ આવા કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓની શોધમાં હોય.
- આમ યોજના શ્રમિકો અને નોકરીઓ રાખનાર વ્યક્તિ વચ્ચે સેતુના રૂપમાં કાર્ય કરશે.

## વિશ્વ તમાકૂ નિષેધ દિવસ

- પ્રત્યેક વર્ષે 31 મેના દિવસને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા તમાકૂ નિષેધ દિવસના રૂપમાં મનાવામાં આવે છે.
- આ દિવસ તમાકૂના ઉપયોગ સંબંધિત જોખમો વિશે જાગૃકતા વધારે છે.
- વર્ષ 2020ના વિશ્વ તમાકૂ નિષેધ દિવસની થીમ : યુવાઓની સુરક્ષા (Protecting Youth).
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા 1987માં વિશ્વ તમાકૂ નિષેધ દિવસની પહેલને અપનાવવામાં આવી હતી.
- આ દિવસ તમાકૂના કારણે થતા 8 મિલિયન મૃત્યુ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે.
- વર્ષ 2020ની થીમ એ યુવાઓને નિકોટીન અને તમાકુના ઉપયોગ કરવાથી રોકે છે.

## ધનવંતરી રથ

- કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત શહેરોમાંથી એક અમદાવાદમાં ગુજરાત સરકાર દ્વારા મહામારીથી લડવા ધનવંતરી રથોને ઉતાર્યા છે.
- આ ધનવંતરી રથો એ ચાલતા–ફરતા હોસ્પિટલ છે.
- આ રથ પર ડોકટરો, પેરામેડિકલ સ્ટાફ અને ફાર્માસિસ્ટ હાજર રહે છે.
- શરૂઆતના ચરણમાં 50 રથ ઉતારવામાં આવ્યા છે. આ રથો પહેલેથી નિર્ધારિત જગ્યા પર 2 કલાક સુધી રહી શકે છે. એક દિવસમાં એક રથ 4 જગ્યા પર જઈ શકે છે.

## ઓપરેશન સનરાઈઝ

- 15 મે ના રોજ 22 ઉગ્રવાદીઓને પ્રત્યાર્પણ કરાવીને ભારત લાવવામાં આવ્યા હતાં.
- જે ઉગ્રવાદીઓને પ્રત્યાર્પણ કરીને ભારત લાવવામાં આવેલ છે તેઓ મોસ્ટ વોન્ટેડ સૂચિમાં સમાવિષ્ટ હતા અને તેમાં ઉગ્રવાદી સંગઠનના નેતાઓનો પણ સમાવેશ થાય છે.

### Back to basics : ઓપરેશન સનરાઈઝ વિશે

- મ્યાનમારમાં અલગ અલગ કલસ્ટરમાં ભારતીય ઉગ્રવાદીઓના 40થી વધુ કેંપ સક્રિય છે.
- ભારતીય સેના અને મ્યાનમાર સેના સાથે મળીને "ઓપરેશન સનરાઈઝ" દ્વારા ઉગ્રવાદીઓને સરેંડર કરવા માટે મજબૂર કરી રહી છે.
- ભારતીય સેના અને અસમ રાઈફલ્સ ભારત– મ્યાનમાર બોર્ડર પર સતત ઓપરેશન ચલાવી રહી છે.
- તિરાપ, ચાંગલાંગ, ઉત્તર નાગાલેન્ડ સહિત બધા ક્ષેત્રોમાં સતત ઓપરેશનના કારણે ઉગ્રવાદીઓ માટે મુશ્કેલીઓ થઈ છે આથી તેમણે પોતાનો ઓપરેશન બેઝ મ્યાનમાર શિફ્ટ કરેલ છે.
- આ વર્ષે હજુ સુધી 2259 ઉગ્રવાદીઓ સરેંડર કરી ચૂકયા છે.

## "Catchup" કોલિંગ એપ

- તાજેતરમાં ફેસબુક દ્વારા ઓડિયો કોલિંગ એપ શરૂ કરવામાં આવી હતી.
- આ એપનું નામ "Catchup" કોલિંગ શકય બનશે. એક વખતમાં 8 લોકો ઓડિયો ગ્રુપ કોલમાં જોડાય શકે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- "Catchup" કોલિંગ એપને ફેસબુકની NPE ટીમ દ્વારા વિકસિત કરવામાં આવેલી છે. હાલમાં આ એપને USAમાં ટેસ્ટિંગ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

## પાંચ ભારતીય શાંતિ રક્ષકોને મરણોપરાંત 'ડૈગ હેમરસ્કોલ્ડ પદક''

- પાંચ ભારતીય શાંતિ રક્ષકો સહિત 83 સૈન્ય, પોલીસ અને અસૈન્ય કર્મીઓને મરણોપરાંત પ્રતિષ્ઠિત સંયુક્ત રાષ્ટ્ર પદકથી સમ્માનિત કરવામાં આવશે.
- આ બધા જ લોકો એ સંયુક્ત રાષ્ટ્ર શાંતિ અભિયાનોમાં ભાગ લેતા પાછલા વર્ષમાં પોતાનો જીવ ગુમાવ્યો હતો.
- આ પદકનું નામ સંયુક્ત રષ્ટ્રના બીજા મહાસચિવના નામ પર રાખવામાં આવ્યું હતું જેમની વર્ષ 1961માં એક રહસ્યમય વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું.

### પદક મેળવનાર ભારતીયો :

- દક્ષિણ સુદાનમાં સંયુક્ત રાષ્ટ્ર મિશનમાં સેવા આપતા મેજર રવિ ઈંદર સંધૂ અને સાર્જેંટ લાલ મનોત્રા તરસેમ, લેબનાનમાં સંયુક્ત રાષ્ટ્ર અંતરિમ બળમાં સાર્જેંટ રમેશ સિંહ, UN ડિસએંગેજમેંટમાં ઓબ્ર્સવર ફોર્સમાં કામ કરનાર પી. જોનસમ બેક અને કોંગોમાં સંયુક્ત રાષ્ટ્ર મિશનમાં કામ કરનાર એડવર્ડ એ પિંટોને આ પદક આપવામાં આવશે.

## ઓપરેશન વોર્પ સ્પીડ

- ''ઓપરેશન વોર્પ સ્પીડ'' USAની સંઘીય સરકાર દ્વારા COVID-19નો સામનો કરવા માટે શરૂ કરવામાં આવેલ એક પહેલ છે.
- આ પહેલ એ જાહેર–ખાનગી ભાગીદારીની એક પહેલ છે.
- આ પહેલનો ઉદ્દેશ્ય એ COVID-19 માટે રસી અને નિદાનની પ્રક્રિયાનો સુવિધાજનક અને તેમા ઝડપ લાવવાનો છે.
- આ પહેલ અંતર્ગત રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર, ખાદ્ય અને દવા વહીવટ અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંસ્થા ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## મોંટીનેગ્રો

- મોંટીનેગ્રો એ યુરોપિયન મહાદ્વીપનો પ્રથમ દેશ છે જેણે પોતાને કોરોનાવાયરસથી મુક્ત જાહેર કરેલ છે.
- મોંટીનેગ્રો બાલ્કન દ્વીપકલ્પના તટ પર સ્થિત દક્ષિણ અને દક્ષિણ પૂર્વી યુરોપનો એક દેશ છે.
- મોંટીનેગ્રોનો સીમા વિસ્તાર ઉત્તર પશ્ચિમમાં બોસ્નિયા–હર્મેગોવિના, ઉત્તર–પૂર્વમાં સર્બિયા, પૂર્વમાં કોસોવો, દક્ષિણ–પૂર્વમાં અલ્બાનિયા, દક્ષિણ–પશ્ચિમમાં એડ્રિયાટિક સાગર અને પશ્ચિમમાં ક્રોએશિયા સુધી છે.

## ફોર્બ્સ 2020 સૌથી વધુ કમાણી કરનારા ખેલાડીઓ

- ફોર્બ્સ દ્વારા 2020માં વિશ્વમાં સૌથી વધુ આવક કરનારા ખેલાડીઓની યાદી જાહેર કરવામાં આવી છે.
- ટેનિસ ખેલાડી રોજર ફેડરર એ 106.3 મિલિયન ડોલરની કમાણી સાથે 2020માં સૌથી વધુ આવક મેળવનાર ખેલાડીઓની સૂચિમાં પ્રથમ સ્થાન પર છે.
- વિરાટ કોહલી એ 2.6 કરોડ ડોલરની કુલ કમાણી સાથે સૌથી વધુ આવક મેળવનાર એકમાત્ર ભારતીય છે.
- વિરાટ કોહલી આ યાદીમાં 66માં સ્થાન પર છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT